**આજનો સુવિચાર**

જીવનમાં અભિમાન ઓછું હોવું જોઈએ અને વિચારમાં શક્તિ હોવી જોઈએ

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૨૫ જૂનાગઢ તા.૦૯-૦૫-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 125, Junagadh : Date : 09 May, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### ગુજરાત શિક્ષણ બોર્ડનાં ઈતિહાસમાં સૌપ્રથમવાર વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ અને ગુજકેટનું પરીણામ એક સાથે જાહેર કરાયું

# ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૨.૪૫ ટકા પરીણામ : છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી વધુ

ગાંધીનગર તા. ૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટની પરીક્ષાનું પરિણામ આજરોજ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે આ પરીક્ષાનું પરીણામ ૮૨.૪૫ ટકા આવ્યું છે. ૨૦૨૧માં કોરોના વખતે આવેલા માસ પ્રમોશન સાથેના ૧૦૦ ટકા રીઝલ્ટને બાદ કરતા છેલ્લા ૧૦ વર્ષનું આ સૌથી ઉંચુ પરિણામ છે. અગાઉ માર્ચ ૨૦૧૫માં ૮૬.૧૦ ટકા પરિણામ આવ્યું હતું. બોર્ડ અધ્યક્ષે આજે સવારે પરિણામ જાહેર કરતા તમામ ઉત્તીર્ણ છાત્રોને અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ આ વખતે 'બેસ્ટ ઓફ ટુ' પૂરક પરીક્ષાની તક પણ જાહેરાત કરી હતી. આ વર્ષે પણ સમગ્ર રાજયમાં ૯૨.૮૦ ટકા પરિણામ સાથે મોરબી જિલ્લો ટોપ પર રહ્યો છે. ગત વર્ષે પણ ૮૩.૨૨ ટકા સાથે મોરબી પ્રથમ નંબર પર હતું.

રાજયમાં સૌથી વધુ પરિણામ ૯૭.૯૭ ટકા કુંભારીયા કેન્દ્રનું અને સૌથી ઓછું બોડેલી કેન્દ્રનું ૪૭.૯૮ ટકા આવ્યું છે. જિલ્લામાં સૌથી ઓછું પરિણામ છોટા ઉદેપુર જિલ્લાનું ૫૧.૩૬ ટકા છે. રાજયમાં સુરત કેન્દ્રનું ૮૫.૫૬ ટકા પરિણામ છે અને એ-૧ ગ્રેડમાં ૩૨૮ વિદ્યાર્થી આવ્યા છે. આ વર્ષે વિજ્ઞાન પ્રવાહમાં એ-૧ ગ્રેડના છાત્રોની સંખ્યામાં મોટો વધારો થયો છે. માર્ચ ૨૦૨૩માં આવેલા ૬૫.૫૮ ટકા પરિણામમાં એ-૧ ગ્રેડમાં માત્ર ૬૧ વિદ્યાર્થીઓ હતા તો આ વર્ષે સીધા ચાર આંકડામાં એટલે કે ૧૦૩૪ વિદ્યાર્થીઓ આ ટોપ ગ્રેડમાં સ્થાન પામ્યા છે. એ-૨ ગ્રેડમાં ગત વર્ષે ૧૫૨૩ સામે આ વર્ષે ૮૯૮૩ વિદ્યાર્થીઓને સ્થાન મળ્યું છે. એટલે કે વિદ્યાર્થીઓના ગ્રેડમાં પણ ઉંચા પરિણામ સાથે મોટો સુધારો નોંધાયો છે.

આ વખતે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓની પરિણામની ટકાવારી અંગ્રેજીથી આગળ એટલે કે ૮૨.૯૪ ટકા રહી છે. તો અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનું પરિણામ ૮૧.૯૨ ટકા છે. એ ગ્રુપના વિદ્યાર્થીઓનું પરિણામ ૯૦.૧૧ ટકા અને બી ગ્રુપના વિદ્યાર્થીઓનું ૭૮.૩૪ ટકા છે. એ-બી ગ્રુપનું પરિણામ ૬૮.૪૨ ટકા છે. રાજયમાં ૧૦૦ ટકા પરિણામવાળી શાળા ૨૭માંથી વધીને ૧૨૭ થઈ છે તો ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૭૬માંથી ઘટી માત્ર ૨૭ રહી છે.

## શનિવારે ધો.૧૦નું પરીણામ

ગાંધીનગર તા.૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૪ માં લેવાયેલ ધો.૧૨ ની વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાનાં પરીણામ આજે એક સાથે જાહેર કરી દેવાયા બાદ હવે ધો.૧૦ નું પરીણામ પણ આગામી તા.૧૧ શનિવારે સવારે ૯.૦૦ કલાકે જાહેર કરવામાં આવશે. ધો.૧૦ નું પરીણામ જાહેર થતાં જ રાજયભરનાં ૧૦.૫૦ લાખ વિદ્યાર્થીઓનું શૈક્ષણીક ભાવી ખુલશે.

# ધો.૧૨ સામાન્ય પ્રવાહનું રેકોર્ડબ્રેક ૯૧.૯૩ ટકા પરીણામ



ગાંધીનગર તા. ૯

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવામાં આવેલી ધો.૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનીયાદી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમ પરીક્ષાનું આજે ઉદાર અને છેલ્લા દાયકાનું વિક્રમી સૌથી વધુ ૯૧.૯૩ ટકા પરિણામ જાહેર થયું છે. વિદ્યાર્થીઓને મહેનતના આધારે ખોબલે ખોબલે માર્ક મળ્યા છે અને આ પરિણામમાં પણ સૌરાષ્ટ્રનો દબદબો હોય તેમ સૌથી ઉંચુ પરિણામ બોટાદ જિલ્લાનું ૯૬.૪૦ ટકા આવ્યું છે.

રાજયમાં આ વર્ષે એ-૧ ગ્રેડમાં ૫૫૨૨ વિદ્યાર્થીને સ્થાન મળ્યું છે તો ૪૨૭૯૯ વિદ્યાર્થી એ-૨ ગ્રેડમાં અને ૮૨૫૪૪ બી-૧ ગ્રેડમાં સ્થાન મેળવી શકયા છે. સુરતનું પરિણામ ૯૩.૩૮ ટકા છે અને સૌથી વધુ આ જિલ્લાના ૧૭૦૩ છાત્ર એ-૧ ગ્રેડમાં આવ્યા છે. આ બાદ ૯૩.૨૯ ટકાવાળા રાજકોટ જિલ્લાના ૮૮૯ વિદ્યાર્થીને આ ટોપ ગ્રેડમાં સ્થાન મળ્યું છે. રાજયમાં સૌથી ઉંચુ પરિણામ બોટાદનું છે તો સૌથી નીચુ પરિણામ જિલ્લામાં જુનાગઢનું ૮૪.૮૧ ટકા આવ્યું છે. શિક્ષણ બોર્ડે વધુ વિગત જાહેર કરતા જણાવ્યું હતું કે, સૌથી વધુ પરિણામ છાલા કેન્દ્રનું ૯૯.૬૧ ટકા અને સૌથી ઓછું ખાવડા કેન્દ્રનું ૫૧.૧૧ ટકા આવ્યું છે. ૧૦૦ ટકા પરિણામવાળી શાળાઓની સંખ્યા ૩૧૧માંથી વધીને ૧૬૦૯ થઈ છે. તો ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ગત વર્ષમાં ૪૪ ઘટીને ૧૯ થઈ છે. વિદ્યાર્થીઓનું પરિણામ ૮૯.૪૫ ટકા અને વિદ્યાર્થીનીઓનું પરિણામ ૯૪.૩૬ ટકા આવ્યું છે. આ વર્ષે ગેરરીતિના કેસ પણ ઘટીને ૨૩૮ નોંધાયા હતા. એકંદરે સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૨ ટકા, વ્ય. પ્રવાહનું ૮૯.૩૫ ટકા અને ઉ.ઉ.બુનીયાદી પ્રવાહનું ૯૩.૮૫ ટકા આવ્યું છે. આમ આ વર્ષે પરિણામે વિદ્યાર્થીઓને આનંદ કરાવી દીધો છે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૫૦૨ કેન્દ્ર પર લેવામાં આવી હતી. આ પરીક્ષામાં ૩૭૯૭૫૯ નિયમિત ઉમેદવારો નોંધાયા હતા. જે પૈકી ૩૭૮૨૬૮ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી ૩૪૭૭૩૮ પરીક્ષાર્થીઓ ઉતીર્ણ થયેલ છે. નિયમિત ઉમેદવારોનું પરિણામ ૯૧.૯૩ ટકા આવેલ છે

જયારે અગાઉના વર્ષના ઉતીર્ણ ન થયા હોય તેવા પુનરાવર્તિત ઉમેદવારો તરીકે ૬૧૧૮૨ ઉમેદવારો નોંધાયેલા હતા. તે પૈકી ૫૯૧૩૭ ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી ૨૯૧૭૯ ઉમેદવારો સફળ થયા છે. આમ પુનરાવર્તિત ઉમેદવારોનું પરિણામ ૪૯.૩૪ ટકા આવેલ છે

## ભારતમાં ડિમેટ ખાતાઓની સંખ્યા ૧૫ કરોડને વટાવી ગઈ

મુંબઈ તા. ૯ : ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં શેર અને અન્ય સિક્યોરિટીઝ રાખવા માટે જરૂરી ડીમેટ ખાતાઓની સંખ્યામાં એપ્રિલમાં ૩૧ લાખનો વધારો થયો છે અને ડીમેટ ખાતાઓની કુલ સંખ્યા ૧૫.૪૫ કરોડની નવી વિક્રમી ઊંચી સપાટીએ પહોંચી છે. ગત વર્ષે ડિસેમ્બરથી નવા ખાતાઓનો ઉમેરો સતત ૩૦ લાખથી વધુ થઈ રહ્યો છે. તે દર્શાવે છે કે ઉતાર-ચઢાવ છતાં શેરબજાર સતત નવા રોકાણકારોને આકર્ષી રહ્યું છે.

ખાતાઓની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી મોટી ડિપોઝિટરી સીડીએસએલના એમડી અને સીઈઓ નેહલ વોરાએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૪ ના ચોથા ત્રિમાસિક ગાળામાં ૧ કરોડથી વધુ ડીમેટ ખાતા ખોલવામાં આવ્યા હતા, જે અમારી સ્થાપના પછીના કોઈપણ ક્વાર્ટરમાં સૌથી મોટો આંકડો છે. કંપની આવી સિદ્ધિ ભારતીય મૂડીબજારોમાં વધતા વિશ્વાસને દર્શાવે છે.

બજારના સહભાગીઓએ જણાવ્યું હતું કે ડીમેટ ખાતા ઉમેરવાની ગતિ બજારોની સ્થિરતા માટે પ્રોત્સાહક સંકેત છે કારણ કે નવા રોકાણકારો પણ રોકાણ લાવશે.

## નોટબંધી બાદ પ્રથમ વખત રોકડ નાણાંકીય વ્યવહારોનો વૃધ્ધિદર ઘટયો : ડીઝીટલ પેમેન્ટ હવે લોકોની પસંદ



નવી દિલ્હીઃ ૨૦૧૬માં નોટબંધી અને રૂા.૫૦૦-૧૦૦૦ની ચલણી નોટો પાછી ખેંચીને મોદી સરકારે રોકડ-નાણાના ચલણને આંચકો આપવા પ્રયાસ કરીને એક તરફ કાળા નાણાનો ઉપયોગ ઘટાડવા ઉપરાંત લોકો ડીજીટલ વ્યવહારો ભણી વાળીને બેન્કીંગ સહિતની સીસ્ટમ મારફત નાણાકીય વ્યવહારો વધે તે માટેના કરેલા પ્રયાસો હવે ૮ વર્ષે રંગ લાવી રહ્યા છે. નોટબંધી બાદ પ્રથમ વખત સીસ્ટમમાં કરન્સી સર્કયુલેશન એટલે કે રોકડ વ્યવહારનો વૃદ્ધિ દર સૌથી ઓછો રહ્યો છે તો તેની સામે યુપીઆઈ-ડેબીટ-ક્રેડીટ કાર્ડથી થતા વ્યવહારોમાં વધારો થયો છે. નોટબંધી બાદ મોદી સરકારે રૂા.૨૦૦૦ની ચલણી નોટો નવા ચલણ તરીકે દાખલા કરી તેને બાદમાં રૂા.૫૦૦ની નવી નોટો પણ દાખલ કરી અને રૂા.૨૦૦ની નોટોનું ચલણ પણ દાખલ કર્યુ પછી ફરી એક વખત સીસ્ટમમાં રોકડનું પ્રમાણ સતત વધતુ જતુ રહ્યું હતું અને માર્ચ ૨૦૨૩ના રૂા.૩૩.૭૮ લાખ કરોડ પહોચી ગયું હતું.

જે નોટબંધી સમય પુર્વેથી લગભગ ડબલ થયુ હતું પણ હવે તેની વૃદ્ધિ દરને બ્રેક લાગી છે. ૨૦૧૭ પછી પ્રથમ વખત નાણાકીય ૨૦૨૪ (માર્ચ ૨૦૨૪)ના અંતે કરન્સી સર્કયુલેશન વૃદ્ધિદર સૌથી નીચો ૧.૪ લાખ કરોડ નોંધાયો છે જે ૨૦૨૩ના રૂા.૨.૪ લાખ કરોડથી ઓછો છે. આમ લોકો હવે રોકડના બદલે ડીજીટલ મનીનો ઉપયોગ વધારવા લાગ્યા છે.

બેન્કીંગ ક્ષેત્રના નિષ્ણાંતો આ માટે ગત વર્ષે કેન્દ્ર સરકારે રૂા.૨૦૦૦ની જે ચલણી નોટ સર્કયુલેશનમાંથી પાછી ખેંચી તેને પણ એક મહત્વનું કારણ ગણે છે તો બીજી તરફ ક્રેડીટ-ડેબીટ કાર્ડ અને યુપીઆઈ પેમેન્ટ ધીમી પણ મકકમ ગતિએ વધી રહ્યા છે. લોકો હવે ડીજીટલ પેમેન્ટના પ્લેટફોર્મ ભણી વધવા લાગ્યા છે.

## બટાકા, ટમેટા, ડુંગળીનાં ભાવમાં વધારો થતાં શાકાહારી થાળી મોંઘી થઈ



નવી દિલ્હી તા. ૯ : ક્રિસિલના રિપોર્ટ અનુસાર, એક વર્ષ પહેલાની સરખામણીએ આ વર્ષે એપ્રિલમાં ડુંગળીના ભાવમાં ૪૧ ટકા, ટામેટાંના ભાવમાં ૪૦ ટકા અને બટાકાના ભાવમાં ૩૮ ટકાનો વધારો થયો છે. રવિ પાક નિષ્ફળ જવાને કારણે ડુંગળીની આવક ઘટી હતી, જેના કારણે ભાવમાં વધારો થયો હતો.

ડુંગળી, ટામેટા અને બટાકાના ભાવમાં વધારાને કારણે શાકાહારી થાળી ૮ ટકા મોંઘી થઈ છે. ક્રિસિલના અહેવાલ મુજબ, આ વર્ષે એપ્રિલમાં શાકાહારી થાળીની કિંમત રૂ. ૨૭.૪ હતી, જે એક વર્ષ અગાઉ સમાન સમયગાળામાં રૂ. ૨૫.૪૦ હતી. આ વર્ષે માર્ચમાં તે રૂ. ૨૭.૩ હતો.

## એર ઈન્ડિયા એકસપ્રેસે કડક કાર્યવાહી કરી ૨૫ કર્મચારીઓને બરતરફ કરી નાખ્યા

નવી દિલ્હી, તા.૯ઃ એર ઈન્ડીયા એક્સપ્રેસે માંદગીની રજા લઈ રહેલા કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરી છે. એરલાઈને ૨૫ કર્મચારીઓને બરતરફ કર્યા છે. સૂત્રોએ આ માહિતી આપી છે. મોટી સંખ્યામાં ક્રૂ મેમ્બરોએ માંદગીની રજા લેવાના કારણે એરલાઇનની ૯૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું કે એર ઈન્ડીયા એક્સપ્રેસ એરલાઈન્સના લગભગ ૨૫ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. આ કેબિન ક્રૂ મેમ્બર્સ કામ પર આવ્યા નહી જેના કારણે હજારો મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. એરલાઈને બુધવારે કહ્યું હતું કે તેના ઘણા વરિષ્ઠ ક્રૂ મેમ્બરોએ અચાનક માંદગીની રજા લઈ લીધી છે. મંગળવારે રાત્રે શરૂ થયેલો આ ક્રમ બુધવાર સુધી ચાલુ રહ્યો હતો. જેના કારણે એરલાઈને ૯૦થી વધુ ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટીક ફ્લાઈટ્સ કેન્સલ કરવી પડી હતી. સિવિલ એવિએશન ઓથોરિટી આ મામલે તપાસ કરી રહી છે.

## કોરોનામાં જરૂર વગર એન્ટીબાયોટીકનાં ડોઝ આપવામાં આવ્યા હતા : WHO

વોશિંગ્ટન,તા. ૯ઃ વિશ્વ આરોગ્ય સંસ્થાના તાજેતરના અભ્યાસમાં કોરોના દરમિયાન એન્ટી બાયોટિક દવાના વધુ ઉપયોગ અંગે ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યો છે. ઓવર એન્ટીબાયોટિકસથી સુપર બગ એટલે કે એન્ટીબાઈક્રોબિયલ રેજિસ્ટેંસ (એએમઆર)ને વધુ ફેલાવી દીધો છે. એએમઆર પ્રતિકારાત્મક ક્ષમતા છે જે વધુ પ્રમાણમાં એન્ટીબાયોટિક શરીરમાં પેદા થવાથી થાય છે.

આના કારણે શરીર પર દવાઓ ખાસ કરીને એન્ટીબાયોટિકસની અસર ઓછી થઈ જાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા અનુસાર દુનિયા ભરમાં જે લોકો કોવિડ પોઝિટિવ થયેલા લોકો હોસ્પીટલમાં ભરતી થયેલા હતા તેમાંથી માંથી માત્ર ૮ ટકાને બેકટેરિયલ સંક્રમણ થયું હતું જેમને ખાસ તો એન્ટી બાયોટિકસની જરુર હતી,

જયારે વધારાની તકેદારીના ભાગરુપે ૭૫ ટકા દર્દીઓને એન્ટીબાયોટિક દવાઓના ડોઝ આપવામાં આવ્યા હતા. પશ્ચિમ પ્રશાંત ક્ષેત્રમાં સૌથી ઓછી લગભગ ૩૩ ટકા દર્દીઓને એન્ટીબાયોટિક આપવામાં આવી હતી.જયારે આફ્રિકાના દેશોમાં આનું પ્રમાણ ૮૩ ટકા જેટલું હતું.૨૦૨૦ થી ૨૦૨૨ દરમિયાન યુરોપ અને અમેરિકામાં તબીબોએ દર્દીઓએ સૌથી વધુ એન્ટીબાયોટિક દવાઓ લખી આપી હતી.

## સ્પેમ કોલ અને મેસેજ પર અંકુશ મુકવા ટ્રાઈ કડક નિયમો લાગુ કરશે

નવીદિલ્હી તા.૯

ટેલિકોમ વિભાગ દેશભરમાં સ્પેમ કોલ અને એસએમએસ પર અંકુશ લગાવવા માટે મજબૂત યોજના તૈયાર કરવામાં લાગી ગયું છે. તેના માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત ડિઝીટલ સહમતી મંચ (ડીસીએ) સાથે ટેલિકોમ કંપનીઓને ફરજિયાત જોડવામાં આવશે. સાથે જ ચક્ષુ પોર્ટલને અપડેટ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ટ્રાઈએ સ્પેમ અને મોટી માત્રામાં થતાં ટેલિ કોલીંગ પર અંકુશ માટે આ ડીસીએ મંચ લાગુ કરવાનો આદેશ આપ્યો હતો. ડીસીએ કોઈ કંપની કે કારોબાર સાથે વાણિજિયક કોલ કે એસએમએસ મેળવવા માટે ગ્રાહકો દ્વારા આપવામાં આવેલી સહમતી મેળવવા, તેને જાળવી રાખવા અને રદ કરવા માટે એકિકૃત મંચ છે તેને એટલા માટે લાવવામાં આવ્યું છે કે ગ્રાહક પાસે એ નિયંત્રણ રહે કે કોણ તેને સંદેશ મોકલી શકે અને કોણ નહીં. કંપનીઓ કે વ્યવસાય કોઈ ટેલિ માર્કેટ સાથે જથ્થાબંધ મોકલવામાં આવતા એસએમએસ ખરીદી લે છે અને તેના માધ્યમથી આમ લોકોને મેસેજ મોકલે છે. એનું પરિણામ એ આવે છે કે એકસેલ પ્રોવાઈડર જેવું દૂર સંચાર સેવા આપનાર સહમતીની સત્યતાની તપાસ નથી કરી શકતું.


**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**

**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**

**ખોડલધામ ટુર**

**મથુરભાઈ વાગડીયા**
**જૂનાગઢ. મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭**

**(૧) ચાલો ઉત્તરાખંડ ચારધામ**
ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, ગોકુલ, મથુરા,
પ્ર. દિવ. ૧૮ ઉ. તા. ૧૫-૫-૨૦૨૪

**(૨) ચાલો અમરનાથ બર્ફિલા મહાદેવ**
વૈશ્નોદેવી, શ્રીનગર, અમૃતસર, વાઘા બોર્ડર
પ્ર. દિવ. ૧૫ ઉ. તા. ૧-૭-૨૦૨૪

**(૩) ચાલો અયોધ્યા બનારસ ગયા**
ઉજ્જૈન, ચિત્રકુટ, અલહાબાદ, હરીદ્વાર, ગોકુલ, મથુરા, પૂષ્કર, શ્રીનાથજી
પ્ર.દિવ.૧૫ ઉ. દરમહિને

**ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે**

૪ રૂમ, ૨ સંડાસ, - ૨ બાથરૂમ
પ્રાઈવેટ પાણીનાં બોર સાથે
બસસ્ટેન્ડની બાજુમાં, ગીરીરાજ રોડ,
મોહનનગર, જૂનાગઢ

**: સંપર્ક :**
**નિલેશભાઈ મિસ્ત્રી - જૂનાગઢ**
**મો. ૮૪૯૦૮ ૬૬૬૩૦**
**(લાલાભાઈ ધ્રાંગધ્રા)**
**મો. ૯૯૭૯૪ ૫૮૬૦૦**

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

Since 1983

**શંખ મસાલા**
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩


• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



### જુનિ.-સિનિયર કેજી તો મશરૂમની જેમ નીકળી આવ્યા છેઃ સરકાર

# આપણામાંથી અનેક લોકો કે.જી. કર્યા વિના જ સીધા ધોરણ-૧માં ભણ્યા હતાઃ હાઇકોર્ટ

## ૭ વર્ષની બાળકીને કે.જી. નહીં પણ સીધા ધો.૧માં પ્રવેશના શાળાના આગ્રહ સામે હાઈકોર્ટમાં રિટ પિટિશન



અમદાવાદ,તા.૯

ધો.૧માં પ્રવેશની ૭ વર્ષની વયમર્યાદાના નિયમને સાંકળી લેતો એક અત્યંત રસપ્રદ કેસ હાઈકોર્ટ સમક્ષ આવ્યો છે. જેમાં એવો વિશાળ કાનૂની સવાલ ઊઠાવાયો છે કે જો કોઈ બાળક ૭ વર્ષનું હોય અને તેણે કે.જી.ના વર્ગ ન ભર્યા તો શું એને સીધા ધો.૧માં જ પ્રવેશ આપવાનો આગ્રહ શાળા કરી શકે? ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ દ્વારા ૭ વર્ષ ત્રણ મહિનાની બાળકીને કે.જી.માં પ્રવેશનો ઈનકાર કરી તેને સીધા ધો.૧માં પ્રવેશનો આગ્રહ કરતાં આ મામલે હાઈકોર્ટમાં રિટ થઈ છે. જેની સુનાવણીમાં જસ્ટિસ નિખિલ કરિઅલે એવી ટકોર કરી હતી કે,'આપણામાંથી અનેક લોકો કે.જી. કર્યા વિના જ સીધા ધો.૧માં ભણ્યા હતા. જુનિયર કેજી અને સિનિયર કેજી જેવા ટ્રેન્ડ તો હવે આવ્યા છે.' કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ કરિઅલે એવી ટકોર પણ કરી હતી કે,'આ કેસ અત્યંત સંવેદનશીલ છે. તેથી હાલ વચગાળાની રાહત આપી શકાય નહીં. કેસના મુખ્ય મુદ્દાનો નિકાલ કર્યા સિવાય જો વચગાળાના આદેશ કરી દેવામાં આવે તો દેશભરમાં હજારો-લાખો વાલીઓ હાઈકોર્ટના આદેશને ટાંકીને અરજીઓ કરશે અને એ એક ડિઝાસ્ટર થશે.' કોર્ટે એવી ટકોર પણ કરી હતી કે,'શું આરટીઈ એક્ટ 'રિવર્સ કટ-ઓફ'ની પરિકલ્પના કરે છે કે કેમ એવો સવાલ આ કેસમાં ઊભો થયો છે. જે વિસ્તૃત કાયદાકીય છણાવટ માગી લેતો મુદ્દો છે. તેથી એમાં લંબાણપૂર્વકની સુનાવણીની જરૂર છે.' હાઈકોર્ટે આદેશ કર્યો હતો કે, 'અરજદારની રજૂઆત છે કે અરજદાર માઈનર બાળકીને શાળા દ્વારા કિન્ડર ગાર્ડનમાં જોડાવવાની મંજૂરી અપાઈ નથી. બાળકી ૭ વર્ષની છે અને તેણે કેજી ન કર્યું હોવા છતાંય તેને સીધા ધો.૧માં જ પ્રવેશનો આગ્રહ શાળા દ્વારા કરાયો છે. બીજી તરફ સરકારનું કહેવું છે કે આરટીઈની ધારા ૨(ક) (૩) (૪) (૫)ને વાંચવામાં આવે તો ૭ વર્ષથી મોટી વયના બાળકને એની ઉંમર પ્રમાણેના વર્ગ (એજ એપ્રોપિએટ ક્લાસ)માં પ્રવેશ આપવાની જોગવાઈ છે. તેથી શાળાએ કોઈ ભૂલ કરી હોવાનું જણાતું નથી. આ રજૂઆતને ધ્યાનમાં લેતાં જણાય છે કે પ્રસ્તુત કેસની અસર સમગ્ર દેશ ઉપર પડી શકે તેમ છે. તેથી કોર્ટ હાલના તબક્કે કોઈ વચગાળાની રાહત આપી શકે નહીં. જોકે સરકાર તરફથી અપાયેલી બાહેંધરી મુજબ ડીઈઓ મહેસાણા સુનિશ્ચિત કરશે કે જો જરૂર જણાય તો શાળા દ્વારા બાળકીને સ્પેશિયલ ટ્રેનિંગ અપાશે.' હાઈકોર્ટે વધુ સુનાવણી ૨૯ જુલાઈએ મુકરર કરી છે. બાળકીના વાલી તરફથી રિટ થઈ હતી. જેમાં એડવોકેટે દલીલ કરી હતી કે,'ધો.૧માં કોઈ બેઝિક લર્નિંગ હોતું નથી અને તેથી બાળકને જુનિયર કે સિનિયર કેજીમાં ફરજિયાતપણે જવું જ પડે છે. આવા તબક્કે જો બાળકે કેજીમાં અભ્યાસ ન કર્યો હોય અને તેને સીધા ધો.૧માં પ્રવેશ અપાય તો એના માટે એ મોટું નુકસાન થશે.' સરકારની દલીલ હતી કે,'આરટીઈના કાયદામાં એજ એપ્રોપિએટ એડમિશનની જોગવાઈ છે. બાળકની ક્ષમતાનું મૂલ્યાંકન કર્યા બાદ તેને સ્પેશિયલ ટ્રેનિંગ આપીને ધો.૧માં સમાવી લેવામાં આવે છે. અગાઉ પણ શાળાઓમાં ડબલ પ્રમોશનની પ્રથા હતી.' સરકારે એક તબક્કે એવી રજૂઆત કરી હતી કે,'પ્રસ્તુત કેસમાં બાળકીની ઉંમર ૭ વર્ષ અને ત્રણ મહિના છે. તેથી કાયદા મુજબ તેને કેજીમાં જવાની કોઈ જરૂર જ નથી. જુનિયર અને સિનિયર કેજી આજકાલ મશરુમની જેમ ફાટી નીકળ્યા છે અને વાલીઓના મગજમાં એ ઘૂસાડી દેવામાં આવ્યું છે.'

# જૂનાગઢમાં હુઝુર અમીરે અહલે સુન્નતનો (૨૬)મો ઉર્ષ શરીફ દબદબા ભેર સંપન્ન થયો

જૂનાગઢ તા.૯

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ રિય્યાહ તથા અમીરે અહલે સુન્નત એકેડમી દ્વારા આયોજીત મું. તા. ૨૪-૨૫ શવ્વાલ અંગ્રેજી તા. ૪-૫-૨૦૨૪ શનિવાર તથા ૫-૫-૨૦૨૪ રવિવારના રોજ જૂનાગઢની ધરતી ઉપર મઝ્ઝુમે સૌરાષ્ટ્ર અમીરે અહલે સુન્નત, શૈખે શરીઅત, મખ્ખને રૂહાનીયત, ફનાફિશૈખ હઝરત અલ્લામાં અલ્હાજ પીર નુરમુહંમદ મારફાની સાહબ ખલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દુ અલયહીર્રહમાં નો (૨૬) મો વાર્ષિક ઉર્સ શરીફ પીરે તરીકત આમીલે શરીઅત હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં અલ્હાજ ગુલઝાર અહમદ સાહેબ નૂરી મદઝીલ્લહુલ આલી સજ્જાદાહનશીન ખાનકોહે રઝવિય્યાહ નૂરીય્યાહની ઝેરે સદારતમાં આસ્તાન એ આલિય્યાહ હુઝુર અમીરે અહલે સુન્નત તથા મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં અદબો એહતરામ સાથે મનાવવમાં આવેલ જેમાં તા. ૪-૫-૨૦૨૪ શનિવારે રાત્રે ઈશાંની નમાઝ બાદ આસ્તાન એ અમીરે અહલે સુન્નત પર ખભે કાદરીયાહ શરીફ, નાત શરીફ, સજરા શરીફ, નાતો-મનકબત બાદ મૌલાના જમીલ એહમદ સાહબ મુન્શીએ શાનદાર તકરીર ફરમાવી હતી. તા. ૫-૫-૨૦૨૪ રવિવારના રોજ સાંજે અસરની નમાઝ પછી આસ્તાન એ અમીરે અહલે સુન્નત પર ખભે કુંઆન ખ્વાની નાત શરીફ સલાતો સલામ તથા ચાદર પોશી બાદ માહીરે ઉલુમે શરીઅત હઝરત મુફતી હસીબુર્રહમાન સાહેબ નૂરી એ દુઆએ ખૈર ફરમાવી હતી.

સાંજે મગરીબની નમાઝ બાદ મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં દારૂલ ઉલુમ અન્નારે મુસ્તફાના મુદીંસ મૌલાના કારી નિયાઝ એહમદ સાહેબ મુસ્તફાઈ એ તેમના બેહતરીન અંદાઝમાં તિલાવતે કુંઆનથી જલ્સાની શરૂઆત કરેલ. ત્યાર બાદ દારૂલ ઉલુમ અન્નારે મુસ્તફાના મુદર્રીસ આલે નબી, ઔલાદે અલી હઝરત સૈયદ મોહંમદ સાજીદ બાપુ મુસ્તફાઈએ હુઝુર અમીરે એહલે સુન્નતની હયાતે ઝિંદગીની ખિદમત અને કરામતો પર શાનદાર તકરીર કરી હતી. ત્યાર બાદ બુલબુલે બાગે મદીના જનાબ મોહંમદ તૌહીદ રઝાએ તેમના અનોખા અંદાઝમાં નાતે મુસ્તફા તથા હુઝુર અમીરે અહલે સુન્નતની શાનમાં મનકબત પેશ કરી હતી. ત્યાર બાદ ખતીબે ઝિશાન મૌલાના કારી હબીબુલ્લાહ સાહબ મિસ્બાહીએ હુઝુર મુફતીએ આઝમે હિન્દુ અલયહીર્રહમાં એ લખેલી નાત શરીફ "તું શએ રિસાલત હૈ આલમ તેરા પરવાના" તેમના નિરાલા અંદાઝમાં પેશ કરી અને જણાવ્યુ હતું કે આ નાત શરીફ હુઝુર મુફતીએ આઝમે હિન્દુ અલયહીર્રહમાંએ જુનાગઢની ધરતી પર હઝરત જમીયલશાહ દાતાર રહમતુલ્લાહી તઆલા અલયહના પહાડ પર ચશ્માની નજીક બેસીને (૧૯૪૭) લખી હતી. અને આ નાત શરીફ સૌથી પહેલા હુઝુર મુફતીએ આઝમે હિન્દુ અને ઓલમાએ કિરામની હાજરીમાં પહવાનો મૌકો હુઝુર અલ્લામાં પીર નુરમુહંમદ મારફાની સાહબ અલયહીર્રહમાંને પ્રાપ્ત થયેલ.

ત્યાર બાદ રતનપુર થી પધારેલા ખલીફએ હુઝુર તાજુશ્રીયાહ હઝરત મૌલાના મુફતી મુહંમદ અશરફ રઝા સાહેબ બુરહાનીએ હુઝુર પીર મારફાની સાહેબ અલયહીર્રહમાં ના ઈલ્મી મકામ આપની તકવા પરહેઝગારી અને ખિદમતે ખલ્ક તથા આપે આપની હયાતે ઝિન્દગીમાં ગુમરાહ ફિરકાઓનો આપ આપની તકરીરો તથા તહરીરો દ્વારા દનદા શિકન જવાબ આપતા હતા. તેમજ હુઝુર શેર બે શએ અહલે સુન્નત અને હિન્દુસ્તાનના અકાબિર ઉષ્માએ કિરામને બોલાવી સૌરાષ્ટ્ર અને ખાસ કરીને જુનાગઢના મુસલમાનોના ઈમાનો અકીદાની હિફાઝત ફરમાવી આ ખિદમાતોથી ખુશ થઈ હુઝુર મુફતીએ આઝમે હિન્દુ અલયહીર્રહમાં એ બરેલી શરીફથી ખાસ હુઝુર તાજુશ્કરીઆ મારફત આપને તા. ૧૨-૭-૧૯૭૯ ગુરૂવારે જુનાગઢમાં યોજાયેલ એક તારીખી ઈજલાસમાં અમીરે અહલે સુન્નતનો ખિતાબ અર્પણ કરેલ. હઝરત મુફતી સાહેબે આપના બયાનમાં જણાવેલ કે હઝરત મારફાની સાહેબ અલયહીર્રહમાં વિલાયતના ઉચ્ચ મકામ ઉપર ફાઈઝ હતા કે હઝરત પીર સાહેબ જુનાગઢમાં હોવા છતાં આપના અનેક મુરીદોએ આપને હજના દિવસોમાં મદીના શરીફ રિયાઝુલ જન્નહમાં નમાઝ પઢતા જોયેલ તેમજ આપે આપના વિસાલના એક મહીના પહેલે થી જ આપના વિસાલની તારીખ તથા સમય આપે આપના મુરીદો તેમજ ચાહવાવાળામાં આપના સાહેબઝાદા હઝરત ગુલઝાર બાપુ નૂરી, પ્રોફેસર જનાબ મેમન સાહેબ, જનાબ અ. રહીમભાઈ બેલીમ, જનાબ અ. મજીદભાઈ રઝવી-નાયગાંવ, જનાબ અહમદભાઈ બરકાતી-ગોંડલ વગેરે અનેક લોકોને આપી દીધી હતી તેવા રોશન ઝમીર પીર અને અલ્લાહના વલી શહેરે જુનાગઢ મોહલ્લા ઉધીવાડામાં આરામ ફરમાવી રહ્યા છે. અલ્લાહ પાક હઝરત પીર સાહેબના ફૈઝાનથી તમામ મુરીદો ચાહવાવાળાઓને માલામાલ ફરમાવે. રાત્રે ૧૦ વાગ્યે ઈશાંની નમાઝ જમાઅત સાથે અદા કરવામાં આવેલ. સલાતો સલામ બાદ હુઝુર ગુલઝારે મિલ્લત મઝિલ્લહુલ આલીએ રીફકત અંગેઝ દુઆ ફરમાવી હતી. જલ્સો પૂર્ણ થયા બાદ હાઝરીને જલ્સાને ન્યાઝ (લંગરે નૂરી) જમાડવામાં આવેલ.

આ ઉર્સ શરીફના મુબારક મૌકા પર માહીરે ઉલુમે શરીઅત હઝરત મુફતી હસીબુર્રહમાન સાહેબ નૂરી તથા દારૂલ ઉલુમ અન્નારે મુસ્તફાના તમામ મુદર્રીસો તથા મોટી સંખ્યામાં ઉષ્માએ કિરામ, સાદાતે ઝવિલ એહતરામ, મસ્જીદોના ઈમામ સાહેબો, મુરીદીન તથા મોઅતકેદીનોએ હાજરી આપી હુઝુર અમીરે અહલે સુન્નત અલયહીર્રહમાં ના ફૈઝાનથી માલામાલ થયેલ.

# ખંભાળિયાના કંચનપુર ગામે શનિવારે ઉર્ષ મુબારકનું આયોજન

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ખંભાળિયા નજીક આવેલા કંચનપુર ખાતે સમસ્ત સુન્ની મુસ્લિમ સુમરા જમાત દ્વારા આગામી શનિવાર તારીખ ૧૧ ના રોજ હઝરત નાથનશાહ વલી આશહાબા પીરના ૨૩ મા ઉર્ષ મુબારકનું આયોજન કરવામાં આવ્યું છે.


આ પ્રસંગે કંચનપુર (કરમદી) ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ શનિવારે સાંજે ચાર વાગે ઘોડાની રેસ યોજવામાં આવશે. આ પૂર્વે બપોરે અઢી વાગ્યે કંચનપુર ગામમાંથી દરગાહ શરીફ સુધી સંદલ શરીફ તેમજ ચાર વાગ્યે ચાદર શરીફ બાદ સાંજે પાંચ વાગ્યે આમ ન્યાઝનું આયોજન કરવામાં આવ્યું છે. ઉર્ષ મુબારકની પૂર્વ સંધ્યાએ શુક્રવાર તારીખ ૧૦ ના રોજ રાત્રે ઈસાની નમાઝ બાદ મુકરીરે ખાસ આયોજનમાં સૈયદ હાજી અબ્દુલ કાદિર બાપુ, સૈયદ ફહીમુદીન અશ્નર પેશઈમામ, મૌલાના અહેમદરઝા સાહેબ શાનદાર તકરીર ફરમાવશે.

આયોજનના અંતમાં શનિવારે રાત્રે ૧૦ વાગ્યે મશહૂર કવ્વાલ સાથેના કવ્વાલી મુકાબલાનું પણ આયોજન થયું છે. જેમાં સહભાગી થવા સમસ્ત સુન્ની મુસ્લિમ સુમરા જમાત - કંચનપુર દ્વારા અપીલ કરવામાં આવી છે.

### આગોતરા જામીન અરજી રદ કરતાં હાઈકોર્ટનું અવલોકન

# પત્ની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય ગંભીર અપરાધ, પતિને જામીન ન મળેઃ હાઈકોર્ટ

## મહિલા વિરુદ્ધ આવા ગંભીર અને જઘન્ય અપરાધ કરનારા આરોપીને કોઈ રાહત આપી શકાય નહીં



અમદાવાદ, તા.૯


પત્નીને ત્રાસ આપી તેને તરછોડી મૂકવા ઉપરાંત પતિ તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરે એ અત્યંત જઘન્ય ગુનો ગણાય અને પતિને આવા ગુનામાં આગોતરા જામીન મળી શકે નહીં, એવું મહત્ત્વપૂર્ણ અવલોકન હાઈકોર્ટે કર્યો છે. વટવા પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ પત્નીએ કરેલી ફરિયાદમાં થયેલી આગોતરા જામીન અરજી હાઈકોર્ટે ફગાવી કાઢી હતી. જસ્ટિસ જે.સી. દોશીએ જામીન નહીં આપવાનું ઠરાવતાં અવલોકન કર્યું હતું કે,'પ્રસ્તુત કેસમાં પત્ની વિરુદ્ધ પતિના જઘન્ય અપરાધને ધ્યાને લેતાં હાઈકોર્ટે તેના વિશિષ્ટ અધિકારોનો ઉપયોગ કરી તેને કોઈ પણ પ્રકારની રાહત આપી શકે નહીં. તેની જામીન અરજી રદ કરવામાં આવે છે.' પતિએ ધરપકડથી બચવા કરેલી જામીન અરજી અગાઉ કોર્ટે ફગાવી દેતાં, તેણે ફરીવાર આગોતરા જામીન મેળવવા સકસેસિવ અરજી કરી હતી. હાઈકોર્ટે નોંધ્યું હતું કે,'જો એક વાર આરોપીની પ્રિ-એરેસ્ટ જામીન રદ કરી દેવામાં આવે ત્યારબાદ જો અગાઉના સંજોગોમાં કોઈ ફેરફાર ન થયા હોય એ સિવાય આરોપી સકસેસિવ જામીન અરજી કરી શકે નહીં. પ્રસ્તુત કેસમાં આરોપીના એડવોકેટ દ્વારા ક્યાંય પણ એ પ્રસ્થાપિત કરાયું નથી, કે અગાઉની જામીન અરજીમાં હાલની જામીન અરજી દરમિયાન સંજોગોમાં શું ફેરફાર થયા છે. એટલું જ નહીં આ ફેરફાર એવા હોવા જોઈએ કે અગાઉ રદ થયેલી જામીન અરજીમાં હસ્તક્ષેપ કરવાની જરૂર ઊભી થાય. અથવા તો અગાઉનો જે મત હોય એ અર્થહીન થઈ ગયો હોય. સંજોગોમાં એવા ફેરફાર થયા હોવા જોઈએ કે એ અગાઉના નિર્ણય પર સીધી અસર કરતાં હોય. અગાઉ જેવા જ આધાર અને કારણો દર્શાવી સકસેસિવ જામીન અરજી કરી શકાય નહીં. આ સિવાય જો પ્રસ્તુત કેસમાં દાખલ થયેલી એફઆઈઆરને ધ્યાનમાં લઈને તો પત્નીએ પતિ વિરુદ્ધ આ એફઆઈઆર કરી છે. જેમાં તેણે આક્ષેપ કર્યા છે કે પતિ માનસિક અને શારીરિક ત્રાસ આપે છે, એટલું જ નહીં તેણે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય પણ કર્યું છે. મહિલા વિરુદ્ધ આવા ગંભીર અને જઘન્ય અપરાધ કરનારા આરોપીને કોઈ રાહત આપી શકાય નહીં.' આ કેસમાં પત્ની તરફથી વટવા પો.સ્ટે.માં એવી ફરિયાદ કરવામાં આવી હતી કે તેનો પતિ તેના પર ખોટો વહેમ રાખીને તેને બિભત્સ ગંદી ગાળો બોલી, મારઝુડ કરે છે. એટલું જ નહીં, અવાર નવાર તેની મરજી વિરુદ્ધ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય પણ કરે છે. ઘરમાંથી કાઢી મુકવાનું કહી શારીરિક અને માનસિક ત્રાસ આપે છે.

# ૨૪ વર્ષના ભારતીય યુવકે ૨.૮૦ લાખ ડોલર ભેગા કર્યા

## જો અશ્વિન રામાસ્વામી રાજ્ય સેનેટની ચૂંટણી જીતી જાય છે, તો તેઓ સેનેટર બનનાર પ્રથમ જનરલ ઝેડ હશે

નવી દિલ્હી, તા.૯

ભારતીય મૂળના અશ્વિન રામાસ્વામી અમેરિકામાં સ્ટેટ સેનેટની ચૂંટણી લડવા જઈ રહ્યા છે. અશ્વિન માત્ર ૨૪ વર્ષનો છે અને આ વર્ષે જ્યોર્જિયાથી સ્ટેટ સેનેટની ચૂંટણી લડશે.સ્ટેટ સેનેટની ચૂંટણી લડી રહેલા અશ્વિન 'જન-ઝેડ'માંથી પ્રથમ ભારતીય-અમેરિકન છે. જનરલ ઝેડ એવા લોકો છે જેનો જન્મ ૧૯૯૭ અને ૨૦૧૨ વચ્ચે થયો હતો.એટલું જ નહીં, અશ્વિન રામાસ્વામીએ ચૂંટણી લડવા માટે અત્યાર સુધીમાં લગભગ ૨.૫ કરોડ રૂપિયાની રકમ પણ એકઠી કરી છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈ અનુસાર, અશ્વિને ચૂંટણી પ્રચાર માટે અત્યાર સુધીમાં ૨.૮૦ લાખ ડોલર એકઠા કર્યા છે. તેણે આ રકમ ૧ ફેબ્રુઆરીથી ૩૦ એપ્રિલ વચ્ચે એકત્રિત કરી છે. તે જ સમયે, તેના હરીફ શૉન સ્ટિલને આના કરતા ઘણું ઓછું ભંડોળ મળ્યું છે.રામાસ્વામીના કેમ્પેઈન ફાયનાન્સ મુજબ, તેમણે અત્યાર સુધીમાં કુલ $૨.૮૦ લાખથી વધુ એકત્ર કર્યા છે. તેમાંથી તેમની પાસે $૨.૦૮ લાખ રોકડ છે. ભારતીય ચલણમાં આ રકમ અંદાજે ૨.૫ કરોડ રૂપિયા છે. રાજ્ય સેનેટની ચૂંટણી લડવા માટે આટલું ભંડોળ પૂરતું માનવામાં આવે છે.અશ્વિન રામાસ્વામી ડેમોક્રેટ તરીકે જ્યોર્જિયાના ડિસ્ટ્રિક્ટ-૪૮માંથી સ્ટેટ સેનેટની ચૂંટણી લડશે. હાલમાં રિપબ્લિકન પાટીના શૉન સ્ટિલ અહીંથી સાંસદ છે. શૉન સ્ટિલ પર જાન્યુઆરી ૨૦૨૦માં કેપિટોલ હિલમાં હિંસાનો પણ આરોપ છે. આ કેસમાં પૂર્વ



રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. હજુ પણ ટ્રમ્પના ફેવરિટ માનવામાં આવે છે. ડિસ્ટ્રિક્ટ ૪૮માં જોન્સ ક્રીક, સુવાની, આલ્ફારેટા, કમિંગ, સુગર હિલ અને બફોર્ડનો સમાવેશ થાય છે.અશ્વિન રામાસ્વામી એક કંપનીમાં કામ કરતો હતો. પરંતુ ભારતીય-અમેરિકન સમુદાયની સેવા કરવા માટે, તેમણે નોકરી છોડીને રાજકારણમાં આવવાનું નક્કી કર્યું.તેણે ન્યૂઝ એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'હું મારા સમુદાયનો આભાર વ્યક્ત કરવા અને તેમની સેવા કરવા માટે સ્ટેટ સેનેટની ચૂંટણી લડી રહ્યો છું. હું એ સુનિશ્ચિત કરવા માંગુ છું કે દરેકને તે જ તકો મળે જે મને ઉછેરવામાં આવી હતી.તેમણે કહ્યું, 'હું ઈચ્છું છું કે અમારી પાસે એક નવો અવાજ હોય, યુવાનો, જેઓ કોઈપણ પૃષ્ઠભૂમિ વિના રાજકારણમાં આવે, કારણ કે તે મહત્વનું છે કે અમારી પાસે એવા લોકો છે જેઓ આપણું પ્રતિનિધિત્વ કરે, એટલું જ નહીં જે લોકો તે કરવા માંગતા હોય.રામાસ્વામીએ કહ્યું કે દરેકને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળવું જોઈએ. અમે ઈચ્છીએ છીએ કે તમામ લોકો પાસે નોકરીઓ, ઉદ્યોગસાહસિકતા તેમજ આરોગ્યસંભાળ અને પ્રજનન અધિકારોની પહોંચ હોય.તેમણે કહ્યું કે, જાહેર સુરક્ષા પણ સૌથી મોટી પ્રાથમિકતા છે. આપણે સુનિશ્ચિત કરવું પડશે કે આપણા લોકો સુરક્ષિત રહે. શાળામાં ગોળીબાર જેવી ઘટનાઓને રોકવા અમે ખરેખર શું કરવા માંગીએ છીએ.જો અશ્વિન રામાસ્વામી રાજ્ય સેનેટની ચૂંટણી જીતી જાય છે, તો તેઓ સેનેટર બનનાર પ્રથમ જનરલ ઝેડ હશે. કોમ્પ્યુટર સાયન્સ અને લો બંનેમાં એક સાથે ડિગ્રી ધરાવનાર તે એકમાત્ર સેનેટર હશે. એટલું જ નહીં તેઓ જ્યોર્જિયાના પ્રથમ ભારતીય અમેરિકન સેનેટર પણ હશે.

# પ્રાચી તીર્થના યુવા પત્રકાર શૈલેષભાઈ વાળાના ભાણેજ માહિરનો આજે જન્મદિવસ



પ્રાચી તીર્થ તા.૯

દામલી ગામ ના વજુભાઈ સોલંકી ના લાડકવાયા દીકરા તથા પ્રાચી તીર્થના યુવા પત્રકાર શૈલેશભાઈ ના ભાણુભા માહિર નો આજે જન્મદિવસ છે તેઓ ૨ વર્ષ પૂર્ણ કરી અને ૩ વર્ષમાં મંગળ પ્રવેશ કરે છે માહિર ના આજના જન્મદિવસ નિમિતે સમસ્ત સોલંકી પરિવાર તરફ થી અને મિત્ર વર્તુળ અને સગા સંબંધીઓ દ્વારા માહિરને નિરોગી અને વિધવાંન બને એવું સુખી અને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી છે.એમના માસુમિયત અને નટખટતા ને કારણે સમગ્ર મોસાળ માં અદમ્ય ઉત્સાહ પ્રાપ્ત કરી રહ્યા છે કાલી ઘેલી મીઠી વાણી અને સ્વભાવ માં ઉદારતા ના વારસાગત સંસ્કાર મેળવી રહેલા પપ્પા વજુભાઈ, મમ્મી મનીષા બેન, દાદા જગુભાઈ,દાદી લક્ષ્મી બેન,ભાઈ આરવ એ ખૂબ લાડ લડાવી ને જન્મદિવસ નિમિતે માહિર ને સ્વચ્છ જીવનની મનોકામના કરી અંતરના આશીર્વાદ આપ્યા છે.

# સેનિટરી પેડના નિકાલ માટે વધારાનો ચાર્જ વસૂલાતા સુપ્રીમ કોર્ટે નારાજગી દર્શાવી

નવી દિલ્હી, તા.૯

સુપ્રીમ કોર્ટે સેનિટરી પેડના કચરાના નિકાલને લગતી એક પીઆઈએલની સુનાવણી દરમિયાન કેરળ સરકારને આડા હાથે લીધી હતી. તેણે વેધક સવાલ કરતા અફસોસ વ્યક્ત કર્યો હતો કે એક તરફ સ્વચ્છતા અભિયાન અંતર્ગત આપણે માસિક સમયે સ્વચ્છતા જાળવાય તે માટે સેનેટરી નેપકીન મફતમાં આપીએ છીએ, તો બીજી તરફ સરકાર તેના કચરાના નિકાલ માટે પૈસા વસૂલી રહી છે. કોર્ટે આ મામલે સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટ ઈન્દુ વર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલની સુનાવણી કરી રહી હતી. જસ્ટિસ સૂર્યકાંત અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે રાજ્ય સરકારને પૂછ્યું હતું કે એક તરફ, આપણે શાળાઓ અને અન્ય સંસ્થાઓમાં મફતમાં સેનિટરી નેપકિન આપીને માસિક ધર્મની સ્વચ્છતા સુનિશ્ચિત કરવા માટે નિર્દેશો જારી કરીએ છીએ, તો બીજી તરફ, રાજ્ય સેનિટરી કચરાના નિકાલ માટે પૈસા વસૂલી રહી છે. આ કેવી રીતે શક્ય બની શકે? તમે આનો જવાબ આપો. ઈન્દુ વર્માએ કોર્ટમાં કાર્યવાહી દરમિયાન દલીલ કરી હતી.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **તુલસી દેવજી સવાણીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **તુલસીભાઈ દેવજીભાઈ સવાણીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**તુલસીભાઈ દેવજીભાઈ સવાણીયા**

બ્લોક નં.૨, રાજરત્ન એપાર્ટમેન્ટ, તળાવ સ્ટ્રીટ-૨,

જૂનાગઢ - ૩૬૨001

### હવામાન વિભાગે પાંચ દિવસ માટે કરી આગાહી

# દેશભરના ઘણા રાજ્યોમાં વરસાદ, આંધીની સંભાવના

## જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશમાં ૯-૧૨ મે વચ્ચે હળવાથી મધ્યમ વરસાદ થવાની વકી

નવી દિલ્હી, તા.૯

ઉત્તર પ્રદેશ સહિત દેશભરના ઘણા રાજયોમાં વરસાદ, આંધી તોફાનની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તેનાથી ગરમીમાં રાહત મળવાની આશા છે. પરંતુ રાજસ્થાન અને પશ્ચિમી મધ્ય પ્રદેશના વિસ્તારમાં આઠથી ૧૦ મે વચ્ચે હીટવેવ યથાવત રહેવાની છે. જ્યારે દક્ષિણના રાજયોમાં હીટવેવથી રાહત મળશે. પૂર્વી અને દક્ષિણ ભારતમાં ૧૧ મે સુધી ઘણા રાજ્યોમાં વરસાદ થઈ શકે છે.

છેલ્લા ૨૪ કલાકના હવામાનની વાત કરીએ તો તમિલનાડુ, તેલંગણામાં હીટવેવની સ્થિતિ જોવા મળી. તમિલનાડુ, સમુદ્રી આંધ્ર પ્રદેશ, તેલંગણા, રાયલસીમામાં વરસાદ થયો. તો પૂર્વી મધ્ય પ્રદેશ, વિદર્ભ, નોર્થઈસ્ટ ઉત્તર પ્રદેશમાં ઓલા પડશે. પાછલા દિવસોમાં સૌથી વધુ તાપમાન પશ્ચિમી રાજસ્થાનના બાડમેરમાં રેકોર્ડ થયું, જ્યાં ૪૫.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. હવામાન વિભાગ અનુસાર પશ્ચિમ બંગાળ, સિક્કિમમાં ૯-૧૧ મે, બિહાર, ઝારખંડ, ઓડિશામાં ૯-૧૨ મે વચ્ચે હળવાથી મધ્યમ વરસાદ થશે. પૂર્વી મધ્ય પ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં ૯-૧૩ મે વચ્ચે વરસાદ અને આંધી તોફાનની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તો અરૂણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં આગામી સાત દિવસ સુધી વરસાદ પડશે. તો પૂર્વી મધ્ય પ્રદેશ, વિદર્ભના વિસ્તારમાં આઠ અને નવ મેએ આંધીની આગાહી છે. દક્ષિણ ભારતના રાજ્યોની વાત કરીએ તો તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, આંધ્ર પ્રદેશ, યમન, રાયલસીમા, તેલંગણામાં ૯-૧૨ મે વચ્ચે હળવાથી મધ્યમ વરસાદ થવાનો છે. આંધી તોફાન અને વીજળીના કડાકાની ચેતવણી જારી કરવામાં આવી છે. તો ઉત્તર પશ્ચિમ ભારતમાં કાલે (૯ મે) એ એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બંસ એન્ટ્રી કરવા જઈ રહ્યું છે, જેના કારણે ઘણી જગ્યાએ હવામાન બદલાશે. હવામાન વિભાગે જણાવ્યું કે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશમાં ૯-૧૨ મે વચ્ચે હળવાથી મધ્યમ વરસાદ થવાનો છે. ઉત્તરાખંડમાં આગામી પાંચ દરમિયાન આંધી જોવા મળશે. તો હરિયાણા, ચંદીગઢ, પંજાબ, રાજસ્થાનમાં ૧૦-૧૨ મે, ઉત્તર પ્રદેશમાં ૧૨ મે સુધી હળવો વરસાદ થશે. આ સિવાય પૂર્વી ઉત્તર પ્રદેશમાં ૮-૧૨ મે, પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં ૧૧ મે, હરિયાણા, પશ્ચિમી રાજસ્થાનમાં ૧૦-૧૨ મે અને પૂર્વી રાજસ્થાનમાં ૧૦ મેએ આંધી તોફાનની સંભાવના છે.

# ખંભાળિયાના જૂની પેઢીના સેવાભાવી તબીબના રૂબરૂ હાવભાવ પૂછતા પરિમલ નથવાણી



જામ ખંભાળિયા, તા. ૯

ખંભાળિયાના મૂળ વતની અને રાજયસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીને દાયકાઓ પછી પણ તેમના વતન ખંભાળિયા પ્રત્યે આદર તેમજ લાગણી જળવાઈ રહી છે. તેઓ હજુ પણ જુના સંબંધોને યાદ કરી ખંભાળિયાવાસીઓ પ્રત્યે આદર તેમજ પ્રેમની લાગણી વ્યક્ત કરે છે.

ખંભાળિયાના જૂની પેઢીના પીઢ અને સેવાભાવી તબીબ ડો.એન.ડી. ચોકસીની તબિયત છેલ્લા કેટલાક સમયથી નાદુરસ્ત હોવાથી આ અંગે ગત મંગળવારે અત્રે આવેલા પરિમલભાઈ નથવાણીને જાણ થતા તેઓ ખાસ તેમના નિવાસ્થાને ગયા હતા અને તેમની તબિયતના ખબર અંતર પૂછી, વહેલી તકે તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી.

### ચલણી નોટો બદલાવવાના રિઝર્વ બેન્કના માપદંડો

# એક વખતમાં વ્યક્તિ બદલી શકે ૨૦ નોટો જેની કિંમત ૫૦૦૦ થી વધુ ન હોય

## જો તમારી પાસે એવી નોટ આવી ગઈ હોય જેનો સિરિયલ નંબર પણ ના દેખાતો તો એવી નોટ બદલી શકાય છે

નવી દિલ્હી, તા. ૯

બજારમાં ખરીદી કરતી વેળાએ કેટલીય વાર આપણી પાસે એવી કરન્સી નોટ આવી જતી હોય છે જેનો કોઈપણ વ્યક્તિ સ્વીકાર કરતો નથી. પછી ભલે એ દુકાનદાર, પેટ્રોલ પંપ પર અથવા બસ કન્ડક્ટર હોય ,કોઈ તેને પાછી લેવા તૈયાર હોતું નથી. એવા સમયે દરેકને પ્રશ્ન થાય છે કે હવે આ નોટનું શું થશે? કેટલીક વાર લોકો જાત જાતની સલાહ પણ આપે છે જેમાંથી કોઈ તમને બૅંકમાં બદલાવાનુ પણ સૂચન કરે છે પરંતુ ફાટેલી અથવા નંબર ગયેલી નોટ બૅંક પાછી લે છે ? તેવો પ્રશ્ન આપણને ચોક્કસ થશે. તો રિઝર્વ બૅંકે ચલણી નોટો બદલી આપવા અંગે કેટલાક નિયમો બનાવ્યા છે, જે મુજબ જો તમારી પાસે એવી નોટ આવી ગઈ હોય જેનો સિરિયલ નંબર પણ ના દેખાતો તો એવી નોટ બદલી શકાય. આવી ખરાબ નોટો માટે બેંક દ્વારા નોટો બદલવાના કેટલાક માપદંડો બનાવ્યા છે. બેંક એવી જ નોટો બદલી આપે છે જેમાં કેટલાક સિક્યોરિટી સાઈન સહી સલામત હોય છે. તેમાં RBIના ગવર્નરની સહી, મહાત્મા ગાંધીનું વોટરમાર્ક, નોટનો સિરિયલ નંબર સહી સલામત હોવું જોઈએ. જો તમારી નોટમાં આ વસ્તુઓ ન હોય તો બેંક તમારી ફાટેલી નોટ બદલવાનો ઈનકાર કરી શકે છે. તમારી તેવી નોટો નહીં બદલી આપવામાં આવે જેમાં RBIના ગવર્નરની સહી, મહાત્મા ગાંધીનું વોટરમાર્ક, નોટનો સિરિયલ નંબર નહીં હોય.

આ ઉપરાંત ઈમ્ૅએ ફાટેલી નોટ બદલી આપવાની લિમિટ પણ નક્કી કરી છે. એક વખતમાં એક વ્યક્તિ, ૨૦ નોટો જ બદલી શકે છે જેની કીંમત વધુમાં વધું ૫૦૦૦ રૂપિયા જ હોવી જોઈએ. જો ફાટેલી નોટની કીંમત પાંચ હજારથી વધુની હશે તો નોટ નહીં બદલી દેવામાં આવે. સિવાય ૨૦ થી વધુ નોટો પણ નહીં બદલી આપવામાં આવે.અને જો તમે ૫૦૦૦થી વધુની નોટો બદલવા જાઓ છો તો પૈસા તમારા હાથમાં નહીં પરંતુ બૅંક એકાઉન્ટમાં જમા થશે.

# દ્વારકાધીશ જગત મંદિર પરિસરમાં યાત્રિકોની સુવિધા માટે દેવસ્થાન સમિતિ દ્વારા ડોમ બંધાયા



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૯

હાલ આકરો ઉનાળો તપી રહ્યો છે અને ચોમાસું પણ નજીક હોય તાપ અને વરસાદથી દ્વારકાધીશ મંદિરે દર્શન આવતા યાત્રિકોને રક્ષણ મળી રહે તે હેતુસર દ્વારકા દેવસ્થાન સમિતિ દ્વારા જગતમંદિર પરીસરમાં સુવ્યવસ્થિત ડોમ લગાડવામાં આવ્યો છે. જેનાથી દર્શને આવતા યાત્રિકોને તડકાથી રાહત મળી રહી છે.

### ભારતીય અમેરિકન સમાજના વડાનું નિવેદન

# નરેન્દ્ર મોદી ચૂંટણી જીતે તેમ અમેરિકાના ભારતીયોની ઈચ્છા



## અમેરિકાની આર્થિક વૃદ્ધિમાં ભારતીયોનું મોટું યોગદાન

વોશિંગ્ટન, તા.૯

ભારતીય અમેરિકન સમાજના વડા અજય જૈન ભટૂરિયાએ કહ્યું કે, અમેરિકાના વસતા ભારતીયો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખૂબ પસંદ કરે છે. મોટાભાગના ભારતીય મૂળના લોકો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ત્રીજો કાર્યકાળ જોવા ઈચ્છે છે. આ ઉપરાંત જયારે ભારત વિશ્વભરમાં ચમકે છે, ત્યારે તેઓ ગર્વ અનુભવે છે, તેથી જ મોટાભાગના ભારતીયો દેશમાં વડાપ્રધાન મોદીને ફરી વડાપ્રધાન બનતા જોવા માંગે છે.

ભારતીય-અમેરિકન ડમોક્રેટિક ફંડરાઈજર ભટૂરિયાએ કહ્યું કે, અમેરિકાની આર્થિક વૃદ્ધિમાં ભારતીયોનું મોટું યોગદાન છે. ભારતીયો સંયુક્ત રાજ્ય અમેરિકાની આર્થિક વૃદ્ધિ વધારવા અથાગ મહેનત કરી રહ્યા છે. ભારતનો આર્થિક વિકાસ લગભગ છથી સાત ટકાની ગતિએ આગળ વધી રહ્યો છે. ડેટા મુજબ આ વર્ષના અંત સુધીમાં ભારત જાપાનને પછાડી વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. ત્યારબાદ કદાચ ૨૦૨૭ સુધીમાં ભારત અમેરિકા અને ચીન પછી ત્રીજી મોટી અર્થવ્યસ્થા બની જશે. તેમણે કહ્યું કે, ભારત સરકારની નીતિના કારણે દેશ બદલાઈ રહ્યો છે. વાણિજય, નાના અને મોટા ઉદ્યોગો, રેલ્વે વિકાસ, રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત તમામ ક્ષેત્રમાં વિકાસ થઈ રહ્યો છે, જેના કારણે દેશને સકારાત્મક પરિણામ મળી રહ્યું છે. આ સ્થિતિ જાળવવા માટે વડાપ્રધાન મોદી અને તેમની ટીમને ફરી ચૂંટવા જોઈએ. ભારતમાં વસતા લોકો અમેરિકા અથવા યુરોપીય દેશોની તુલનાએ વધુ લેવડદેવડ કરી રહ્યા છે. એટલું જ નહીં તેમની પાસે શ્રેષ્ઠ જીવન વીમાની પણ સુવિધા છે. વડાપ્રધાન મોદી પ્રવાસી ભારતીયો સુધી પહોંચવામાં અને તેમને જોડવામાં સફળ થયા છે

### યુવા મતદારોને આપ્યો ખાસ સંદેશ

# NRI મહિલા વોટિંગ કરવા ઓમાનથી ગુજરાત આવ્યા

વડોદરા, તા.૯

મૂળ વડોદરાના પણ છેલ્લા ૧૧ વર્ષથી ઓમાન દેશની રાજધાની મસ્કતમાં રહેતા નેહાબેન વોરા ૧૫૦૦ કિલોમીટરની મુસાફરી કરીને ખાસ મંગળવારે ત્રીજા તબક્કાના લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે મતદાન કરવા વડોદરા આવ્યા હતા. નેહાબેને પોતાનો મત આપ્યા બાદ કહ્યું હતું કે, 'મેં યુવા મતદારોને સંદેશ આપવા માટે ખાસ વોટિંગ કરવા માટે ભારત આવવાનો નિર્ણય લીધો હતો. મતદાન દરેક ભારતીયનો અધિકાર છે. એનઆરઆઈ હોવા છતા મને મતદાન કરવાનુ ગૌરવ પ્રાપ્ત થયું છે. મતદાન કરવાનો અનુભવ પણ સુખદ રહ્યો છે.મતદાનની કાર્યવાહીનુ ઘણુ સારી રીતે સંચાલન થઈ રહ્યું હતું. મને મત આપવામાં કોઈ તકલીફ પડી નહોતી.' આ ઉપરાંત નેહાબેને વધુમાં જણાવ્યું હતું કે, 'દેશમાં બદલાવ લાવવા માટે મતદાન કરવુ જરુરી છે અને યુવાઓએ ખાસ કરીને મતદાન કરવાના અધિકારનુ મહત્વ સમજવુ જોઈએ. મારી નવ વર્ષની પુત્રી છે અને તેને પણ મતદાનનુ મહત્વ સમજાવવા માટે મતદાન કરવાનુ નક્કી કર્યુ હતું.

### ભ્રામક જાહેરાતોને લઈને સુપ્રીમ કોર્ટનું મોટું નિવેદન

# ભ્રામક જાહેરાતો માટે સેલિબ્રિટી અને ઈન્ફલુએન્સર પણ જવાબદાર

## IMA અધ્યક્ષના વિવાદીત નિવેદનનો માંગ્યો જવાબ સુપ્રીમ કોર્ટે પતંજલિની સાથે સાથે IMA ને કરી ટકોર

નવી દિલ્હી, તા.૯

ભ્રામક જાહેરાતોને લઈને સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ટકોર કરતા કહ્યું હતું કે સેલિબ્રિટી અને મીડિયા ઈન્ફલુએંસર જે કોઈ ભ્રામક જાહેરાતો કરતા હોય તો તેઓ પણ એટલા જ જવાબદાર ગણાય. સાથે જ જાહેરાતો આપનારે અને એજન્સીઓ કે એન્ડોર્સર આવી જાહેરાતો માટે સરખા જવાબદાર ગણાશે. આઈએમએ અધ્યક્ષના વિવાદિત નિવેદન પર નોટિસ પણ પાઠવી છે અને ૧૪મી મે સુધીમાં જવાબ માગ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે બ્રોડકાસ્ટર્સને કોઈપણ જાહેરાત આપતા પહેલાં સ્વ-ઘોષણાપત્ર દાખલ કરવું જોઈએ. જેમાં એવુ આશ્વાસન આપવામાં આવે કે તેના પ્લેટફોર્મ પર પ્રકાશિત કે પ્રસારિત થનારી જાહેરાતો કેબલ નેટવર્ક નિયમો, જાહેરાત કોડ વગેરેનું પાલન કરે છે. એક ઉપાયના રૂપે અમે આ આદેશ આપવાનું યોગ્ય સમજીએ છીએ કે કોઈ પણ જાહેરાતને અનુમતી આપતા પહેલા એક સ્વ-ઘોષણા પ્રાપ્ત કરવામાં આવે. ૧૯૯૪ના કેબલ ટીવી નેટવર્કના નિયમો, જાહેરાત સંહિતા વગેરેના આધાર પર જાહેરાતો માટે સ્વ-ઘોષણા પ્રાપ્ત કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટમાં પતંજલિની ભ્રામક જાહેરાતો અને બાબા રામદેવના કેસની સુનાવણી ચાલી રહી છે.

સુનાવણી દરમિયાન અગાઉ સુપ્રીમ કોર્ટે આઈએમએના અધ્યક્ષ આરવી અશોકન દ્વારા અપાયેલા નિવેદનની નોંધી લીધી હતી. જેમાં તેમણે સુપ્રીમ કોર્ટના અવલોકન અંગે ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કેટલાક ડોક્ટરો પણ બિનજરૂરી મોંઘી દવાઓ દર્દીઓને લખી આપે છે. પતંજલિ સામે આઈએમએ દ્વારા ફરિયાદ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે પતંજલિની સાથે સાથે આઈએમએને પણ ટકોર કરી હતી.

જોકે આઈએમએના અધ્યક્ષે આ ટકોર બાદ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટની ડોક્ટરો અંગેની ટિપ્પણીથી ખાનગી ડોક્ટરોનું મનોબળ તુટ્યું છે. આ નિવેદન બાદ પતંજલિના બાલકૃષ્ણે આઈએમએના અધ્યક્ષ સામે કાર્યવાહીની માગણી કરી હતી. તેથી હાલ સુપ્રીમ કોર્ટે હવે આઈએમએના અધ્યક્ષ પાસેથી પણ જવાબ માગ્યો છે. સાથે જ જે ટિપ્પણી કરી હતી તેનો સ્વીકાર ના કરી શકાય તેવી પણ ટકોર કરી હતી.

### ૭ દિવસમાં હાજર થવા સમન્સ પાઠવવામાં આવ્યું

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને કર્ણાટક પોલીસનું તેડું

## નડ્ડા અને IT સેલના માલવિયાને થવા સમન્સ પાઠવાયું

બેંગલુરુ, તા.૯


કર્ણાટક પોલીસે બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા અને આઈટી સેલના અમિત માલવિયાને સમન્સ પાઠવ્યું છે. પોલીસે તેમને બેંગલુરુ હાઈગ્રાન્ડ પીએસ સમક્ષ સાત દિવસની હાજર થવા કહ્યું છે. ઉલ્લેખનીય છે કે કોંગસ અને મુસ્લિમોને ટાર્ગેટ કરીને x પર એક પોસ્ટ કરવામાં આવી હતી.

ચૂંટણી પંચે મંગળવારે ટને નિર્દેશ આપ્યો હતો કે તેઓ બીજેપી દ્વારા કોંગ્રેસ અને મુસ્લિમોને ટાર્ગેટ કરતો વીડિયો હટાવી લે. બીજી તરફ કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેએ બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ખુરશી ખતરામાં હોવા અંગેની ટિપ્પણી કરી હતી.

ખડગેએ આ અંગે સોશિયલ મીડિયા ટ પર ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના જ મિત્રો પર ટિપ્પણી કરવા લાગ્યા છે, તે જ લોકસભાની ચૂંટણીના પરિણામનો એક ચિતાર છે. ખડગેએ વધુમાં કહ્યું કે સમય બદલાઈ રહ્યો છે. મિત્રો હવે મિત્રો રહ્યાં નથી. આજે લોકસભાની ચૂંટણીના ત્રણ તબક્કાના મતદાન પછી આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે જ પોતાના મિત્રો પર હુમલો કર્યો છે. તેની પરથી સ્પષ્ટ કહી શકાય કે તેમની ખુરશી ખતરામાં છે અને આ જ લોકસભાની ચૂંટણીના પરિણામનો વાસ્તવિક ટ્રેન્ડ છે.

### પોર્ન સ્ટાર સાથે ટ્રમ્પના સંબંધોની માહિતી બહાર આવી હતી

# પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરીવાર વિવાદોમાં ઘેરાયા



## પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સ અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેના સંબંધોને લઈને અમેરિકાના રાજકીય વર્તુળોમાં ચર્ચા

વોશિંગ્ટન, તા. ૯

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એક વખત વિવાદોમાં ઘેરાયા છે. મુદ્દો એ છે કે પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સ અને અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેના સંબંધોને લઈને અમેરિકાના રાજકીય વર્તુળોમાં ઘણી વાતો સાંભળવા મળે છે. વર્ષ ૨૦૧૬માં એક પોર્ન સ્ટાર સાથે ટ્રમ્પના સંબંધોની માહિતી બહાર આવી હતી અને તેને છુપાવવા માટે તેમણે સ્ટોર્મીને ૧ લાખ ૩૦ હજાર અમેરિકન ડોલર ચૂકવ્યા હતા. આજ કેસમાં આજે સ્ટોર્મી ડેનિયલ્સે અમેરિકની એક કોર્ટમાં જુબાની આપી હતી. પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સે મંગળવારે કોર્ટમાં શારીરિક સંબંધો અને પૈસા લેવાના મામલા અંગે વિગતે માહિતી આપી હતી. તેણે જુબાની દરમિયાન ટ્રમ્પ સાથે ગાળેલી એક સાંજનું સંપૂર્ણ વર્ણન કર્યુ હતું. આ અંગે તેણે કહ્યું હતું કે જ્યારે તે બાથરૂમમાં ગઈ ત્યારે તેણે તેની ટોયલેટરી બેગ જોઈ જેમાં ઓલ્ડ સ્પાઈસ અને પર્ટ પ્લસ અને સોનાના ટ્વીઝર હતા. જોકે ટ્રમ્પે ડેનિયલ સાથે શારીરિક સંબધો હોવાની વાતને નકારી હતી. જુબાની આપતા કોર્ટને ડેનિયલ્સે કહ્યું હતું કે મને ટ્રમ્પે પ્રથમ વખત જોઈ ત્યારે મેં સિલ્ક અને સાટિન પાયજામો પહેર્યો હતો. જોકે પછીથી તેની ટ્રમ્પે પ્લેબોય મેગેઝીનના સ્થાપક હ્યુ હેફનર કહીને મજાક કરી હતી. ટ્રમ્પે મને ડ્રેસ બદલવા માટે કહ્યું હતું. તે વાતનો મેં ખૂબ જ નમ્રતાથી સ્વીકાર કર્યો હતો. ડેનિયલ્સે કહ્યું કે ટ્રમ્પે તેની પોર્ન ઈન્ડસ્ટ્રી વિશે પૂછપરછ પણ કરી હતી. આ દરમિયાન ટ્રમ્પની પત્ની વિશે ટૂંકી ચર્ચા પણ થઈ હતી. આ દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે હું અને મારી પત્ની અલગ-અલગ રૂમમાં સુઈ રહ્યાં છીએ.

# મેટ ગાલામાં મૂળ ગુજરાતી મોના પટેલ છવાઈ ગઈ

ન્યુયોર્ક, તા. ૯

મેટ ગાલા ઈવેન્ટમાં ભારતીય સુંદરીઓએ તેમના ગ્લેમરસ દેખાવ અને સ્ટાઈલ સ્ટેટમેન્ટથી હલચલ મચાવી હતી. પછી તે અભિનેત્રી હોય કે બિઝનેસ વુમન, દરેકની સુંદરતા જોવા જેવી હતી.

ભારતીય માનુનીઓએ વિદેશી ધરતી પર પોતાના દેખાવ અને સ્ટાઈલથી ગ્લેમરની દુનિયાને આંજી દીધા હતા, પરંતુ ગુજરાતની સૌથી ચર્ચિત ફેશન ઉદ્યોગસાહસિકે દરેકને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

ફેશન જગતની આ પ્રસિદ્ધ ઈવેન્ટનું આયોજન દર વર્ષએ મે મહિનામાં પહેલા સોમવારે કરવામાં આવે છે, જે 'સ્ઈ્ ર્ઈંદ્વદ્બછરૂ'તરીકે ઓળખાય છે. અહીં લોકો બોલિવૂડ અભિનેત્રીના લુકની રાહ જોઈ રહ્યા હતા અને કેટલાક લોકો કઈ બિઝનેસ વુમન એન્ટ્રી લેશે તે જાણવા ઉત્સાહિત હતા. એ સમયે ગૂજરાતી મોના પટેલની એન્ટ્રી થઈ હતી. આલિયા ભટ્ટ અને ઈશા અંબાણીની જેમ તે પણ મેટ ગાલામાં છવાઈ ગઈ હતી. મોના પટેલના ડેબ્યૂ લુકે લાઈમ લાઈટ ચોરી લીધી હતી.

મેટ ગાલા ૨૦૨૪ ઈવેન્ટમાં ગુજરાતી બિઝનેસવુમન મોના પટેલે ઑફ-વ્હાઈટ અને ગોલ્ડન 'મિકેનિકલ બટરફલાય' ડ્રેસ પહેર્યો હતો. આઈરિસ વેન હર્પેને આ સુંદર ડ્રેસ ડિઝાઈન કર્યો છે. જે 'ધ ગાર્ડન ઓફ ટાઈમ'ની થીમ સાથે સંપૂર્ણ રીતે મેળ ખાતો હતો. મોના પટેલના આઉટફિટને પોપ્યુલર સ્ટાઈલિશ લો રોચે સ્ટાઈલ કર્યો હતો. તેમના આ ડ્રેસે મેટ ગાલાના ઉત્સાહીઓ અને નેટીઝન્સ બંનેના દિલ જીતી લીધા હતા.

મોના પટેલની વાત કરીએ તો ગુજરાતના વડોદરામાં જન્મેલા, પટેલ રટગર્સ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે નાની ઉંમરે યુએસ ગયા હતા અને અંતે ૨૦૦૩ માં ત્યાં જ સ્થાયી થયા હતા. તેમણે ઉદ્યોગસાહસિક તરીકેની કારકિર્દી બનાવી છે. ધીમે ધીમે તેમણે એક મિલિયન ડોલરનું સામ્રાજ્ય બનાવી દીધું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# માતા-પિતાએજ સાઈબર જગતમાંથી બાળકોને સુરક્ષિત રાખવા પડશે

હાલમાં જ એક રિપોર્ટમાં એ વાત સામે આવી છે કે ભારતનું ઈલેક્ટ્રોનિક અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય એક એવી એપ 'સેફનેટ' પર કામ કરી રહ્યું છે, જે માતા-પિતાના ફોનને તેમના બાળકોના ફોન સાથે જોડશે, જેથી બાળકોની ઓનલાઈન ગતિવિધિઓ પર નજર રાખી શકાય. લગભગ આ જ પ્રકારના નિરીક્ષણમાં કોઈ એપ કે વેબસાઈટને ખોલવાની અનુમતિ આપવા અને બાળકો કેટલી વાર સુધી ઓનલાઈન રહેશે, એ નક્કી કરવાની જોગવાઈ હોય છે, પરંતુ કહેવાઈ રહ્યું છે કે સેફનેટમાં યુટ્યૂબ જેવા મંચો પર જોવામાં આવેલી સામગ્રીઓની માહિતી આપવા સહિત ફોન કોલ ડિટેલ અને એસએમએસ પણ જોઈ શકાશે. 'ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર એસોસિએશન ઓફ ઈન્ડિયા'એ સૂચન કર્યું છે કે આ એપ તમામ ગ્રાહકોના ફોનમાં ડિફોલ્ટ રીતે હોવી જ જોઈએ. બાળકોની ઓનલાઈન સુરક્ષા એક ગંભીર બાબત છે અને એ ચર્ચા સ્વાભાવિક છે કે ઈન્ટરનેટના ઉપયોગથી બાળકો પર શો પ્રભાવ પડે છે. જોકે, બાળક કયા સંદર્ભે ઈન્ટરનેટ જોઈ રહ્યું છે, તેના આધાર પર આ પ્રભાવનું આકલન થવું જોઈએ, પરંતુ નીતિ નિર્માતાઓનું માનવું છે કે વાસ્તવિક દુનિયાની જેમ આભાસી દુનિયામાં પણ 'નિરીક્ષણનું કર્તવ્ય' મૂળ તો માતા-પિતાએ જ નિભાવવું જોઈએ. જોકે અહીં કેટલીક વાતો પર ધ્યાન આપવું જરૂરી છે.

પહેલી, વાસ્તવિક દુનિયામાં માતા-પિતા બાળકો સુધી પહોંચતી તમામ માહિતીઓ પર નિયંત્રણ નથી રાખી શકતા. તેઓ સામાન્ય રીતે એ જાણીને ચોંકી જાય છે કે તેમનાં બાળકોને કોઈ વાત ખબર કેવી રીતે પડી? એવું એટલા માટે થાય છે, કારણ કે તેઓ એ વાતોથી લગભગ દૂર રહે છે, જે બાળકો પોતાના દોસ્તો સાથે કરે છે. એવામાં જો ઓનલાઈન દુનિયામાં માતા-પિતા પોતાના બાળકોની વાતચીત પર સંપૂર્ણ નિયંત્રણ મૂકવાનું શરૂ કરી દે તો બાળકો સાથે ટકરાવ થઈ શકે, જેવું બાળ મનોવૈજ્ઞાનિકો માને છે. એટલે કે માતા-પિતાના નિરીક્ષણ અને બાળકોની સ્વાયત્તતા વચ્ચે એક નાજુક દોરી છે, જેને સમજવી જરૂરી છે.

બીજી વાત, નિજતા પર હુમલા માટે ઉપલબ્ધ કરાવવામાં આવતા ઉપકરણોના દુરુપયોગની આશંકા વધુ હોય છે. તે વિશેષ કરીને એ બાળકો માટે વધુ ચિંતાજનક છે, જે પોતાના જ પરિવારમાં દુર્વ્યવહારનો સામનો કરે છે. તે ઉપરાંત, રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વે-૫ અનુસાર, ભારતમાં એક તૃતિયાંશ મહિલાઓ પોતાના જીવનસાથીના હાથે હિંસાનો શિકાર બને છે. એવા લોકો પત્ની પર પૂર્ણ નિયંત્રણ મેળવવા માટે પણ આ ઉપકરણોનો ઉપયોગ કરી શકે છે. એટલું જ નહીં, છોકરાઓની તુલનામાં છોકરીઓની ગતિવિધિઓ વધુ નિયંત્રિત કરવામાં આવશે, જેવું કે આપણે આપણી ભૌતિક દુનિયામાં પણ સતત જોઈએ છીએ.

દેખીતું છે, બાળકોની ઓનલાઈન સુરક્ષાની ગૂંચ ઉકેલવાના ક્રમમાં આપણી સામે નવી સમસ્યાઓ પણ પેદા થઈ શકે છે, તેથી આપણે સમગ્રતામાં વિચારીને નિર્ણય લેવો પડશે. તેના માટે આપણે સૌથી પહેલાં આપણા કાયદામાં સુધારો કરવો પડશે. જેમ કે, આઈટી અધિનિયમ ૨૦૦૦નું સ્થાન લેનાર નવા ભારતીય કાયદામાં બ્રિટનના 'એઝ એપ્રોપ્રિએટ ડિઝાઈન કોડ' (જેને બાળકોની સંહિતા કહેવામાં આવે છે) અને 'ધ ઓટેરોવા ન્યૂઝીલેન્ડ કોડ ઓફ પ્રેક્ટિસ ફોર ઓનલાઈન સેફટી એન્ડ હાર્મ્સ' જેવા કાયદાની જોગવાઈ સામેલ કરવી જોઈએ. બીજું, પહેલાંથી ઉપલબ્ધ નિયંત્રક ઉપકરણોને બહેતર બનાવવા માટે ઓનલાઈન વ્યવહાર નક્કી કરવા પડશે. ત્રીજું, આપણે શિક્ષણ સંસ્થાઓને પણ આ વિમર્શમાં સામેલ કરવી પડશે. માતા-પિતા મુખ્ય રૂપે બાળકોના 'સ્ક્રીન-ટાઈમ'ને લઈને ચિંતિત રહે છે, જે મહામારી બાદ વધી ગયો છે. એના પર પુનર્વિચાર સ્વાભાવિક છે.

ચોથી વાત, તમામ શિક્ષક અને માતા-પિતા એ જાણે છે કે કોઈપણ સમાધાનને બાળકો ખુલ્લા દિલે સ્વીકાર નહીં કરે. તેઓ રચનાત્મક હોય છે અને ઈન્ટરનેટના ઉપયોગ બાબતે વધુ કુશળ છે. તેથી આપણે પ્રયાસ કરવો જોઈએ કે બાળકો ખુદ પોતાની સુરક્ષાને લઈને તત્પર થાય. અંતમાં, 'યંગ લીડર્સ ફોર એક્ટિવ સિટીઝનશિપ'ના એક સર્વેક્ષણથી ખબર પડે છે કે ૮૦ ટકા માતા-પિતા ઈન્ટરનેટની દુનિયામાં ડૂબકી લગાવવા માટે પોતાનાં બાળકો પાસેથી જ સમયે-સમયે મદદ માગતા રહે છે. તેથી આપણે આખા પરિવાર પર ધ્યાન આપવું જોઈએ, જેથી આજના કિશોરો ઘરે જ સુરક્ષિત ઈન્ટરનેટ ઉપયોગના પ્રશિક્ષક બની શકે. એમ પણ, આજકાલના માતા-પિતા ખુદ રીલમાં ડૂબેલા છે અને તેમને પણ મદદની જરૂર પડતી રહે છે.

### મારી કારકિર્દીના સૌથી કઠીણ દોરથી થયો પસાર : રૂપાલા

# મતદાન બાદ રૂપાલાએ બે હાથ જોડીને ફરીથી ક્ષત્રિય સમાજની માફી માંગી

## હવે જ્યારે મતદાનની પ્રક્રિયા પૂરી થઈ છે, હવે મત અને રાજનીતિનો વિષય નથી ત્યારે રૂપાલાએ માફી માગી



રાજકોટ, તા.૯

ભૂલ મારી છે, બધાએ પ્રયાસ કર્યા હતા, પરંતુ તેનું નિમિત્ત બન્યો હું. મારે કહવું છે કે હુ માણસ છું. માણસ માત્ર ભૂલને પાત્ર. મેં તે વખતે પણ તરત જ માફી માગી હતી. મારા મનમાં કંઈ ન હતુ. આગળ જતા પણ સમાજની વચ્ચે પણ માફી માંગી હતી. હવે જ્યારે મતદાનની પ્રક્રિયા પૂરી થઈ છે, હવે મત અને રાજનીતિનો વિષય નથી, પરંતુ હવે હું પરસોત્તમ રૂપાલા, ભાજપનો કાર્યકર્તા અને જાહેરજીવનનો કાર્યકર્તા તરીકે ક્ષત્રિય સમાજના જે લોકોની લાગણી દુભાઈ છે, અને માફી માંગી હતી, તેનો એક ભાવાર્થ એ પણ નીકળતો હતો કે, ચૂંટણી છે તો રસ્તો કાઢવાનો પ્રયાસ કર્યો છે. આજે હું નમ્રતાપૂર્વક માફી માંગુ છું. સમગ્ર ક્ષત્રિય સમાજની માફી માગું છું, ક્ષત્રિય સમાજની માતૃશક્તિને પણ વિનંતી કરું છું, સમાજને કહુ છું,. અવદાર્ય એ ક્ષત્રિય સમાજનું ભૂષણ છે. હવે આજે રાજનીતિ પ્રેરિત મારુંનિવેદન નથી. હું આપ સૌને કહેવા માગું છું કે, આપણા દેશના વડાપ્રધાન મોદી સાહેબને પણ આ ઘટનાને કારણે સાંભળવું પડ્યું હશે. તેમને કંઈ પણ નાનુંમોટું થયું હશે તે મારા માટે પીડાદાયક બાબત છે. તેથી આપ સૌને નમ્રતાપૂર્વક, માફી માફીને પ્રસ્તુત કરીને ક્ષત્રિય સમાજને આહવાન કરવાના મતમાં છું, વિનંતી કરવાના મતમાં છું. કે રાષ્ટ્ર જ્યારે વિકસિત ભારતના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યુ છે ત્યારે મારી ભૂલને નિમિત્ત બનીને આખા સમાજને કોઈ પણ પ્રકારની અન્ય બાબતોથી સમાજ માટે કંશુંક કહેવાનું મન થાય એવી બાબતોથી પર રહી, ક્ષત્રિય સમાજ રાષ્ટ્રના વિકાસની આ કેડીની અંદર અગ્રેસર ભૂમિકા ભજવવા આગળ વધે તેવી નમ્ર વિનંતી, નમ્ર અપીલ આપ સૌને છે. મારી આ ભૂલને કારણે સર્જાયેલા વમળોથી અમારા કેટલાક સાથીદારોને પણ સહન કરવાનું આવ્યું હશે. તો હું આ સૌની સામે દિલગીરી વ્યક્ત કરું છુ, ક્ષમા ચાહુ છું. તમને સૌને નમ્ર અનુરોધ છે કે તમ સૌએ જ રીતે સાથ આપ્યો છે તેની પ્રશંસા કરું છું. મિચ્છામી દુક્કડમ. આ શબ્દો છે કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા, જેમણે આજે ચોથીવાર ક્ષત્રિય સમાજની જાહેરમાં માફી માંગી છે. આ માફી એવા સમયે આવી છે, જ્યારે ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન પૂરું થઈ ગયું છે અને ઓછું મતદાન થયું છે. ક્ષત્રિય સમાજના આંદોલનની ચૂંટણી પર કેવી અસર થઈ તે તો પરિણામથી જ ખબર પડશે, પરંતુ ઓછું મતદાન બતાવે છે કે, આ આંદોલનની અસર રહી હશે. ગઈકાલે ગાંધીનગરમાં પણ અમિત શાહે ઓછા મતદાન બાદ રાતોરાત મીટિંગ કરીને નેતાઓ સાથે સમીક્ષા કરી હતી.

ગઈકાલે મતદાન બાદ પરસોત્તમ રૂપાલાએ રાજકોટવાસીઓનો આભાર વ્યક્ત કર્યો, સોશિયલ મીડિયામાં વીડિયો શેર કરીને આભાર માન્યો હતો. સાથે જ ચૂંટણી પંચ અને વહીવટી તંત્ર, આગેવાનો અને કાર્યકરોનો પણ આભાર માન્યો હતો. પરંતુ મતદાનના બીજા દિવસે પરસોત્તમ રૂપાલાએ પ્રેસ કોન્ફરન્સ કરીને જાહેરમાં ક્ષત્રિયોની માફી માંગી હતી. પરસોત્તમ રૂપાલા લોકસભાની ચૂંટણી પછી ઉમેદવાર હળવા મૂડમાં જોવા મળ્યા હતા. રાજકોટ ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ મતદારોનો આભાર માન્યો હતો. તેઓએ લોકસભા ભાજપ કાર્યાલય ખાતે કાર્યકરો સાથે મુલાકાત કરી હતી. તેમણે નિખાલસ એકરાર કર્યો તે, ૪૦ વર્ષની કારકિર્દીમાં સૌથી કઠિન સમયમાંથી પસાર થયો. શાંતિથી મતદાન પૂર્ણ થયું. તેમણે કહ્યું કે, મારા એક નિવેદનથી આખી ચૂંટણીમાં વમળો સર્જાયા. મારાથી થયેલ ભૂલને કારણે ક્ષત્રિય સમાજ માટે નિમિત્ત બની. અમારી આખી પાર્ટીએ પણ સહન કરવું પડ્યું. મારા વક્તવ્ય પાર્ટી માટે એસેટ હતા, પણ હું ઉમેદવાર બન્યો અને મારા નિવેદનથી પાર્ટીને નુકસાન થયું. મારી ભૂલનો હું એકરાર કરું છું. મારી ભૂલની મેં ફોનમાં પણ વન ટુ વન માફી માંગી હતી. ક્ષત્રિય સમાજના લોકોની લાગણી દુભાઈ છે. ચૂંટણીમાં માફી માંગવી તેનો અર્થ બીજો પણ નીકળતો હોઈ તે સ્વભાવિક છે. આજે હું નમ્રતાપૂર્વક માફી માંગુ છું.

તેમણે આગળ કહ્યું કે, મતદાનના દિવસે સારામાં સારી વાત એ રહી કે શાંતિ પૂર્ણ માહોલમાં મતદાન થયું, ક્યાંય માથાકૂટ થઈ નથી. ક્ષત્રિય સમાજનો રોષ ઠારવા મારા કરતાં મારી પાર્ટીએ શાંત કરવાનો પ્રયાસ કર્યા છે. ઓછું મતદાન થાય કે વધારે તેનાથી ભાજપને અસર થાય તેવું નથી. બન્ને પક્ષને અસર થતી હોય છે. સ્પર્ધામાં થવી જરૂરી છે.

# ગુજરાતમાં આગામી ત્રણ દિવસ હવામાન શુષ્ક રહેશે

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે હવામાન વિભાગે દઝાળે તેવી ગરમી સાથે કમોસમી વરસાદની પણ આગાહી કરી છે.

અમદાવાદમાં ૪૩.૩ ડિગ્રી જ્યારે ભુજમાં ૪૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. હવામાન વિભાગનીનઆગાહી પ્રમાણે, હીટવેવ અને વરસાદ બંનેની આગાહી આગામી સાત દિવસ માટે આપવામાં આવી છે.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના અભિમન્યુ ચૌહાણે, ગુજરાતના હવામાન અંગે આજથી સાત દિવસનું અનુમાન જણાવ્યુ છે. ગુજરાતમાં પાંચ દિવસ હવામાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૩.૩ ડિગ્રી તાપમાન અને ગાંધીનગરમાં ૪૨.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. જ્યારે રાજ્યમાં સૌથી વધારે તાપમાન ભુજમાં ૪૩.૫ ડિગ્રી નોંધાયુ છે.

આ સાથે તેમણે આગામી ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૩ ડિગ્રી તાપમાન રહેશે. તે બાદ અમદાવાદનું તાપમાન ૪૨ ડિગ્રી રહેશે. જ્યારે ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી તાપમાન રહેવાની આગાહી કરવામાં આવી છે. હીટવેવની વાત કરતા કચ્છમાં તાપમાન વધતા હીટવેવ વોર્નિંગ આપવામાં આવી છે તેમ જણાવ્યુ છે. કચ્છમાં વધતા તાપમાનને કારણે યલો એલર્ટની શક્યતા દર્શાવવામાં આવી છે.

અભિમન્યુ ચૌહાણે વરસાદ અંગેની આગાહી આપતા જણાવ્યુ છે કે, ગુજરાતમાં આગામી ત્રણ દિવસ હવામાન શુષ્ક રહેશે. જ્યારે ચોથાથી છઠ્ઠા દિવસમાં દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદની આગાહી આપી છે. તેમણે જણાવ્યુ કે, ચોથા, પાંચમા અને છઠ્ઠા દિવસે વરસાદની દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં શક્યતા છે. ચોથા દિવસે ડાંગ જિલ્લામાં વરસાદ થવાની આગાહી છે. જ્યારે ૧૨ અને ૧૩ તારીખે દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગો જેમકે નર્મદા, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણમાં સામાન્ય વરસાદ થવાની આગાહી છે.

દરિયાકાંઠાના હવામાન અંગેની આગાહીમાં તેમણે જણાવ્યુ છે કે, દરિયા કાંઠે પવન દક્ષિણ પશ્ચિમી તથા પશ્ચિમી દિશાથી ફૂંકાશે. પવનની ગતિ ૧૫થી ૨૦ નોડ્સની રહેશે. આગામી પાંચ દિવસ દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન હોટ એન્ડ હ્યુમિડ રહેશે. જેના કારણે ડિસકમ્ફર્ટની સ્થિતિ સર્જાશે. હવામાન વિભાગ દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોમાં યલો વોર્નિંગ આપવામાં આવી છે.

### ક્ષત્રિય સમાજના આગેવાનોએ પ્રેસ કોન્ફરન્સ યોજી

# પરસોત્તમ રૂપાલાએ માંગેલી માફી રાજકીય તરકટ છે

## પ્રેસ કોન્ફરન્સમાં દેવેન્દ્રસિંહ જાડેજા અને ભાર્ગવીબા ગોહિલે જણાવ્યું કે, રૂપાલાએ રમાંગેલી માફી રાજકીય તરકટ છે

રાજકોટ, તા.૯

રાજકોટમાં ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાની પત્રકાર પરિષદ બાદ ક્ષત્રિય સમાજના આગેવાનોએ પણ એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી.

આ પ્રેસ કોન્ફરન્સમાં દેવેન્દ્રસિંહ જાડેજા અને ભાર્ગવીબા ગોહિલે જણાવ્યું કે, રુપાલાએ આજે માંગેલી માફી રાજકીય તરકટ છે. રુપાલાને ક્યારે માફ કરવા તે અંગેનો નિર્ણય ક્ષત્રિય સંકલન સમિતિ કરશે. મતદારોને ખુશ કરવા માટે રૂપાલાએ માફી માગી છે તેમ તેમણે કહ્યું હતું.

રૂપાલા સામેના ક્ષત્રિય આંદોલનને હાલ અલ્પવિરામ લગાવ્યું છે. કોઈએ તેને પૂર્ણ વિરામ લગાવ્યું હોવાની માનવાની ભૂલ ના કરવી. રૂપાલાના શબ્દોએ ક્ષત્રિય સમાજની અસ્મિતા પર ઘા કર્યો છે. ક્ષત્રિયોને હિન્દુત્વ અને રામરાજય બાબતે શિખવાડવાની કોઈએ પણ જરૂર નથી. આંદોલન અંગે સંકલન સમિતિની બેઠક યોજીને નક્કી કરાશે તેમ પણ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું કે, ક્ષત્રિય સમાજે સમગ્ર ગુજરાતમાં ૪૫ દિવસનું આંદોલન શિસ્તબદ્ધ રીતે કર્યું છે. ભાર્ગવીબા ગોહિલે જણાવ્યું કે, અમે અમારી માંગને સ્પષ્ટરીતે બધાની સામે મૂકી હતી. પરંતુ અમારી માંગને રાજકીય રીતે લઈ જવાનું કારણ શું હતું? માઈક્રો પ્લાનિંગ અને બૌધિક્કતાથી લડત આપવામાં આવશે તેમ પણ તએઓ જણાવ્યું હતું.

### દીકરા માટે હચમચાવી દેતી સ્યૂસાઈડ નોટ છોડી

# દીકરાએ કેનેડા જઈ સંબંધો તોડતા ગુજરાતી દંપતીએ આપઘાત કર્યો

સાવરકુંડલા, તા.૯

આજકાલ દરેક બીજા યુવાને વિદેશ જવાનું ઘેલુ લાગ્યું છે. કેનેડા, યુકે, અમેરિકા, ઓસ્ટ્રિલા, જર્મની જવા માટે ગુજરાતી યુવા તલપાપડ બન્યા છે. માતાપિતા પણ દેવું કરીને સંતાનોને વિદેશ મોકલે છે. ત્યારે વિદેશ મોકલતા આવા કિસ્સામાં હચમચાવી દેતી ઘટના સામે આવી છે.

સુરતના એક દીકરાએ કેનેડા સેટલ્ડ થઈ ગયા બાદ માતાપિતા સાથે સંબંધ તડી નાંખતા હતાશ થયેલા માતાપિતાએ આત્મહત્યા કરીને મોત વ્હાલું કર્યું છે.

આ ઘટના દરેક એ માતાપિતા માટે લાલબત્તી સમાન છે, જેઓ લોન લઈને પણ સંતાનોને વિદેશ ભણવા મોકલે છે. પરંતુ અહીં તો ઉલટું થયું. દીકરાએ કેનેડા જઈને માતાપિતા સાથે સંબંધ જ તોડી નાંખ્યા. મૂળ સાવરકુંડલાના વતની અને સરથાણા મીરા એવન્યુ ખાતે રહેતા ૬૬ વર્ષીય ચુનીભાઈ ગેડીયા અને તેમના ૬૪ વર્ષીય પત્ની મુક્તાબેને એક સાથે પંખા સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું.

આ ઘટના બે દિવસ પહેલાની છે. બન્યું એમ હતું કે, ચુનીભાઈના નાના પુત્ર પિયુષને ૨ વર્ષ પહેલા ફાયનાન્સના ધંધામાં નુકસાન થતા ૪૦ લાખનું દેવુ થયુ હતું. ચુનીભાઈએ સંબંધીઓ પાસેથી નાણા લાવીને પિયુષનું દેવું ચૂકવ્યું હતું. બાદમાં પિયુષ કેનેડા જઈ ત્યાંજ સ્થાઈ ગયો. જોકે પિતાએ લોકો પાસેથી રૂપિયા લાવીને દેવુ ચૂકવ્યા છતા પિયુષ કેનેડાથી કોઈ મદદ કરતો ન હતો તેમજ તેમને પુછતો પણ ન હતો. પુત્ર માટે દેવું કરી રૂપિયા લાવ્યા હતા અને પુત્રએ જ મોઢું ફેરવી લેતા વૃદ્ધ દંપતીએ માટે આ આઘાત સહન કરી શકાય તેમ ન હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અહંકારરૂપી રાક્ષસથી દૂર રહેવું.

- શ્રી રામ શર્મા આચાર્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૧ ચંદ્રદર્શન, બીજનો ક્ષય છે તા.૯ મે ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૨૯, કૃતિકા નક્ષત્ર, શોભન યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૧૩, સૂ.અ.૭:૨૨

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: સામાજીક માન, પ્રતિષ્ઠા મળે. કર્મચારીઓને લાભ અપાવી શકશો.
વૃષભ: હિતશત્રુઓથી સાવધ રહેવું. વડીલવર્ગ તરફથી ઠપકો મળે.
મિથુન: ભાગીદારીથી સમજીને વ્યવહાર કરવો. માન, પ્રતિષ્ઠા અને યશ મળે.
કર્ક: મન પ્રસન્ન રહે. સંતાનો માટે ખરીદી થાય.
સિંહ: મિલ્કતના પ્રશ્નો અંગે ચિંતા રહે. આકસ્મિક ચિંતા ઉદભવે.
કન્યા: સંદેશો મેળવવા-આપવામાં અનુકુળતા રહે. કાર્યસફળતા મળે.
તુલા: વડીલોનો સહકાર મળે. નાણાંકીય બોજ હળવો બને.
વૃશ્ચિક: જૂના આયોજનોને અમલમાં મૂકી શકાય.
ધન: ખર્ચનો પ્રસંગ બને. ઉતાવળ ન કરવી હિતાવહ.
મકર: મિત્રોથી આર્થિક લાભ મળે. નવા સંબંધો લાભદાયી નીવડે.
કુંભ: ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય. મિલ્કતના પ્રસંગો અંગે નિર્ણય લઈ શકાય.
મીન: અધ્યાત્મિક ક્ષેત્રે ખર્ચ થાય. વ્યર્થ દોડા-દોડી થાય.

## કેનેડા સ્થાયી થયેલા પુત્રનું ૪૦ લાખનું દેવું ચૂકવ્યું છતાં સંભાળ ન રાખતાં સુરતના વૃદ્ધ માતા-પિતાએ આપઘાત કર્યો

ચુનીભાઈ ગેડિયાએ પોતાના પુત્ર પિયુષને દેવું ચૂકવ્યુ હતું અને તેને કેનેડા મોકલ્યો હતો. આ તમામમાં ૩૮ લાખનો ખર્ચો થયો હતો. પરંતુ કેનેડા જઈને પુત્ર એ મોઢું ફેરવી લીધું દેવું પણ ચૂક્યું નહીં. એટલું જ નહીં પિતા સાથેના તમામ સંબંધો પણ કાપી નાંખ્યા હતા. આ દરમિયાનમાં પુત્ર એક વખત સુરત આવ્યો તો પણ પિતાને મળવા આવ્યો ન હતો. આખરે પિતાને લાગી આવતા આપધાત કરી લીધો હતો. સમગ્ર બાબતે સરથાણા પોલીસે તપાસ શરૂ કરી છે.

ચુનીભાઈએ આપઘાત પહેલા ચાર પાનાની સુસાઈડ નોટ લખી હતી. જેમાં કેનેડા સ્થાઈ થયેલા પુત્રના દેવાનું વ્યાજ ચુકવતા અને હાલમાં સાથે રહેતા પુત્ર અને પુત્ર વધુનો આભાર વ્યકત કર્યો હતો. આ સાથે તેમના આપઘાત બાદ તેમની ઉત્તરક્રિયામાં ખર્ચ ન કરવા ભલામણ કરી હતી. આ સાથે અન્ય પુત્રવધુ દ્વારા કરવામાં આવેલા ગેરવર્તન બાબતે તેને સંબોધીને તે બાબતે મનમાં લાગી આવ્યુ હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

### મોદીના નિવેદન પર ખડગેનો વળતો પ્રહાર

# વડાપ્રધાન પોતાના જ મિત્રો પર હુમલાખોર બન્યા છે તે દર્શાવે છે કે મોદીજીની ખુરશી હલી રહી છે

નવી દિલ્હી, તા.૯

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અદાણી-અંબાણી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન પર વળતો પ્રહાર કર્યો છે. ખડગેએ ટ્વીટ કરીને કહ્યું, સમય બદલાઈ રહ્યો છે. મિત્ર હવે મિત્ર નથી રહ્યો! વાસ્તવમાં પીએમ મોદીએ તેલંગાણામાં રેલીને સંબોધિત કરતા રાહુલ ગાંધી પર પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું હતુ કે ૫ વર્ષ સુધી શહેજાદા અદાણી-અંબાણીનાં નામ જપતા હતા, પરંતુ જ્યારથી ચૂંટણી શરૂ થઈ ત્યારથી તેમણે નામ લેવાનું બંધ કરી દીધું.

ખડગેએ ટ્વીટ કરીને કહ્યું, સમય બદલાઈ રહ્યો છે. મિત્ર હવે મિત્ર નથી રહ્યોપ! ચૂંટણીના ત્રણ તબક્કા પૂર્ણ થયા બાદ આજે વડાપ્રધાન પોતાના જ મિત્રો પર હુમલાખોર બન્યા છે તે દર્શાવે છે કે મોદીજીની ખુરશી હલી રહી છે. આ પરિણામોનું વાસ્તવિક વલણ છે. બુધવારે તેલંગાણાના કરીમનગરમાં ચૂંટણી રેલીને સંબોધતા પીએમ મોદીએ કોંગ્રેસને પૂછ્યું કે લોકસભા ચૂંટણીની તારીખ જાહેર થયા પછી અંબાણી અને અદાણીનું નામ લેવાનું કેમ બંધ કર્યું? પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી માટે તે ઉદ્યોગપતિઓ પાસેથી કેટલા પૈસા મેળવ્યા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોંગ્રેસના શહજાદા છેલ્લા ૫ વર્ષથી સવારે ઉઠતાની સાથે જ માળાનો જાપ શરૂ કરી દેતા હતા. જ્યારથી તેમનું રાફેલ વિમાન ગ્રાઉન્ડેડ થયું છે. ત્યારથી તેણે નવી માળાનો જાપ શરૂ કર્યો. ૫ વર્ષ સુધી એક જ માળા જપતા, '૫ ઉદ્યોગપતિ', પછી ધીમે ધીમે 'અંબાણી', 'અદાણી' કહેવા લાગ્યા. પીએમ મોદીએ કહ્યું, "પરંતુ જ્યારથી ચૂંટણી જાહેર થઈ ગઈ છે, તેઓએ અંબાણી અને અદાણીને ગાળો આપવાનું બંધ કરી દીધું છે.

### રાજ્યમાં ભાજપ સાત બેઠક ગુમાવે છે અને ચાર ઉપર રસાકસી

# રાજ્યમાં ક્ષત્રિય સમાજના પ્રભુત્વવાળા વિસ્તારોમાં ૮૦ ટકા મતદાનનો દાવો

ગાંધીનગર, તા.૯

ગુજરાત લોકસભા ચૂંટણીના પ્રચાર દરમ્યાન રાજકોટના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજને લઈને નિવેદન થયા બાદ રોષ ફાળી નીકળ્યો હતો. ત્યારબાદ મહાસંમેલનો કરી મોટી સંખ્યામાં મતદાન કરવાની અપીલ કરવામાં આવી હતી. આ સાથે ભાજપ વિરૂધ્ધમાં મતદાન કરવા પણ આહવાન કરવામાં આવ્યું હતું. જ્યારે ક્ષત્રિયોમાં ફાટા પાડવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં લોકસભા ચૂંટણીનું મતદાન સંપન્ન થયું છે. ત્યારે ક્ષત્રિયોની રાજપૂત સંકલન સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ક્ષત્રિય સમાજ સહિત અન્ય સમાજના પ્રભુત્વવાળા વિસ્તારોમાં ૮૦ ટકા ઉપરાંત મતદાન થયું છે. અમે આહવાન કર્યું હતું તેને ઝીલી લેવામાં આવ્યું છે. ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન યોજાયું હતું. લોકસભાની ચૂંટણીમાં ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપનો વિરોધ કરવામાં આવ્યો હતો. ચૂંટણી પૂર્ણ થયા બાદ રાજપૂત સંકલન સમિતિના આગેવાન કરણસિંહ ચાવડાએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે ગુજરાતમાં ચૂંટણી શાંતિપૂર્ણ પૂરી થઈ છે. ક્ષત્રિય સમાજ સહિત અન્ય સમાજના પ્રભુત્વવાળા વિસ્તારોમાં ૮૦ ટકા ઉપરાંત મતદાન થયું છે. વધુમાં તેમણે જણાવ્યું કે, ભાજપ નિરસ મતદાનને લઈ થાળી લઈને નીકળ્યા હતા. જો પ્રજાને સંતોષ હોય તો નીકળવું ન પડે. શહેરી વિસ્તારમાં નીરસતા હતી. ૨૦૧૯માં આવું નહોતું. કામના આધારે મતદાન થયું હોત તો આવું ન થાય. અમારા મુજબ ૭ બેઠકો ભાજપ ક્ષત્રિય અને અન્ય સમાજ તેમજ લોકોને દબાવ્યા એવી ગુમાવે છે. ૪ બેઠકો ઉપર રસાકસી છે. રાજપૂત સંકલન સમિતિ મુજબ ૭ બેઠક ભાજપ ગુમાવે છે અને ૪ બેઠકો ઉપર રસાકસી રહેશે. બાકીની બેઠકો ઉપર ૫ લાખથી વધારે નહિ પરંતુ ઓછી લીડ આવશે. રાજપૂત સમાજની સંસ્થાઓ અને લોકોનો સાથ સહકાર મળ્યો હતો. મતદાનમાં કોઈ ઘર્ષણ થયું ન હતું. અનેક સભાઓ થઈ પરંતુ પ્રજાને તકલીફ પડી નથી. જો તકલીફ પડી હોય તો માફી માગીએ છીએ. ગુજરાતના નાગરિકોએ નીરસતાથી મતદાન કર્યું છે. અમે વડાપ્રધાનનો વિરોધ ન કર્યો અને ગરિમાપૂર્ણ રીત બતાવી છે. સૌરાષ્ટ્રમાં પ્રભુત્વ ધરાવતી બે જ્ઞાતિ નારાજ હતી. રાજકોટ, જામનગર બેઠક હારશે. અનેક પ્રશ્નો છે અને વાટાઘાટોમાં અનેક પ્રશ્નોની વાત હતી પરંતુ તેઓને ત્યારે એક જ વાત પુરૂષોત્તમ રૂપાલાની જ હતી. અમારૂં પુરૂષોત્તમર સામે આંદોલન ચાલુ જ રહેશે. અમે છાપામાં પત્રિકા મામલે ફરિયાદ કરી છે. જે નામ હતા એમને અમે ઓળખતા નથી. જે ક્ષત્રિય આગેવાન હતા તેમની ઓળખ કરવી તેમજ કોણ છે કેવી રીતે જાહેરાત આપી તેની તપાસ કરવામાં આવશે. આ જન આંદોલન છે. આ જાહેરાતથી કોઈ ફેર પડતો નથી.

## દુબઈમાં બનશે દુનિયાનું સૌથી મોટું ઈન્ટરનેશનલ એરપોર્ટ

દુબઈ, તા.૯

દુબઈમાં દુનિયાનું સૌથી મોટું એરપોર્ટ બનવા જઈ રહ્યું છે. તેનું નામ અલ મકતુમ ઈન્ટરનેશનલ એરપોર્ટ હશે. દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ-મકતુમે નવા પેસેન્જર ટર્મિનલને મંજૂરી આપી હતી. તેમણે કહ્યું કે દુબઈમાં દુનિયાનું સૌથી મોટું એરપોર્ટ હશે. તે વૈશ્વિક કેન્દ્ર તરીકે વિકસિત થશે. એરપોર્ટ બનાવવા માટે લગભગ ૩૫ બિલિયન ડોલર એટલે કે લગભગ ૨.૯ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ એરપોર્ટ પર પાંચ સમાંતર રનવે હશે. આ સિવાય ૪૦૦ એરક્રાફ્ટ ગેટ હશે. એરપોર્ટની ક્ષમતા વાર્ષિક ૨૬ કરોડ લોકોની હશે.શેખ મોહમ્મદ બિન રશીદ અલ-મકતુમે X ઉપર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે નવો પ્રોજેક્ટ ''અમારા બાળકો અને તેમના બાળકો માટે સતત અને સ્થિર વિકાસની ખાતરી કરશે.''દુબઈ એરપોર્ટની ગણતરી વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટમાં થાય છે. ૨૦૨૨ માં, આ એરપોર્ટનો ઉપયોગ ૬૬ મિલિયન મુસાફરો દ્વારા કરવામાં આવ્યો હતો. દુબઈ મીડિયા ઓફિસે જણાવ્યું હતું કે આ પગલું વિશ્વ મંચ ઉપર અગ્રણી એવિએશન હબ તરીકે દુબઈની સ્થિતિને વધુ મજબૂત કરશે.તાજેતરમાં દુબઈમાં ભારે વરસાદ બાદ પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. આવી સ્થિતિમાં એર ઈન્ડિયા એક્સપ્રેસે દુબઈ જતી અને જતી ફ્લાઈટમાં ૫૦ ટકાનો ઘટાડો કર્યો હતો. મુસાફરોને સુવિધા આપવા માટે, ભારતીય દૂતાવાસે એડવાઈઝરીમાં કહ્યું હતું કે UAEના અધિકારીઓ હિલચાલને સામાન્ય બનાવવા માટે કામ કરી રહ્યા છે. એરપોર્ટ અધિકારીઓએ સલાહ આપી છે કે યાત્રીઓ પ્રસ્થાનની તારીખ અને સમય અંગે એરલાઈન્સ તરફથી અંતિમ પુષ્ટિ કર્યા પછી જ મુસાફરી કરી શકે છે.

## હાર્વર્ડના પૂર્વ વિદ્યાર્થી મુકેશ અંબાણીની ૨,૪૦,૦૦૦ કરોડ રૂપિયાની કંપનીનું CEO અને MD તરીકે નેતૃત્વ કરવા તૈયાર

નવી દિલ્હી, તા.૯

કેન્દ્રીય કોર્પોરેટ બાબતોના મંત્રાલયે તાજેતરમાં મુકેશ અંબાણીની જિયો ફાઈનાન્સિયલ સર્વિસીસ (JFS)ના CEO અને MD તરીકે હિતેશ કુમાર સેઠિયાની નિમણૂંકને મંજૂરી આપી છે. ઓગસ્ટ ૨૦૨૩માં લિસ્ટેડ, કંપનીનું માર્કેટ કેપ ૩૦ એપ્રિલ સુધીમાં ૨,૪૦,૦૦૦ કરોડ રૂપિયા છે. JFS એ એક નિયમનકારી ફાઈલિંગમાં જણાવ્યા મુજબ,સેઠિયાની નિમણૂંક ૧૫ નવેમ્બર, ૨૦૨૩ થી અમલમાં છે અને તે ત્રણ વર્ષ માટે માન્ય છે. ગયા વર્ષે જુલાઈમાં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે સેથિયાને તેની રિલાયન્સ સ્ટ્રેટેજિક ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડ (RSIL)ના MD અને CEO તરીકે નિયુક્ત કર્યા, જેનું નામ હવે જિયો ફાઈનાન્સિયલ સર્વિસ રાખવામાં આવ્યું છે. તેઓ ૨૦ વર્ષથી વધુના અનુભવ સાથે પ્રમાણિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) અને નાણાંકીય સેવાઓના એક્ઝિક્યુટિવ છે. તેઓ હાર્વર્ડના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે જેમણે હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ એક્ઝિક્યુટિવ એજ્યુકેશનમાંથી એડવાન્સ મેનેજમેન્ટ પ્રોગ્રામ પૂર્ણ કર્યો છે. તેમણે સમગ્ર યુરોપ, એશિયા (ભારત અને ગ્રેટર ચીન) અને ઉત્તર અમેરિકામાં કામ કર્યું છે. તેમણે તેમની મોટાભાગની કારકિર્દી ICICI બેંક લિમિટેડમાં વિવિધ વિભાગોમાં નેતૃત્વની ભૂમિકાઓ સંભાળવામાં વિતાવી છે. ICICI બેંકમાં તેમની છેલ્લી ભૂમિકામાં, તેઓ મુંબઈ સ્થિત ટ્રાન્ઝેક્શન બેંકિંગના વડા હતા. સેઠિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) ના સાથી સભ્ય છે. તેઓ વ્યૂહરચના ઘડતર, બજાર વિકાસ, અનુપાલન, જોખમ વ્યવસ્થાપન અને બહુવિધ દેશોમાં ટીમ નિર્માણમાં બહોળો અનુભવ ધરાવે છે. તેઓ ICICI બેંક લિમિટેડ, કેનેડા માટે સેટ-અપ ટીમના મુખ્ય સભ્ય તરીકે અને જર્મનીમાં ICICI બેંક લિમિટેડના પ્રથમ કર્મચારી તરીકે કામગીરીની સ્થાપના અને સ્કેલિંગ સાથે પણ સંકળાયેલા છે. ૨૦૨૨માં, સેઠિયા કંપનીના યુરોપિયન વડા તરીકે મેકલેરેન સ્ટ્રેટેજિક વેન્ચર્સમાં જોડાયા.

# લોકશાહીને મજબૂત બનાવવાના ઈરાદાથી અનેક યુવાઓએ ઉત્સાહ સાથે પ્રથમવાર મતદાન કર્યું



અમદાવાદ, તા.૯

રાજયમાં લોકસભા ચૂંટણીની મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ત્યારે રાજયના અનેક શહેરોમાં પહેલી વાર મતદાન આપનાર મતદારોમા ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. યુવાનોએ જાગૃતતા દાખવી મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને મજબૂત બનાવવાની અવાજ બુલંદ કરી હતી. ત્યારે પહેલીવાર મતદાન કરવા બદલ યુવાઓના અનુભવ વિશે જાણવા મળ્યું હતું. અનેક યુવાઓએ મતદાનની નિશાની એવી આંગળી ઉપર શાહી લગાવેલ સેલ્ફી સ્ટેટસ ઉપર મૂકી મત આપવા આગ્રહ કરી ટ્રેન્ડ બનાવ્યો હતો. ઘણા યુવાનોએ જણાવ્યું હતું કે તેઆ અનેરા આનંદ સાથે પહેલીવાર મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને તેઓ ''લોકશાહીના આ તહેવારની ઘણી આતુરતાથી હું રાહ જોઈ રહ્યા હતા અને મતાધિકારનો ઉપયોગ કરવાની તેઓને ઘણી ખુશી થઈ હતી બીજી તરફ વહિવટી તંત્ર દ્વારા ખૂબ જ સારી વોટર-ફ્રેન્ડલી વ્યવસ્થા કરવામાં આવી હતી. યુવાનોએ જણાવ્યું હતું કે લોકતંત્રને સશક્ત બનાવવાની આપણી જવાબદારી છે. દરેક નાગરિકે ચોક્કસ મતદાન કરી લોકશાહીના પૂર્વમાં સહભાગી થવું જોઈએ. પહેલી વખત મતદાન આપનાર યુવાનોએ જણાવ્યું હતું કે, તેઓ ઘણા દિવસથી પ્રથમ વખત વોટ આપવા માટે રાહ જોઈ રહ્યા હતા અને વહેલી સવારથી જ પરિવારમાં ઉત્સાહની લાગણી હતી કે આપણે મતદાન મથક ઉપર વોટ આપવા પહોંચીશું વોટ આપીને યુવા મતદારોએ ખૂબ જ ઉત્સાહ અનુભવ્યો હતો. પ્રથમવાર મતદાન કરનાર યુવા મતદારોએ જણાવ્યું હતું કે, "આજે તેઓએ પ્રથમ વાર મતદાન કરીને દેશના જવાબદાર નાગરિક હોવાનો અને રાષ્ટ્ર પ્રત્યે પોતાની મતદાર તરીકેની ફરજ નિભાવી છે. આ મત આપવાનો આનંદ તેઓને કાયમ માટે યાદ રહેશે. યુવાનોએ જણાવ્યું હતું કે, EVM મશીન પહેલી વખત તેઓએ આટલું નજીકથી જોયું છે. શરૂઆતના સમયમાં થોડી નર્વસનેસ થઈ હતી પરંતુ, અગાઉથી જ પરિવારમાં તથા મિત્ર વર્તુળમાં મત કેવી રીતે આપવો તેને લઈને ચર્ચા થતી હોવાથી તમામ કાર્ય યુવા મતદારોએ સરળતાથી પૂર્ણ કર્યું હતું.

## ઈઝરાયેલની વિરૂદ્ધમાં દેખાવોથી અમેરિકી યુનિવર્સિટીઓ હચમચી ગઈ

**યુદ્ધગ્રસ્ત ગાઝા પટ્ટીમાં પેલેસ્ટીનીઓ સાથે એકતા દર્શાવવા દેશભરના કેમ્પસમાં એન્ટીઈઝરાયેલ વિરોધે વેગ પકડતા યુનાઈટેડ સ્ટેટ્સમાં પોલીસે ટીયર ગેસનો ઉપયોગ કર્યો તેમજ રબરની ગોળીઓ ચલાવી અને વધુ પ્રદર્શનકારીઓની ધરપકડ કરી હતી**

(એજન્સી) તા.૯

સમગ્ર યુ.એસ.ની લગભગ બધી યુનિવર્સિટીઓ ઈઝરાયેલી શાસન દ્વારા ઘેરાયેલા પેલેસ્ટીની શહેરના રહેવાસીઓ સામે મહિનાઓથી ચાલતા નરસંહારના યુદ્ધનો વિરોધ કરવા માટે રેલીઓમાં જોડાઈ છે. ભારે પોલીસ દળની હાજરી હેઠળ, ઈઝરાયલ સામે વિરોધીઓએ ન્યુ યોર્કની ફોર્ડહામ યુનિવર્સિટીમાં પેલેસ્ટીની ધ્વજ લહેરાવ્યો અને તે જ સમયે લોસ એન્જલસ ખાતે યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના કેમ્પસમાં સેંકડો લોકો દ્વારા જમા થતાં પોલીસ એકત્રિત થઈ ગઈ હતી, જ્યાં હિંસક અથડામણની થઈ હોવાની જાણકારી મળી છે. યુસીએલએ છાવણીમાં પેલેસ્ટીન તરફી પ્રદર્શનકારીઓએ પેલેસ્ટીની ધ્વજ લહેરાવ્યો અને કાયદા અમલીકરણ દળોની દિશામાં સ્ટ્રોબ લાઈટો દર્શાવી હતી. એક દિવસ અગાઉ, યુનિવર્સિટી ઓફ સાઉથ ફ્લોરિડા કેમ્પસમાં પ્રદર્શનકારીઓ લાકડાની વસ્તુઓ, ઢાલ, છત્રી અને તંબુ સાથે વહેલી સવારે ટેમ્પા કેમ્પસમાં પહોંચ્યા હતા ત્યારે પોલીસે પ્રદર્શનકારીઓ સામે ટીયર ગેસ અને રબરની ગોળીઓ ચલાવી હતી, તે પછી ઈઝરાયેલ વિરોધી રેલીમાં ઓછામાં ઓછા દસ વિરોધીઓની ધરપકડ કરવામાં આવી હતી. સમગ્ર યુ.એસ.માં અનેક યુનિવર્સિટીઓમાં પેલેસ્ટીન તરફી સૂત્રોચ્ચાર થઈ રહ્યા છે અને પોલીસ રેલીઓને વિખેરી નાખતી હોવાથી વધુ ભીડની રચના થઈ રહી છે. કોલંબિયા યુનિવર્સિટી, વિદ્યાર્થીઓના વિરોધનું કેન્દ્ર બની છે. પોલીસે પેલેસ્ટીન તરફી છાવણીને ખાલી કરવાનો પ્રયાસ કર્યા પછી સમગ્ર યુ.એસ.ના કોલેજ કેમ્પસમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે, પરિણામે સેંકડો વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી હતી. કેમ્પસમાં ગાઝામાં પેલેસ્ટીનીઓ સામે ઈઝરાયેલના આક્રમણ સામે રેલીઓ તરીકે યુએસ પોલીસે ઘણી કોલેજો ઉપર હુમલો કર્યો અને વધુ વિદ્યાર્થીઓની ધરપકડ કરી હતી. તાજેતરની ધરપકડ યુનિવર્સિટી ઓફ ટેક્સાસ, ડલ્લાસમાં કરવામાં આવી હતી, ત્યારે ઓછામાં ઓછા ૨૦ વિદ્યાર્થીઓને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. યુ.એસ.ની કોલેજોમાંથી પોલીસ દ્વારા અત્યાર સુધીમાં ૧,૫૦૦થી વધુ વિરોધીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમના પર પ્રદર્શનકારીઓ સામે ઘાતકી બળનો ઉપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં વિયેતનામ યુદ્ધ સામેના વિરોધ પછી પેલેસ્ટીન તરફી વર્તમાન છાવણીઓ યુએસ કોલેજ કેમ્પસને રોકવા માટે સૌથી વધુ વ્યાપક અને લાંબા સમય સુધી ચાલી રહેલો વિરોધ છે. ઓકટોબર ૭ના રોજ ઈઝરાયેલી શાસન દ્વારા શરૂ કરાયેલ લોહિયાળ લશ્કરી અભિયાનમાં અત્યાર સુધીમાં ગાઝામાં ૩૪,૫૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે.

### સઉદી અરેબિયાએ ઈઝરાયેલ વિરોધી ભાવનાઓ ધરાવતા લોકો ઉપર કડક કાર્યવાહી કરી

(એજન્સી) તા.૯

સોશિયલ મીડિયા ઉપર ઈઝરાયેલ વિરોધી લાગણીઓ શેર કરવાને કારણે સઉદી અરેબિયામાં ઘણા નાગરિકોએ ધરપકડનો સામનો કરવો પડી રહ્યો છે. ધરપકડની ઘટનાઓમાં આ વધારો ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના વધતા જતા સંઘર્ષને પગલે રિયાધમાં લોકોની વધતી જતી ચિંતા અને તેની સામે રોજ વ્યક્ત કરવાને કારણે થયો છે. આ ઘટનાઓ પહેલાંથી જ અસ્થિર મધ્ય-પૂર્વ ક્ષેત્રમાં મોટાપાયે યુદ્ધને ભડકાવી શકે છે. નામ જાહેર ન કરવાની શરતે સૂત્રોએ જણાવ્યું કે, તાજેતરના અટકાયતીઓમાં ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન-સલમાનની આર્થિક વિકાસ પહેલ સાથે સંકળાયેલી કંપની સાથે સંકળાયેલ એક એક્ઝિક્યુટિવ પણ સામેલ છે. ગાઝા સંઘર્ષ અંગે એક્ઝિક્યુટિવની ટિપ્પણીને ખૂબ જ ઉશ્કેરણીજનક ગણવામાં આવી હતી. જેના કારણે તેમની અટકાયત કરવામાં આવી હતી.

# હજારો લોકો એવું માને છે કે કોવિડની રસીઓ લેવાને કારણે તેમને નુકસાન થયું છે; પણ શું તેમની આ વાત કોઈ સાંભળે છે ?

**બધી રસીઓ પ્રસંગોપાત આડઅસરો ધરાવે છે, પરંતુ જે લોકો કહે છે કે તેઓને કોવિડ રસીથી નુકસાન થયું છે અને તેઓ માને છે કે તેમના કેસોની અવગણના કરવામાં આવી છે**



(એજન્સી) તા.૯

મિશેલ ઝિમરમેન નામના એક વ્યક્તિને જોહ્નસન એન્ડ જોહ્નસન કંપનીની કોવિડ-૧૯ રસી મેળવ્યાની થોડી જ મિનિટોમાં તેના ડાબા હાથથી તેના કાન સુધી અને નીચે આંગળીના ટેરવા સુધી દુખાવો થતો અનુભવાયો. થોડા દિવસોમાં, તેણી પ્રકાશ પ્રત્યે અસહ્ય સંવેદનશીલ બની ગઈ હતી અને સરળ હકીકતો યાદ રાખવા માટે તેણીને સંઘર્ષ કરવો પડી રહ્યો હતો. હવે, ત્રણ વર્ષથી વધુ સમય પછી તે તેના માતાપિતા સાથે રહે છે. તેને મગજને નુકસાન થયું હોવાનું નિદાન થયું, તે લાંબા સમય સુધી કામ કરી શકતી નથી, વાહન ચલાવી શકતી નથી અથવા તો ઊભી પણ નથી રહી શકતી. કોવિડની રસીઓ એ વિજ્ઞાન અને જાહેર આરોગ્યની જીત છે, એવો અંદાજ છે કે આ રસીએ લાખો હોસ્પિટલમાં દાખલ થવા અને મૃત્યુ થતા અટકાવ્યા છે. છતાં પણ આ શ્રેષ્ઠ રસીઓ ગંભીર આડઅસર પેદા કરે છે. અને કોવિડ રસી યુનાઈટેડ સ્ટેટ્સમાં ૨૭૦ મિલિયનથી વધુ લોકોને લગભગ ૬૭૭ મિલિયન ડોઝમાં આપવામાં આવ્યા છે. હજારો અમેરિકનો માને છે કે તેઓ કોવિડ રસીકરણને પગલે ગંભીર આડઅસરનો ભોગ બન્યા છે. એપ્રિલ સુધીમાં, ફેડરલ સરકારમાં ૧૩,૦૦૦થી વધુ રસી-ઈજા વળતરના દાવા દાખલ કરવામાં આવ્યા છે પરંતુ માત્ર ૧૯ ટકાની સમીક્ષા કરવામાં આવી છે. તેમાંથી માત્ર ૪૭ જ વળતર માટે પાત્ર માનવામાં આવ્યા હતા, અને લગભગ $3,600ની સરેરાશ સાથે માત્ર ૧૨ લોકોને વળતર ચૂકવવામાં આવ્યું છે.

કેટલાક વૈજ્ઞાનિકોને ડર છે કે વાસ્તવિક ઈજાઓવાળા દર્દીઓને મદદ નકારી કાઢવામાં આવી રહી છે અને તેઓ માને છે કે સંભવિત જોખમોને સ્પષ્ટ કરવા માટે વધુ કામ કરવાની જરૂર છે. યેલ યુનિવર્સિટીના ઈમ્યુનોલોજિસ્ટ અને રસી નિષ્ણાત અકીકો ઈવાસાકીએ જણાવ્યું હતું કે જે લોકો કહે છે કે તેઓને રસીકરણ પછીની ઈજાઓ થઈ છે તેઓને સંપૂર્ણપણે અવગણવામાં આવે છે. કેટલાક મહિનાઓ દરમિયાન હાથ ધરવામાં આવેલા ઈન્ટરવ્યુ અને ઈમેઈલમાં, ફેડરલ આરોગ્ય અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગંભીર આડઅસરો અત્યંત દુર્લભ છે આરોગ્ય અને માનવ સેવા વિભાગના પ્રવક્તા જેફ નેસ્બિટે એક ઈમેઈલ નિવેદનમાં જણાવ્યું હતું કે, યુનાઈટેડ સ્ટેટ્સમાં લાખો લોકોએ યુએસ ઈતિહાસમાં સૌથી સઘન સલામતી દેખરેખ હેઠળ કોવિડ રસી સુરક્ષિત રીતે પ્રાપ્ત કરી છે. ડો. વુડકોકે કહ્યું કે, હું માનું છું કે આડઅસરો ધરાવનારની વેદનાને સમજાવી જોઈએ, તેઓને વાસ્તવિક સમસ્યાઓ છે, અને તેમને ગંભીરતાથી લેવી જોઈએ. ફેડરલ અધિકારીઓ અને સ્વતંત્ર વૈજ્ઞાનિકો સંભવિત રસીની આડઅસરોને ઓળખવામાં સંખ્યાબંધ પડકારોનો સામનો કરે છે. રસી મેળવનારાઓના કોઈ તબીબી રેકોર્ડ્સ છે અને આ ડેટાને એકત્રિત કરવાની કોઈ સરળ રીત નથી. સરકારે વળતર ફંડ ઓછું ચૂકવ્યું છે કારણ કે તે સત્તાવાર રીતે કોવિડ રસીઓ માટે અમુક આડઅસરોને માન્યતા આપે છે. જે દર્દીઓ માને છે કે તેઓએ ગંભીર આડઅસરનો અનુભવ કર્યો છે તેઓ કહે છે કે તેઓને બહુ ઓછો ટેકો અથવા સ્વીકૃતિ મળી છે. ફ્રાન્સે કહ્યું કે ડોકટરો કોવિડ રસીઓ સાથેના કોઈપણ જોડાણને નકારી રહ્યા છે. પણ એક વર્ષથી વધુ સમય દરમ્યાન હાથ ધરવામાં આવેલા ઈન્ટરવ્યુમાં લોકોએ કહ્યું હતું કે તેઓને કોવિડ શોટ્સ દ્વારા નુકસાન થયું છે. તેઓએ રસીકરણ પછી વિવિધ લક્ષણો વર્ણવ્યા હતા, જેમાં ન્યુરોલોજીકલ, સ્વયંપ્રતિરક્ષા, અને કાર્ડિયોવાસ્ક્યુલર હતા. ડોકટરો કહે છે કે, જ્યારે અમારા દર્દીઓ કોઈ આડઅસરનો અનુભવ કરે છે જે રસી સાથે સંબંધિત હોઈ શકે છે અથવા ન પણ હોઈ શકે, ત્યારે અમે શક્ય તેટલી સંપૂર્ણ તપાસ કરવા માટે પ્રયાસ કરીએ છીએ. સીડીસીના જણાવ્યા અનુસાર, સિસ્ટમમાં COVID રસીકરણ સંબંધિત આશરે ૧ મિલિયન અહેવાલો છે. સામૂહિક રસીકરણ સાઈટ્સ ઉપર COVID શોટ્સ માટે વીમાના દાવા ડેટાબેઝમાં રેકોર્ડ કરવામાં આવ્યાં નથી, અને યુનાઈટેડ સ્ટેટ્સમાં તબીબી રેકોર્ડ્સ કેન્દ્રિયકૃત નથી. રાષ્ટ્રીય અકાદમીઓ દ્વારા બોલાવવામાં આવેલી નિષ્ણાત પેનલે એપ્રિલમાં તારણ કાઢ્યું હતું કે મોટાભાગની આડઅસરો માટેની લિંકને સ્વીકારવા અથવા નકારવા માટે પૂરતો ડેટા નથી.

કેન્દ્રિય આરોગ્ય સંભાળ પ્રણાલી ધરાવતા કેટલાક દેશોમાં, અધિકારીઓએ સક્રિયપણે COVID રસીની ગંભીર આડ અસરોના અહેવાલો શોધી કાઢ્યા છે. હોંગકોંગમાં સરકારે રસીકરણના દર્દીઓના કેન્દ્રિય તબીબી રેકોર્ડનું વિશ્લેષણ કર્યું અને લોકોને સમસ્યાઓ માટે ચૂકવણી કરી. રાષ્ટ્રની રસી સલામતી પ્રયાસોનું નેતૃત્વ કરનાર હોંગકોંગ યુનિવર્સિટીના સંશોધક ઈયાન વોંગે જણાવ્યું હતું કે, આ વ્યૂહરચનાથી ઘણા બધા હળવા કેસોની ઓળખ કરવામાં આવી હતી. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના ઓટોલેરીંગોલોજિસ્ટ ડો. કોન્સ્ટેન્ટિના સ્ટેનકોવિકે જણાવ્યું હતું કે, ટિનીટસ માટે કોઈ પરીક્ષણ અથવા સ્કેન નથી, અને વિજ્ઞાનીઓ સરળતાથી તેનો અભ્યાસ કરી શકતા નથી. યુનાઈટેડ સ્ટેટ્સમાં લગભગ ૨.૬ મિલિયન લોકોના આરોગ્ય રેકોર્ડના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે લગભગ ૦.૦૪%, અથવા લગભગ ૧,૦૦૦ લોકોને પ્રથમ mRNA શોટના ત્રણ અઠવાડિયામાં ટિનીટસ હોવાનું નિદાન થયું હતું. માર્ચમાં, ઓસ્ટ્રેલિયાના સંશોધકોએ ટિનીટસ અને વર્ટિગોને રસી સાથે જોડતો અભ્યાસ પ્રકાશિત કર્યો હતો. એફડીએ ટિનીટસના અહેવાલોનું નિરીક્ષણ કરી રહ્યું છે, પરંતુ આ સમયે, ઉપલબ્ધ પુરાવા COVID-19 રસીઓ સાથે કારણભૂત જોડાણ સૂચવતા નથી. ૨૨ મે, ૨૦૨૧ ના રોજ, સમાચાર આવ્યા કે CDC મ્યોકાર્ડિટિસના પ્રમાણમાં ઓછા કેસોની તપાસ કરી રહી છે. ૨૩ જૂન સુધીમાં, VAERS માં મ્યોકાર્ડિટિસના અહેવાલોની સંખ્યા વધીને ૧,૨૦૦ થી વધુ થઈ ગઈ હતી. આ વિશ્લેષણ દર્શાવે છે કે મ્યોકાર્ડિટિસ અને પેરીકાર્ડિટિસ માટેનું જોખમ ૧૨ થી ૧૭ વર્ષની વયના કિશોરોમાં mRNA COVID રસીની બીજી માત્રા પછી સૌથી વધુ છે. ઘણા લોકોમાં, રસી-સંબંધિત મ્યોકાર્ડિટિસ ક્ષણિક હોય છે. પરંતુ કેટલાક દર્દીઓને પીડા, શ્વાસ લેવામાં તકલીફ અને હતાશાનો અનુભવ થાય છે. મ્યોકાર્ડિટિસને લીધે મૃત્યુની કોઈ પુષ્ટિ થયેલ નથી, પરંતુ વાસ્તવમાં રસીકરણ પછી મૃત્યુના ઘણા અહેવાલો નોંધાયા છે. કેટલાક નિષ્ણાતોએ જણાવ્યું હતું કે રસી વિરોધી પ્રચારથી વૈજ્ઞાનિકો માટે સંભવિત આડઅસરોને સમજવાનું મુશ્કેલ બન્યું છે. કોવિડ રસીના કથિત જોખમો ઉપરની મોટાભાગની વાતો સ્પષ્ટપણે ખોટી છે, અથવા અતિશયોક્તિપૂર્ણ છે, જે રસી વિરોધી ઝુંબેશ દ્વારા તૈયાર કરવામાં આવી છે. લાખો અમેરિકનોમાંથી જેમને કોવિડ માટે રસી આપવામાં આવી હતી, તેમાથી કેટલાકને કોઈપણ રીતે હાર્ટ એટેક અથવા સ્ટ્રોક આવ્યા હશે. કેટલીક સ્ત્રીઓની કસુવાવડ થઈ હશે. તો રસીના કારણે થતા સંયોગોથી કેવી રીતે અલગ પાડવા જોઈએ ? આ પ્રશ્નનો ઉકેલ લાવવાનો એકમાત્ર રસ્તો સઘન સંશોધન છે. સંપૂર્ણ સંશોધન પણ હજારો અમેરિકનોને મદદ કરી શકે છે. સંઘીય સરકારે રાષ્ટ્રીય રસી ઈજા વળતર કાર્યક્રમ શરૂ કર્યો છે, જે રસીકરણ પછી ઈજાગ્રસ્ત લોકોને વળતર આપવા માટે છે. પરંતુ કોવિડ રસીઓ તે ભંડોળ દ્વારા આવરી લેવામાં આવતી નથી. તેના બદલે, કોવિડ રસી સંબંધિત દાવાઓ કાઉન્ટરમેઝર્સ ઈન્જરી કમ્પેન્સેશન પ્રોગ્રામમાં છે. જાહેર આરોગ્ય કટોકટીઓ માટે બનાવાયેલ, આ પ્રોગ્રામમાં ચૂકવણી કરવા માટેના કડક માપદંડો છે અને પુરાવાના કડક ધોરણો સાથે $50,000ની મર્યાદા છે. તેણે ફાઈલ કરેલા ૧૩,૦૦૦ દાવાઓના માત્ર અમુકની સમીક્ષા કરી છે, અને માત્ર એક ડઝન લોકોને ચૂકવણી કરી છે.

### આગામી ચોમાસા પહેલા

# જૂનાગઢને પાણી પુરૂં પાડતા ત્રણેય ડેમો ઉંડા ઉતારવાના અંગે કમિશ્નરને રજુઆત

## એડવોકેટ અશ્વિનભાઈ મણીયારે જૂનાગઢ મનપાના કમિશ્નરને એક લેખિત પત્ર પાઠવ્યો

જૂનાગઢ તા. ૯

જૂનાગઢના જાગૃત નાગરીક અને એડવોકેટ અશ્વિનભાઈ મણીયારે જૂનાગઢ મનપાના કમિશ્નરશ્રીને એક લેખિત પત્ર પાઠવી જૂનાગઢ શહેરને પાણી પુરૂં પાડતા ત્રણ ડેમો સહિતના પાણીના સ્ત્રોતોમાંથી કાંપ કાઢી ઉંડા ઉતારવા માંગણી કરી છે. કમિશ્નરને પાઠવેલા પત્રમાં જણાવેલ છે કે,

જૂનાગઢ શહેરને પાણી પુરૂં પાડતા ત્રણેય ડેમો હસનાપુર ડેમ, વિલિંગડન ડેમ, સુદર્શન તળાવ તેમજ આણંદપુર ડેમમાં હાલ પાણીનું પ્રમાણ ઓછું છે તેથી જ્યાં જરૂર પડે ત્યાં ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની મંજૂરી મેળવી તાત્કાલિક હસનાપુર ડેમ અને વિલિંગડન ડેમમાંથી ચોમાસા પહેલા પાણીનો સંગ્રહ વધે તે માટે કાંપ કાઢવાની કામગીરી તાત્કાલિક કરવી જોઈએ. ભૂતકાળમાં વિલિંગડન ડેમ ખોદવા માટે મંજૂરી મેળવેલ છે તે મંજૂરી તાત્કાલિક રિફર કરી અથવા મંજૂરીની જરૂર ન હોય તો તાત્કાલિક કામો ચાલુ કરાવવા જોઈએ. ચૂંટાયેલા કોર્પોરેટરોમાંથી બે પાંચ કોર્પોરેટરને બાદ કરતાં બાકીના કોર્પોરેટરો કરોનાને કારણે સ્તબ્ધ બનેલા છે અને કોર્પોરેશનની અતિ ગંભીર અને જરૂરિયાતવાળી બાબત પ્રત્યે ધ્યાન આપી શકતા ન હોય નાછૂટકે અમારે જૂનાગઢના હિતમાં આપશ્રીનું ધ્યાન દોરવાની ફરજ પડેલ છે.

હું વર્તમાન કોર્પોરેશનની પરિસ્થિતિ સમજુ છું તેથી આપના તાબાના કર્મચારી કે અધિકારી આપનું કેટલું કહ્યું કરશે તેની ખબર નથી પણ જૂનાગઢના સામાન્ય નાગરિક તરીકે આપનું ધ્યાન દોરૂં છું. ઉપરાંત નરસિંહ સરોવરને પણ ઊંડું ઉતારી શકાય તેમ છે અને આજુબાજુના ચાર પાંચ કિલોમીટરના એરિયાનો કેચમેન્ટ આવેલ છે ભૂતકાળમાં પહેલો ખાડો ભરાય ત્યારે નાંદરખીની સીમમાં ભર ઉનાળે પાણી નીકળ્યું હતું. ઘાંચી પટ, તળાવ દરવાજા વગેરે એરિયામાં પાણીના તળ ઊંચા આવે તેમ છે આ બાબતે યુદ્ધના ધોરણે કામ કરી જરૂર પડે સરકારી ગ્રાન્ટ મેળવી આ કામગીરી વેગવંતી બનાવવી જોઈએ.

જૂનાગઢમાં પાણીના સ્તર ખૂબ નીચા ગયા હોય અન્ય તળાવ સાબલપુર તળાવ, નીચલા દાતારનું તળાવ , પરી તળાવ, ઝાંઝરડાનું તળાવ જ્યાં જ્યાં કાંપ કાઢવાની જરૂર હોય ત્યાંથી કાંપ કઢાવી ચોમાસા પહેલા આગોતરૂ આયોજન થવું જરૂરી છે.

તે ઉપરાંત જૂનાગઢના ૨૧ જેટલા વોંકળાઓમાં ભરાયેલ કાંપ અને કદડો પણ તાત્કાલિક સફાઈ કરવાની જરૂર છે જેથી વરસાદી પાણી જમીનમાં ઉતરી શકે આ બાબતે પણ આપણા કર્મચારીઓ સાથે મિટિંગ કરી આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા પત્રના અંતે અશ્વિનભાઈ મણીયારે માંગણી કરી છે.

### ડો.સુભાષ મહિલા કોલેજના

# પ્રો.એમ.એ. નંદાણીયાનો નિવૃત્તિ વિદાયમાન કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા. ૯

જૂનાગઢની ડો.સુભાષ મહિલા આર્ટ્સ કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલજ, જૂનાગઢના મનોવિજ્ઞાન વિષયના અધ્યાપક ડો.એમ.એ.નંદાણીયા વય નિવૃત થતા ડો.સુભાષ કોલેજ પરિવાર દ્વારા વિદાય સમારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ડો.એમ.એ.નંદાણીયા સુભાષ મહિલા કોલેજમાં વર્ષ ૧૯૯૦થી ફરજ બજાવતા હતા ફરજ દરમ્યાન અનેક વિદ્વાન પ્રોફેસર નીચે ઘડતર અને પ્રેરણા પામેલ ડો.એમ.એ.નંદાણીયા ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીમાં પીએચડીના ગાઈડ તરીકે સેવા આપી હતી. અને મનોવિજ્ઞાન અનુસ્નાતક ભવનના પ્રો.ઈન્ચાર્જ તરીકે પણ ફરજ બજાવી છે. એમના માર્ગદર્શન નીચે ચાર જેટલા વિદ્યાર્થીઓએ સંશોધન કરી પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે. મનોવિજ્ઞાન વિષયના બોર્ડ અને મંડળમાં પણ તેઓએ પોતાની સેવાઓ આપી છે. આ પ્રસંગે ડો.એમ.એ. નંદાણીયાએ જણાવ્યું કે પેથલજીભાઈ ચાવડા પૂ.બાપુજીના શૈક્ષણિક સેવાયજ્ઞમાં ભાગ લેવાનું થયું એજ મારે મન જિંદગીનો મોટો લાહવો છે. અધ્યયન-અધ્યાપનના ભાગરૂપે અનેક બહેનો શિક્ષિત અને દીક્ષિત થયા એને મારા જીવનની મોટી ઉપલબ્ધિ માનું છું. ડો.સુભાષ પરિવારનો હંમેશા ઋણી રહીશ.

કોલેજ આચાર્ય બલરામ ચાવડાએ વિદાયમાન આપતા કહ્યું હતું કે ડો.મસરી નંદાણીયાની વય નિવૃત્તિ કોલેજ પરિવાર માટે અને વિદ્યાર્થીઓ માટે વસમી જ છે. એક અનુભવી અને સેવાનિષ્ઠ અધ્યાપક તરીકે કોલેજ પરિવાર હંમેશા તેમને યાદ રાખશે. કેમ કે તેમણે ફરજ દરમ્યાન અનેક બ્લડ ડોનેશન કેમ્પ અને થેલેસેમિયા કેમ્પનું આયોજન કરી સમાજને મદદરૂપ થવા પ્રયત્ન કરેલો છે. કોલેજને એમણે ઘરની જેમ સાચવી અને પૂર્ણ ફરજ નિભાવી છે.

આ કાર્યક્રમમાં ડો.સુભાષ કોલેજનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. અને સહુએ ૩૩ વર્ષ સાથે રહ્યાની સ્મૃતિઓ વાગોળી હતી. આ તકે કોલેજના પ્રમુખ જવાહરભાઈ ચાવડાએ ડો.એમ.એ. નંદાણીયાને નિવૃત્તિ સમયે અંતરની શુભેચ્છાઓ પાઠવી શેષ જીવન નિરામય વીતે એવી શુભકામના વ્યકત કરી હતી.

# ક્રોમ્પ્ટનએ તેની વડોદરાની સવલતમાં બિલ્ટ-ઈન-કિચન એપ્લાન્યસીસ માટે નવી ઉત્પાદન લાઈનની સ્થાપના કરી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ ૯

ભારતમાં અગ્રણી કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ કંપની ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમીટેડ (ક્રોમ્પ્ટન)એ તેની વડોદરા ખાતેની ઉત્પાદન સવલતમાં બિલ્ટ-ઈન-કિચન એપ્લાન્યસીસના ઉત્પાદન અને એસેમ્બલી ઓપરેશન્સના પ્રારંભની ઘોષણા કરી હતી.


૨૩ એકર્સમાં ફેલાયેલી આ સવલત ક્રોમ્પ્ટનના 'મેક ઈન ઈન્ડિયા'ની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે અને કંપનીને ઉપભોક્તાઓને પોતાના નવીન પ્રોડક્ટ પોર્ટફોલિયો વધુ અસરકારક રીતે પૂરો પાડવા સશકત બનાવે છે. અદ્યતન એસેમ્બલી પ્રોસેસ અને ફીચર્સથી જેમ કે ઈન-બિલ્ટ **Poka-Yoke** (ક્ષતિમુકત) અને ઓટોમેટેડ નિરીક્ષણ સિસ્ટમથી સજ્જ છે જેથી ઉચ્ચ ગુણવત્તા ધોરણો સુનિશ્ચિત કરી શકાય.ઉત્પાદન માળખાને બોર્ડ ઓફ ડિરેકટર્સ અને વડોદરા ગુજરાતમાં ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમીટેડની નેતૃત્વ ટીમની હાજરીમાં ખુલ્લું મુકવામાં આવ્યુ હતું. માળખાના ઉદઘાટન સમયે બોલતા એમડી અને સીઈઓ પ્રોમીત ઘોષએ જણાવ્યું હતુ કે, 'કિચન એ ક્રોમ્પ્ટન માટે એક વ્યૂહાત્મક જગ્યા છે અને તે અમારી ભવિષ્યની વૃદ્ધિ માટે અગત્યનું ચાલક રહેશે. વડોદરાનું માળખુ ચડીયાતી ગુણવત્તાવાળી 'મેઈડ ઈન ઈન્ડિયા' પ્રોડક્ટ્સ પ્રદાન કરવાની અમારી સ્થિતિને વધુ મજબૂત બનાવશે. નવીનતા પર ભાર મુકવાની સાથે શ્રેષ્ઠ ઉત્પાદન અને ગ્રાહક સંતોષ દ્વારા આ સવલત શ્રેષ્ઠ ગુણવત્તા અને સુંદરતા સાથે આધુનિક યુગના કિચન એપ્લાન્યસીસને લાવવામાં અગત્યનો ભાગ ભજવશે તેવો અમને આત્મવિશ્વાસ છે.'

ગુણવત્તાયુક્ત ઓફરિંગ્સ પર પ્રકાશ પાડતા મેન્યુફેક્ચરીંગ, પ્લાનીગ અને લોજિસ્ટિક્સના વડા પ્રવિણ સરાફએ જણાવ્યું હતુ કે 'અમે નવી ઉત્પાદન સવલત લોન્ચ કરતા ખુશી અનુભવીએ છીએ જે ફક્ત અમારી ઉત્પાદન ક્ષમતાઓમાં જ વધારો કરશે એટલુ જ નહી પરંતુ ગુણવત્તા અને નવીનીકરણ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પણ બળ આપશે.'

બિલ્ટ-ઈન-કિચન એપ્લાન્યસીસના બિઝનેસ વડા નિતેશ માથુરએ જણાવ્યું હતુ કે, 'ક્રોમ્પ્ટન તેના લક્ષ્યાંકિત ઉપભોક્તા સેગમેન્ટની ઊંડી સમજણ ધરાવે છે અને વિવિધ પ્રોડક્ટ રેન્જ પ્રદાન કરવા તરફે પ્રતિબદ્ધ છે. આ સવલત વધુમાં અમારી ક્ષમતે વધુ મજબૂત બનાવશે અને અમારી લાંબાગાળાની મહત્ત્વાકાંક્ષા અનુસાર વધુ બજાર હિસ્સો મેળવવા માટે સક્ષમ બનાવશે.'

ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમીટેડ પોતાના મૂલ્યવાન ઉપભોક્તાઓ, ચેનલ પાર્ટનર્સ, સપ્લાયર્સ, હિસ્સાધારકો અને રોકાણકારો સામે તેમના સતત ટેકાને લીધે આભાર વ્યક્ત કરે છે. આ નવી સવલત સાથે, ક્રોમ્પ્ટન નવીનીકરણી અને ઉચ્ચ ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ અને સેવાઓ મારફતે ગ્રાહકોની અપેક્ષાઓને પરિપૂર્ણ કરવા માટે કટિબદ્ધ છે.

# ખંભાળિયાની દ્વારકાધીશજી હવેલીમાં પાટોત્સવનાં દર્શન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૯

ખંભાળિયામાં ન્યુ રામનાથ સોસાયટી ખાતે આવેલી શ્રી દ્વારકાધીશજીની હવેલી ખાતે આજરોજ ગુરૂવાર તા. ૯ ના રોજ વૈશાખ સુદ એકમ નિમિત્તે શ્રી દ્વારકાધીશજી પ્રભુનો પાંચમો મંગલ પાટોત્સવ યોજવામાં આવ્યો છે. જેમાં સવારે મંગલાના દર્શન બાદ ૯:૧૫ વાગ્યે પલના (શૃંગાર), ૧૨:૩૦ વાગ્યે તિલકના દર્શનનો શ્રધ્ધાળુઓએ લાભ લીધો હતો. તેમજ સાંજે ૬ વાગ્યે એલચીની મંડલીના દર્શનનું આયોજન કરાયું છે તેમ મંદિરના મુખ્યાજીએ જણાવેલ છે.

# શ્રીજી સયાજી હોટલ જામનગર ખાતે 'હાઉ ટુ રિપ્રોગ્રામિંગ યોર સબકોન્શિયસ માઈન્ડ' વિષે વર્કશોપ યોજાયો



જામનગર તા. ૯

શ્રીજી સયાજી હોટલ જામનગરે તેમની લીડરશીપ ટીમને સશક્તિકરણ આપવાના ઉદ્દેશ્યથી **"How to Re-program Your Sub-conscious Mind"** એ શીર્ષક હેઠળ એક શક્તિશાળી વર્કશોપનું આયોજન કર્યું હતું. રાષ્ટ્રીય કક્ષાના પ્રખ્યાત તાલીમકાર હિતેશ પંડ્યા અને કાજલ પંડ્યા (ચૈતન્ય ચેરીટેબલ ટ્રસ્ટ ) દ્વારા આયોજિત આ સત્ર વધુ વ્યક્તિગત અને વ્યાવસાયિક સફળતા મેળવવા માટે સબકોન્શિયસ માઈન્ડની અદ્ભૂત શક્તિ નો ઉપયોગ કરવા પર કેન્દ્રિત હતું.

વર્કશોપનું ઉદ્‌ઘાટન હોટલના જનરલ મેનેજર રાજકુમાર ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે હિતેશ અને કાજલ પંડ્યાનું સ્વાગત કર્યું અને હોટલના કર્મચારીઓ માટે સતત શિક્ષણ અને વિકાસની મહત્ત્વતા પર ભાર મૂક્યો હતો.

વર્કશોપ દરમ્યાન સહભાગીઓ સબકોન્શિયસ માઈન્ડના છુપા અદભૂત ખજાના સમાં વિશ્વમાં ઉંડા ઉતર્યા, વિચારો, વર્તન અને નિર્ણય લેવાની પ્રક્રિયા ઉપર તેની અસરનું અન્વેષણ કર્યું હતું. તાલીમકાર હિતેશ પંડ્યા અને કાજલ પંડ્યા દ્વારા સહભાગીઓને નાના હતા ત્યારે બાળપણમાં ધરબાયેલી કેટલીક મર્યાદિત માન્યતાઓને ફરીથી રીપ્રોગ્રામ કરવા અને વિકાસલક્ષી વિવિધ ઉપયોગી વિચારસરણી કેળવવા માટે વ્યવહારૂ સાધનો અને ટેકનિકોથી સજ્જ કરવામાં આવ્યા હતા. આ ઈન્ટરેક્ટિવ વર્કશોપે **HR** અને **HOD** સ્ટાફને આત્મ-સુધાર, તણાવ વ્યવસ્થાપન અને લક્ષ્ય સિદ્ધિ માટે કિંમતી અંતર્દ્રષ્ટિ આપી. તેમના સબકોન્શિયસ માઈન્ડની શક્તિને સમજીને અને તેનો ઉપયોગ કરીને, સહભાગીઓએ તેમની સંપૂર્ણ ક્ષમતાને અનલોક કરવા અને શ્રીજી સયાજી હોટલની સફળતામાં વધુ અસરકારક રીતે યોગદાન આપવાની ક્ષમતા મેળવી.

વર્કશોપમાં હિતેશ અને કાજલ પંડ્યાએ કેટલીક રમતો, ધ્યાન કસરતો અને વિવિધ વ્યવહારૂ પ્રવૃત્તિઓ દ્વારા આત્મ-સાક્ષાત્કાર, વિઝીયુલાઈજેશન અને કૃતજ્ઞતાની પ્રેક્ટિસ કરાવી હતી. આવી શક્તિશાળી વર્કશોપ માટે કોઈપણ શાળા અને કોલેજ પણ હિતેશ પંડયા અને કાજલ પંડયાનો મો.૭૪૦૫૭૭૫૭૮૭ ઉપર સંપર્ક કરી શકે છે.

# ખંભાળિયાના બારાડી બેરાજા ગામે શુક્રવારે મોદી - માવાણી પરિવારનો હવન

જામ ખંભાળિયા, તા. ૯

રઘુવંશી જ્ઞાતિના મોદી માવાણી પરિવારના હવન તેમજ કુળદેવી હરસિધ્ધિ માતાજીના મેળા અને સમૂહ નિવેદનું આયોજન આવતીકાલ શુક્રવાર તા.૧૦ મી ના રોજ ખંભાળિયા તાલુકાના બેરાજા (બારાડી) ગામે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શુક્રવારે સવારે ૮:૩૦ વાગ્યે હવનનો પ્રારંભ થશે. બપોરે ૧ વાગ્યે હવનનું બીડું હોમાયા બાદ મહાપ્રસાદીનું પણ આયોજન બેરાજા ગામના જલારામ મંદિર ખાતે કરાયું છે. જેમાં સર્વે મોદી માવાણી પરિવારજનોને ઉપસ્થિત રહેવા આયોજકો વતી દિપકભાઈ મોદી તથા યોગેશભાઈ મોદી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# આવતીકાલ તા.૧૦મી મે ના રોજ ભગવાન પરશુરામનો જન્મદિવસ



ભગવાન પરશુરામનો જન્મઅક્ષય તૃતીયાના પવિત્ર પર્વ પર થયો હતો, જે આવતીકાલ તા.૧૦મી મેના રોજ આવી રહ્યો છે. ભગવાન પરશુરામની કથા શક્તિ, ધર્મ અને જ્ઞાનથી ભરેલી છે. સમગ્ર સૃષ્ટિમાં વનસ્પતિ સમગ્ર જીવો પ્રાકૃતિક સૌંદર્ય એ તમામ જે છે એ જ સ્થિતિમાં બરકરાર રાખવાની નેમ રાખનાર 'જમદગ્ન' જેઓને તેમની જન્મજયંતી પર સાષ્ટાંગ વંદન.

ભગવાન પરશુરામનો જન્મ મહર્ષિ ભૃગુઋષિ ના પુત્ર ઋષિ જમદગ્નિ એ જ્યારે પુત્રેષ્ટિયજ્ઞ કરેલો તે યજ્ઞના ફળ રૂપે દેવરાજ ઈન્દ્ર દ્વારા ઋષિ પત્ની રેણુકા ને વરદાન સ્વરૂપે પાંચમા પુત્ર રત્નનો જન્મ થયો જ્યારે તે બાળક પોતાના પિતામહ મહર્ષિ ભૃગુ દ્વારા નામકરણ સંસ્કાર બાદ ભગવાન શિવજી દ્વારા તેઓને ફરશી પ્રાપ્ત થઈ તેથી તેનું નામ પરશુરામ મળ્યું જેઓનો શાબ્દિક અર્થ પરશુ મતલબ પરાક્રમ અને રામનો પર્યાય છે. સત્ય સનાતન સનાતન પરાક્રમી ભગવાન વિષ્ણુના દશાવતારમાં છઠ્ઠા અવતાર ભગવાન પરશુરામને માનવામાં આવે છે. તેઓના ભાઈ બહેનોમાં ભાઈ રૂકમવાન, સોણશું, વસુ તેમજ વિશ્વાવાસુ હતા. શ્રીમદ્ ભગવતમાં ભગવાન પરશુરામના વિવાહ સંબંધે કોઈ ઉલ્લેખ મળતો નથી પરંતુ વિષ્ણુ પુરાણમાં તેનું વર્ણન મળે છે કે જ્યારે પદ્મનો જન્મ થયો ત્યારે હરિ આદિત્ય એટલે કે (અદિતિના પુત્ર બન્યા) જ્યારે ભાર્ગવ રામ બન્યા તો તે ધરણીના સ્વરૂપમાં આવ્યા પૌરાણિક કથા અનુસાર તેઓ ભગવાન વિષ્ણુના અવતાર તેમજ ધરણી લક્ષ્મીનો અવતાર ગણાય છે.

જ્યારે પૃથ્વી ઉપર અતિશય દૃષ્ટતા પ્રવર્તતી હતી ત્યારે એક વર્ગ શસ્ત્રો અને શક્તિ સાથે તેમની શક્તિનો દુરૂપયોગ કરવા લાગ્યો હતો ત્યારે પ્રજા પર જુલ્મ પ્રવર્તતા હોય તેમને ૨૧ વખત ધરાને ક્ષત્રિય વિહોણી કરીને વૈશ્વિક સંતુલન સુધાર્યું હતું. તેઓએ ધરતી પર વૈદિક સંસ્કૃતિનો પ્રચાર પ્રસાર કરવા કમર કસી તેમજ કેટલાક પ્રાંતો વસાવેલા જેમાં કોંકણ ,ગોવા, કેરળ વગેરેનો સમાવેશ થાય છે. પૌરાણિક કથા અનુસાર તેઓએ ગુજરાતથી લઈને કેરેલા સુધી સમુદ્રને પોતાના તીર દ્વારા પાછળ ધકેલી દીધો હતો અને નવી ધરતીનું નિર્માણ કરેલું આ નવી ધરાના નિર્માણના કારણે આજે પણ ગોવા કોંકણ કેરેલામાં તેઓ ભગવાનની જેમ વંદનીય છે. તેઓ ભાર્ગવ ગોત્રના સૌથી આજ્ઞાકારી સંતાનોમાં એક હતા. જેઓ સદૈવ માતા પિતા તેમજ ગુરૂની આજ્ઞાનું પાલન કરતા હતા તેઓ માનતા હતા કે રાજાનો ધર્મ વૈદિક જીવનનો પ્રચાર પ્રસાર કરવો, નહીં કે પોતાની પ્રજા પાસે આજ્ઞા પાલન કરાવવી. તેઓ બ્રાહ્મણ કુળમાં અવશ્ય જન્મેલા પરંતુ કર્મથી તેઓ એક ક્ષત્રિય હતા તેઓ પશુ-પક્ષીની ભાષા સમજતા, જાણતા તથા તેઓ સાથે વાતો પણ કરતા, તેમના સ્પષ્ટ માત્રથી જંગલી પશુઓ પણ તેમના મિત્ર બની જતા હતા.

તેઓ લશ્કરની તાલીમ દ્વારા બ્રાહ્મણોને જ તાલીમ આપતા પરંતુ અપવાદરૂપ તેમના શિષ્યોમાં ખાસ કરીને ભીષ્મ તેમજ કર્ણ તેમજ અશ્વસ્થાના પિતા ગુરૂ દ્રોણ હતા. કર્ણને એ ખ્યાલ નહોતો કે પોતે જન્મે એક ક્ષત્રિય છે. તેઓ પોતાને હંમેશા શુદ્ર માનતા હતા પરંતુ પોતાનું સામર્થ્ય છુપાયેલું ન રહ્યું તેઓએ પશુરામને એ વાત જણાવવા ન દીધી કે પોતે શુદ્ર છે. જ્યારે એ વાતની જાણ પરશુરામને થઈ ત્યારે તેઓએ કર્ણને શ્રાપ આપીને 'કર્ણનું તમામ જ્ઞાન તેના સૌથી વધુ જરૂરિયાતના સમયે કામ નહીં આવે' તેવો શ્રાપ આપેલો તેથી જ તો કુરૂક્ષેત્રના મેદાનમાં મહાભારતના યુદ્ધમાં કર્ણ અર્જુન દ્વારા હણાયા. અર્જુન દ્વારા કર્ણનું મૃત્યુ એ ભગવાન પરશુરામના શ્રાપને કારણે અર્જુન સામે કર્ણ બ્રહ્માસ્ત્ર ચલાવવાનું જ્ઞાન વિશ્રુતિને કારણે સફળ ન થયા જ્યારે સતયુગમાં ભગવાન શિવના દર્શન માટે પરશુરામજીને ગણેશ દ્વારા રોકવામાં આવેલા ત્યારે ફરશી વડે તેના દાંત પર પ્રહાર કરેલ ત્યારથી જ તેઓ એકદંત કહેવાયા. એક માન્યતા અનુસાર પરશુરામ સદૈવ અમર છે માઈથોલોજી મુજબ બલી વ્યાસે શ્લોની પંક્તિ પ્રમાણે અશ્વસ્થામા બલિરાજા, વ્યાસ મુની, હનુમાનજી, વિભૂષણ, કૃપાચાર્ય તેમજ પરશુરામ સાત ચિરંજીવી છે. કોઈ શ્રાપના કારણે તો કોઈ વરદાનના કારણે મૃત્યુથી પર છે. તેઓને ક્યારેય વૃદ્ધાવસ્થાનો સામનો ન કરવો પડ્યો. ઉજ્જૈનના જ્યોતિ આચાર્ય પંડિત મનીષ શર્માના જણાવ્યા મુજબ આ શ્લોક જે કોઈ મનુષ્ય સવારે જાપ કરે એવી પરંપરા છે આવું કરવાથી તે મનુષ્યને દીર્ઘાયુ તેમજ સ્વસ્થ જીવન મળે છે.

પરશુરામના વંશજ બ્રાહ્મણ ઉદયશંકર ગુમલા બ્રાહ્મણ તેમના વંશજો છે તેઓ એક ઉચ્ચ વિદ્યાલયના પરશુરામની જન્મ જયંતી મહોત્સવમાં વાત ઉચ્ચારેલ કે બ્રાહ્મણોએ પોતાની સંસ્કૃતિ સભ્યતા બરકરાર રાખવા આગળ આવવું પડશે ઈશ્વર બ્રાહ્મણોને માતા ગર્ભમાંથી જ શ્રેષ્ઠ બનાવીને મોકલ્યા છે. તેઓ કહે છે કે ભગવાન પશુરામમાં જે વિદ્વતા હતી જે વીરતા હતી તે બ્રાહ્મણોએ આત્મસાત્ કરવી જોઈએ. સમાજમાં ફેલાયેલ દહેજ પ્રથા રોકવી તેમજ કુરિવાજ સામે લડીને ગરીબ મેધાવી બાળકોનું ભવિષ્ય બનાવવા કમર કસવી જોઈએ અને સમાજમાં પોતાનું યોગદાન આપવું. ભલે પરશુરામ બ્રાહ્મણ પરિવાર સાથે સંબંધ ધરાવતા તેઓ બ્રાહ્મણ સમાજના જ આદર્શ નહીં પરંતુ પૂરા હિંદુ સમાજના લોકો તેને આદર્શ માને છે. આજે પણ મહેન્દ્ર પર્વત પર તેઓ નિવાસ્થાન કરે છે અને અજર અમર છે આવા સાક્ષાત ભગવાન પરશુરામને મારા કોટી કોટી પ્રણામ વંદન..

### ગુજરાતમાં ભગવાન પરશુરામ જન્મજયંતિનું ઉત્સવ

ગુજરાત સહિત સમગ્ર ભારતમાં ભગવાન પરશુરામ નીજન્મજયંતિ ભક્તિભાવથી ઉજવવામાં આવે છે. મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવે છે. ભક્તો ઉપવાસ રાખે છે અને ભગવાન પરશુરામ આશીર્વાદ મેળવવા માટે ધાર્મિક વિધિઓ કરે છે. કેટલાક સ્થળોએ, યુવાનો યુદ્ધકળાના પ્રદર્શન દ્વારા ભગવાન પરશુરામની શક્તિ અને શૌનું સ્મરણ કરે છે.

### અંતિમ વિચાર

ભગવાન પરશુરામનું જીવન એ ન્યાય, શક્તિ અને જ્ઞાનનું પ્રતિબિંબ છે. ભગવાન પરશુરામની જન્મજયંતિ એ માત્ર ઉત્સવ નથી, પરંતુ ભગવાન પરશુરામ દ્વારા આપવામાં આવેલા સંદેશને યાદ કરવાનો અવસર છે. આપણે બધાએ ધર્મ, ન્યાય અને જ્ઞાન માટે પ્રયત્ન કરવો જોઈએ જેથી સમાજ શાંતિ અને સુખમય બને. આજે પણ ભગવાન પરશુરામની પૂજા સમગ્ર ભારતમાં કરવામાં આવે છે. તેમના જીવન અને શીખવણી આજે પણ સમાજ માટે પ્રસ્તુત છે.

નોંધઃ ● આ લેખમાં ઉલ્લેખિત માહિતી શાસ્ત્રો અને પુરાણો પર આધારિત છે.

● ધાર્મિક માન્યતાઓ અંગે વ્યક્તિગત મતભેદ હોઈ શકે છે.

**કાજલ પંડયા (એડવોકેટ)**
મેનેજિંગ ટ્રસ્ટીઃ ચૈતન્ય ચેરીટેબલ ટ્રસ્ટ,
ઉપાધ્યક્ષ : રાષ્ટ્રીય પરશુરામ સેના (સૌરાષ્ટ્ર ઝોન)

# યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે દેવ પિતૃકાર્ય અમાસ નિમિત્તે મોક્ષ પીપળે પાણી રેડવા, પિતૃતર્પણ કરવા માનવ મહેરામણ છલકાયો



પ્રાચી તીર્થ તા.૯

સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે આજે ચૈત્ર માસની અમાસ દિવસે મોક્ષ પીપળે પાણી રેડવા, પૂજા અર્ચના, પિતૃ તર્પણ કરવા માટે માનવ મહેરામણ ઉમટયો હતો આ દિવસે પૂજા ઉપાસના કરવા માટે ઉત્તમ દિવસ ગણાય છે સાથે સાથે પિતૃઓને પીપળે પાણી રેડવાનું અનેરૂ મહત્વ છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે ચૈત્ર માસનો છેલ્લો દિવસ એટલે કે અમાસ નિમિત્તે મોક્ષ પીપળે પાણી રેડવા માનવ મહેરામણ ઉમટયો અને વહેલી સવારથી જ પિતૃ નો પ્રારંભ થયો હતો મોક્ષ પીપળે ઓમ સર્વે પિતૃભયો નમઃ બોલી પિતૃઓના આત્માને શાંતિ માટે પોત પોતાના પિતૃઓનું નામ લઈને મોક્ષ પીપળે પાણી રેડી પિતૃઓને આત્માને શાંતિ મળે છે પ્રાચી તીર્થ ના બ્રાહ્મણો બકુલદાદા પંડ્યા અને હરસુખભાઈ પંડ્યા દ્વારા જણાવ્યા મુજબ પ્રાચી તીર્થ ની પવિત્ર ભૂમિ પરથી પસાર થતી પવિત્ર સરસ્વતી નદી વહે છે જે જગત ની એક માત્ર નદી છે જે પૂર્વ દિશામાં સૂર્ય ની સામે વહે છે જેથી આ પવિત્ર સરસ્વતી નદી ને પૂર્વ વાહીની નદી કહેવાય છે આ પ્રાચી તીર્થ ની ભૂમિ પર ધર્મરાજ યુધિષ્ઠિરે પિતૃ તર્પણ કર્યું હતું આ તીર્થ ક્ષેત્ર માં થી પસાર થતી સરસ્વતી નદી માં સ્નાન કરવાથી કહી ધર્મરાજે વાવેલા મોક્ષ પીપળા ને પાણી રેડવાથી પિતૃ તર્પણ નું કાશી કરતા પણ અનન્તગણું પુણ્ય પ્રાપ્ત થાય છે શ્રીમદ ભાગવતપુરાણ મુજબ શ્રદ્ધકાર્ય કે મૃતક પાછળ આત્માન મુક્તિ અર્થે થતા કર્મકાંડ માટે ના ઉત્તમ સ્થળો માં પ્રભાસક્ષેત્ર સ્થાન પામે છે આ પ્રભાસક્ષેત્ર માં દ્વારક, સોમનાથ, અને પ્રાચી તીર્થ નો સમાવેસ થાઈ છે આ પ્રાચી તીર્થ માં મોક્ષ પીપળા નીચે ભગવાન શ્રી કૃષ્ણ એ વદુકુળ નો મોક્ષ કર્યો હતો તેમજ આ મોક્ષ પીપળા નીચે શ્રી મહાપ્રભુજી ભગવાને ઉધ્ધવ ને છેવટ નું જ્ઞાન આપ્યું હતું શ્રી કૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા પછી પ્રાચી થી પસાર થતી પવિત્ર સરસ્વતી નદી કિનારે માધવરાયજી સ્વરૂપે પ્રગટ થયા હતા જે હાલ સરસ્વતી કિનારે જાંબુડા ના ઝાડ નીચે બિરાજ માન છે હાલ માં પણ સરસ્વતી નદી માં નવા નીર આવે એટલે સરસ્વતી નદી માધવરાયજી તેમજ લક્ષ્મી જ ના ચરણ સ્પર્શ કરી આગળ વર્ષે છે જેથી ચોમાસા ના ત્રણ થી ચાર મહિના માધવરાયજી મહારાજ જળમગ્ન રહે છે.તેમજ પ્રાચી તીર્થ માં ઘણા નાના મોટા મંદિરો છે જેમાં સરસ્વતી ઘાટ ઉપર અન્નપૂર્ણા માતાજી તેમજ વાઘેશ્વરી માતાજી નું મંદિર આવેલું છે તેમજ સરસ્વતી નદી કિનારે પાંડવો વખત ના છ છ શિવ મંદિર આવેલા છે જેમાં વિઠલે શ્વવર મહાદેવ, દેવ દેવેશ્વર મહાદેવ,ગોવિંદેશ્વર મહાદેવ, અર્જુનેશ્વર મહાદેવ, શિહેસ્વર મહાદેવ અને પૃથવેશ્વર મહાદેવ ના મંદિર આવેલા છે જે યાત્રીઓ માટે અતિ પ્રચલિત છે પ્રાચી તીર્થ ની પવિત્ર ભૂમિપર પિતૃ માસ નિમિત્તે ગુજરાતભરમાંથી પોતાના પિતૃ ના મોક્ષર્થે પ્રાચી તીર્થ ક્ષેત્ર માં ભારે ઘસારો રહે છે જેમાં ચૈત્ર માસ, કારતક માસ, ભાદરવો માસ, શ્રાવણ માસ માં પિતૃ કાર્ય માટે અતિ પ્રચલિત હોવાથી માનવ મેદની ઉમટે છે તેમજ ચૈત્ર માસ ના અંતિમ દિવસે એટલેકે અમાસ જેને પિતૃ અમાસ પણ કહે છે તેથી પિતૃઓ ના મોક્ષર્થે આ ચૈત્ર અમાસ ના દિવસે અનેરું મહત્વ હોવાથી મોક્ષ પીપળે પાણી રેડવા અને પિતૃ કાર્ય કરાવવા માટે દૂર દૂર થી ભાવિકો ઉમટી પડે છે.આજેઅમાસ હોવાથી તીર્થ સ્થાનનું પણ અનેરૂ મહત્વ હોય છે આથી આ દિવસે તથા પૂનમનું શ્રાધ પણ કરાય છે આ દિવસે દાન નુ પણ અનેર મહત્વ રહ્યુંછે જેનુ અનેક ઘણું ફળ મળે છે. આ દિવસે મહાદેવને દૂધ કાળા તલ અને સાકર મિક્સ કરીને ચડાવવા થી ગ્રહ પીડા દૂર થાય છે. પિતૃદોષ નિવારણ માટે ઉત્તમ દિવસ ગણાય છે.

(તસ્વીર : જાદવ ચુડાસમા)

# કેશોદના નાની ઘંસારી મોટી ઘંસારી ગામ વચ્ચે રોડ નજીક રોડ સુરક્ષા દિવાલના કામમા તંત્રની મનમાની?

**નાની ઘંસારીથી મોટી ઘંસારી વચ્ચે બે પહેલાં નવો રોડ બનવાનું કામ તથા સુરક્ષા દિવાલ મંજુર થયા બાદ ટેન્ડર રદ થયા ફરીથી કોઈ કામગીરી શરૂ ન થતા વાહન ચાલકો પરેશાન તંત્રને ઉગ્ર રજૂઆત કરશે કામગીરી નહી થાય તો આંદોલનની ચીમકી ઉચ્ચારી**

(પ્રતિનિધી દ્વારા)

કેશોદ તા.૯

કેશોદ તાલુકાના નાની ઘંસારી ગામથી તાલુકા મથક કેશોદ જવા માટે મોટી ઘંસારીથી પસાર થવું પડેછે નાની ઘંસારીથી મોટી ઘંસારી સુધીનો અંદાજે ત્રણ કિલો મીટર રોડ ઘણાં વર્ષોથી બિસ્માર હાલતમાંછે બે વર્ષ અગાઉ રોડ મંજુર થયો હતો જેનું ટેન્ડર પણ અપાઈ ગયુ હતુ જે ટેન્ડર ડાઉનમાં હોય કોન્ટ્રેક્ટરને નુકશાની જતી હોય કે અન્ય કારણ હોય આખરે તે ટેન્ડર રદ થયુ હતું તેવી જ રીતે નાની ઘંસારી મોટી ઘંસારી વચ્ચે સુરક્ષા દિવાલ પણ મંજુર થયેલ જેનુ ટેન્ડર પણ મંજુર થયેલ તે પણ રદ થયું આવી રીતે બે વર્ષથી વધારે સમયથી રોડ તથા સુરક્ષા દિવાલનું કામ અદ્ધરતાલ હોવાથી વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યાં છે.



નાની ઘંસારીથી મોટીઘંસારી રોડથી ખમીદાણાં ટીટોડી અને ઘેડ વિસ્તારના ગામડાને કેશોદ તાલુકા સાથે જોડતો રોડ હોય આ રસ્તામાં હજારો રાહદારીઓ અવર જવર કરતા હોય પરંતુ અત્યારે આ રોડની અત્યંત ખરાબ પરસ્થિતિ છે અને નાની ઘંસારીથી એક કિલોમીટર આગળ એક પાણીનો વોકળો નીકળેછે ત્યાં પાંચ ફૂટ જેટલો રોડ તૂટીને ખાડો પડી ગયેલછે આ ખાડામાં અવાર નવાર અકસ્માત સર્જાયછે અત્યારે જીવના જોખમે વાહનચાલકો અહીંથી પસાર થાયછે ચોમાસુ નજીક હોય ચોમાસા દરમ્યાન મોટા વાહનો પણ અહીંથી પસાર થઈ શકશે નહિ એવી પરિસથિતિ સર્જાય એવા એંધાણ હોય અને અંદાજે બે વર્ષથી આ રોડ મંજૂર થયેલ હોય જેનું કામ ટલ્લે ચડયુંછે એકવાર ટેન્ડર રદ થયેલ અને ફરીથી નવું ટેન્ડર પણ ઈશ્યું થયેલ છે અને વારંવાર રજૂઆત કરવા પછી પણ હજુ સુધી અહીંયા કોઈ કામગીરી કરવામાં આવેલ નથી અને જવાબદાર લાગતા વળગતા અધિકારીઓ જાણે મનમાની ચલાવી કામગીરી શરૂ કરાવેલ ન હોવાથી તંત્ર સામે વાહનચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

સુરક્ષા દિવાલનું કામ વહેલી તકે શરૂ કરવામા આવે તેવી વાહનચાલકોની માંગછે ટૂંક સમયમાં આ કામગીરી શરૂ કરી કામગીરી પુર્ણ કરવામાં નહી આવે તો આસપાસના સમગ્ર ગ્રામજનો હવે રોડ પર આવીને રસ્તા રોકો આંદોલન કરશે અને તમામ લાગતી સરકારી ઓફિસો ચક્કાજામ કરશે જેની ગંભીરતા પૂર્વક તંત્ર નોંધ લેય અને ટૂંક સમયમાં ઝડપથી કામગીરી પૂરી કરે એવી વાહનચાલકોએ ચિમકી ઉચ્ચારીછે ત્યારે આવનારા દિવસોમાં કામગીરી શરૂ થશે કે કેમ તે જોવાનું રહ્યું હાલ વાહનચાલકો તંત્ર સામે રોષ વ્યક્ત કરી રહ્યા છે.

ગત વિધાનસભાની ચૂંટણી પુર્વે ધારાસભ્ય દેવાભાઈ માલમે ચુંટણી પ્રચાર સમયે નાની ઘંસારી ગામે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે પહેલું કામ રોડનુ કરીશ એ ચૂંટણી પણ પુર્ણ થઈ ગઈ વિજેતા બન્યા એના પણ બે વર્ષથી વધુ સમય થયો છતાં આજ દિન સુધી રોડનુ કામ શરૂ થયુ નથી ત્યારે રાજકીય આગેવાનો અને તંત્ર એકબીજાને ખો આપી રહયાછે કે શું એ ચર્ચાનો વિષયછે ત્યારે વાહનચાલકોએ રસ્તા રોકો આંદોલન સરકારી કચેરીએ ઘેરાવ કે અન્ય ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે કે ટુંક સમયમાં કામગીરી શરૂ થશે એ આવનારો સમય બતાવશે પણ હાલ રાજકીય આગેવાનો અને તંત્ર સામે વાહનચાલકો રોષ વ્યક્ત કરી રહ્યા છે.

# ઉના : વાવરડા ગ્રામ પંચાયતમાં પાણીનું એટીએમ મશીન શોભાના ગાંઠીયા સમાન




(નવીન જોષી દ્વારા)

ઉના તા.૯

ઉના તાલુકા ના વાવરડા ગામે ગ્રામ પંચાયત મા ૧૫ મા નાણાપંચ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨ મા ગામ લોકોને શુધ્ધ અને ઠંડુ પાણી પીવાના પાણી ની સુવિધા મળી રહે તે માટે પાણીનુ આરોપ્લાન ફિલ્ટર એ.ટી.એમ. મશીન મુકવામા આવ્યુ છે પરંતુ છેલ્લા ત્રણ ચાર મહિના થી પાણીનું આરોપ્લાન ફિલ્ટર મશીન બંધ હાલતમા ધૂળ ખાય રહ્યુ છે ફિલ્ટર આરોપ્લાન મશીન બંધ હોવાથી ગામના સરપંચ. ઉપસરપંચ. ગ્રામ પંચાયત ના વી. ઈ. સી. તેમજ જિલ્લા પંચાયત ના જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પ્રકાશ ભાઈ ટાંક સહિતે અનેક વખત ટેલિફોનીક રજુઆત કરવા છતા આજસુધી આરોપ્લાન ફિલ્ટર મશીન રીપેરીગ કરવા મા આવ્યુ નથી આરોનુ ફિલ્ટર પ્લાનના પાણીની સુવિધા હોવા છતા લોકો સુવિધા લઈ શકતા નથી કારમાં ઉનાળા મા લોકો ને શુધ્ધ અને ફિલ્ટર વાળું ઠંડુ પાણી થી વંચિત રહે છે.અનેક વખત રજૂઆત કરવા છતા રજુઆતો ધ્યાને લેતા નથી પાણીનુ ફિલ્ટર આરો પ્લાન મશીન શોભાના ગાંઠીયા સમાન છે જેથી પાણીનુ આરો પ્લાન ફિલ્ટર મશીન શરૂ કરી ગામ લોકો ને સુવિધા આપવામા આવે તેવી લોક માંગણી ઉઠવા પામેલ છે.

## ભગવાન શ્રી પરશુરામજીના જન્મ જયંતિ નિમિતે રાષ્ટ્રીય પરશુરામ સેના દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

જામનગર તા.૯

આરાધ્યદેવ ભગવાન શ્રી પરશુરામજી ની જન્મજયંતિ નિમિતે રાષ્ટ્રીય પરશુરામ સેના દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં કેન્સર કેર કાઉન્સિલ, ઓસ્વાલ વેલ્ફેર ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી ગુજરાત સમસ્ત બ્રહ્મસમાજના કાર્ય સહયોગથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ઓશવાળ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ, કુંવરભાઈ ધર્મશાળા પાસે, જામનગર ખાતે, તારીખ : ૧૦-મેં-૨૦૨૪ (શુક્રવાર), સમય સવારે ૦૯ વાગ્યા થી ૧૨ વાગ્યા સુધી નિર્ધારિત કરવામાં આવેલ છે.

# શુક્રવારે વણજોયા મુહૂર્તનો દિવસ અખાત્રીજ તથા ભગવાન પરશુરામ જયંતી આ દિવસે સવારે રોહિણી નક્ષત્ર ઉત્તમ છે

વૈશાખ શુદ ત્રીજ ને શુક્રવાર તા. ૧૦-૫-૨૪ ના આખો દિવસ તથા રાત્રી અખાત્રીજ તિથિ છે આથી આ વર્ષે અખાત્રીજ ઉત્તમ રહેશે તથા અખાત્રીજના દિવસે સવાર ના ૧૦.૪૫ સુધી રોહિણી નક્ષત્ર પણ ઉત્તમ છે આ દિવસે રાત્રી ના ૧૦.૨૫ સુધી વૃષભ રાશી નો ચંદ્ર મા ઉચ્ચ રાશી મા છે આ શુભ તથા ઉત્તમ ગણાય છે આ વર્ષે ગુરુ-શુક્ર ના અસ્ત ના લીધે અખાત્રીજના દિવસે લગ્ન નુ મુહૂર્ત નથી પરંતુ વણજોયા મુહૂર્ત ના લીધે લગ્ન સિવાયના દરેક શુભ કાર્ય થઈ શકશે

વર્ષમાં ચાર વણજોયા મુહૂર્તના શ્રેષ્ઠ દિવસો ગણવામાં આવે છે, જે બેસતુ વર્ષ, ચૈત્ર સુદ એકમ, અખાત્રીજ અને દશેરા છે . આમ અખાત્રીજનો દિવસ વણજોયા મુહૂર્તનો હોવાથી આ દિવસે કરેલા કોઈપણ શુભકાર્ય નું ફળ અખંડ રહે છે. આ દિવસે જપ, તપ, દાન કરવાથી તેના પુણ્યનો નાસ થતો નથી અને જીવનમાં શાંતિ મળે છે.

આ દિવસે નવા વાહનની ખરીદી, સોના ચાંદીના દાગીનાની ખરીદી કરવી, પુજા નો સામાન, જીવન જરૂરી ચીજવસ્તુની ખરીદી કરવી, જમીન-મકાન વાહન ખરીદવા ઉત્તમ ફળદાયક છે . , સત્યનારાયણ ભગવાનની કથા .રાંદલ તેડવા . નવચંડી હવન, , સગાઈ, નવી દુકાનનું મુહૂર્ત કરવું. નવા વ્યાપારની શરૂઆત કરવી. જેવા દરેક શુભ કાર્યો માટે આ દિવસે કોઈપણ ગ્રહબળ તથા ચંદ્રબળ જોવાની જરૂર રહેતી નથી. અખાત્રીજના દિવસે પાણી ભરેલ ઘડાનું દાન દેવું તથા ગયો ને ઘાસ નાખવું ઉત્તમ ફળ આપશે અખાત્રીજના દિવસે કરેલ જપ, દાન નુ ફળ આજીવન મળે છે. તથા આ દિવસે શ્રી યંત્ર ઉપર સાકરવાળા દૂધથી ૐ મહાલક્ષ્મી નમઃ અથવા તો શ્રી સૂક્ત ના પાઠ બોલતા બોલતા અભિષેક કરવો સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થશે અખાત્રીજના દિવસે ભગવાન પરશુરામજી નુ પ્રાગટ્ય થયું હતું. આથી ભગવાન પરશુરામની પૂજા કરવી ભગવાન પરશુરામ વિષ્ણુ ભગવાનના જ અવતાર છે અને સપ્ત ચિરંજીવી માંથી એક છે. આ દિવસે ત્રેતાયુગ નો પ્રારંભ થયો હતો. અખાત્રીજના દિવસથી ચારધામની યાત્રાનો પ્રારંભ થશે અખાત્રીજનો આખો દિવસ દરેક શુભ કાર્ય માટે સારો છે. અખાત્રીજના દિવસે ભગવાન વિષ્ણુનું જળથી પૂજન કરવું શાલીગ્રામ ઉપર ચોખ્ખું જળ ચડાવીને પૂજન કરવું તવા ભગવાન સત્યનારાયણની કથા કરવાથી જીવનમાં શાંતિ મળશે તથા આ દિવસે ગાયોને ઘાસચારો નાખવો પણ ઉત્તમ પુણ્ય કારક ગણાય છે.

**અખાત્રીજના દિવસના શુભ મુહૂર્તની યાદી**

**દિવસના શુભ ચોઘડિયા**

ચલ ૬.૧૧ થી ૭.૪૯
લાભ ૭.૪૯ થી ૯.૨૭
અમૃત ૯.૨૭ થી ૧૧.૦૫
શુભ ૧૨.૪૩ થી ૨.૨૨
ચલ ૫.૩૮ થી ૭.૧૬

**બપોરે અભિજીત મુહૂર્ત. ૧૨.૧૭થી ૧.૦૯**

**રાત્રી ના શુભ ચોઘડિયા**

લાભ ૯.૫૯થી ૧૧.૨૧
સાંજે પ્રદોષ કાળનો શુભ સમય ૭.૧૬ થી ૯.૨૬

# ધોરણ ૧૨ ની પરીક્ષામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાનો ઉજળો દેખાવઃ સામાન્ય પ્રવાહનું ૯૫.૦૩ તેમજ વિજ્ઞાન પ્રવાહનું ૮૬.૪૬ ટકા રીઝલ્ટ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૪ માં લેવામાં આવેલી ધોરણ ૧૨ ની વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહની પરીક્ષાના પરિણામો આજરોજ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે દેવભૂમિ દ્વારકા જિલ્લાના પરિણામો વધુ ઉત્કૃષ્ટ આવ્યા છે. બંને પ્રવાહમાં દેવભૂમિ દ્વારકા જિલ્લો ટોપ ૧૦ માં આવ્યો છે.

સમગ્ર રાજ્યમાં ધોરણ ૧૨ ના સામાન્ય પ્રવાહના ૯૧.૯૩ ટકા પરિણામ વચ્ચે દેવભૂમિ દ્વારકા જિલ્લાના સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૫.૦૩ ટકા આવ્યું છે. જેમાં ખંભાળિયા કેન્દ્રનું ૯૫.૩૮ ટકા, મીઠાપુરનું ૯૧.૯૪ ટકા, દ્વારકા કેન્દ્રનું ૯૦.૩૫ ટકા, ભાટિયા કેન્દ્રનું ૯૪.૮૮ ટકા અને ભાણવડ કેન્દ્રનું ૯૬.૭૭ ટકા આવ્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૩ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ, ૫૧૯ વિદ્યાર્થીઓએ- ટુ ગ્રેડ, ૯૩૯ વિદ્યાર્થીઓએ બી-વન, ૯૮૭ વિદ્યાર્થીઓએ બી-ટુ, ૬૩૦ વિદ્યાર્થીઓએ સી- વન, ૨૨૭ વિદ્યાર્થીઓએ સી- ટુ અને ૧૮ વિદ્યાર્થીઓએ ડી ગ્રેડ મેળવ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે સામાન્ય પ્રવાહના ૮૦.૯૦ ટકા પરિણામ વચ્ચે આ વખતે ૧૫ ટકા જેટલો નોંધપાત્ર સુધારો થતા જિલ્લાનું શિક્ષણ સ્તર વધુ સુધર્યું હોવાનું ફલિત થાય છે.

આ સાથે સમગ્ર રાજ્યના ૧૪૭ કેન્દ્રમાં લેવામાં આવેલી ધોરણ ૧૨ ના વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓમાં બોર્ડનું પરિણામ ૮૨.૪૫ ટકા આવ્યું છે. જે વચ્ચે દેવભૂમિ દ્વારકા જિલ્લાનું પરિણામ પણ ૮૬ ટકાથી વધુ આવ્યું છે. ધોરણ ૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં એક પણ વિદ્યાર્થીએ એ-વન ગ્રેડ મેળવ્યો નથી. જ્યારે ૨૦ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ, ૫૮ વિદ્યાર્થીઓએ બી-૧, ૭૬ વિદ્યાર્થીઓએ બી-૨, ૮૬ વિદ્યાર્થીઓએ સી-૧ અને ૫૦ વિદ્યાર્થીઓએ સી-ટુ ગ્રેડ જ્યારે ૧૦ વિદ્યાર્થીઓએ ડી-ગ્રેડ સાથે જિલ્લાનું સરેરાશ પરિણામ ૮૬.૪૬ ટકા આવ્યું છે. જે સમગ્ર બોર્ડમાં પ્રથમ હરોળનું બની રહ્યું છે.

ગત વર્ષ ૨૦૨૩ ના વિજ્ઞાન પ્રવાહના ૭૧.૦૫ ટકા પરિણામ બાદ આ વખતે વિજ્ઞાન પ્રવાહમાં પણ ૧૫.૪૨ ટકાનો સુધારો આવ્યો છે. આમ, દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણાધિકારી ડો. હર્ષવર્ધનસિંહ જાડેજાના વડપણ હેઠળ તેમની ટીમની નોંધપાત્ર જહેમત સાથે સમગ્ર રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહમાં આ વખતે ૧૫ ટકા સુધીના સુધારા સાથે બંને પ્રવાહમાં નવમા નંબર સાથે જિલ્લો ટોપ ૧૦ માં રહ્યો છે.

# સમસ્ત બળવલા ગામ દ્વારા રામદેવજી મહારાજનો બાર પોહર પાટોત્સવનું આયોજન



## કાનગોપી રાસ, ટપા કીર્તન સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

પ્રાચી તીર્થ તા.૯

સુત્રાપાડાના બળવલા ગામે સમસ્ત ગામ દ્વારા રામદેવજી મહારાજ નો બાર પોહર પાટોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં આ મંગલમય અને કલ્યાણકારી પ્રસંગો માં પોહર પાટ ની રૂપરેખામાં રામદેવજીનો ધુપેડો તા.૧૦/૫/૨૦૨૪ ને શુક્રવાર જ્યોત પ્રાગટ્ય તા.૧૦/૫/૨૪ ને શુક્રવારના સાંજના સાત કલાકે,જ્યોત વિરામ તા.૧૨/૫/૨૪ ને રવિવાર સવારે ચાર કલાકે તથા આ પાટના મુખ્ય આચાર્ય ગાદીપતિ, મુખ્ય કોટવાળ ગાદીપતી મા સુરેશબાપુ, માતા માં રેખાબેન, બાલુ ભગત , નોઘણ ભગત, કુંભ સ્થાપના ના ગાદીપતિ ધીરુ બાપુ, ભગવાનભાઈ,હરતા ફરતા કોટ વાળમા બાલુ ભગત, ભગવાનભાઈ, મુખ્ય દ્વારપાળ માં સામત ભગત,પીઠા ભગત, કેસુર ભગત, સાંસ્કૃતિક કાર્યક્રમમાં કાનગોપી રાસ મંડળી પીપળીયા ગામની પ્રખ્યાત તા. ૧૦/૫/૨૪ ને શુક્રવાર રાત્રિના નવ કલાકે માધવ ગ્રુપ પીપળીયા ગામનું ભોલે સાઉન્ડના સથવારે તથા ભવ્ય ટપા કીર્તન તા.૧૧/૫/૨૪ ને શનિવાર રાત્રિના ૯: કલાકે ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવેલ છે શુભ સ્થળ બિલેશ્વર મહાદેવના સાનિધ્યમાં રાખવામાં આવેલ છે તથા મહાપ્રસાદ જ્યોત પ્રાગટ્યથી જ્યોત વિરામ સુધી અવિરત ચાલુ રાખવામાં આવેલ છે.

આતકે મુખ્ય અતિથિ વિશેષ પાધેશ્વરી આશ્રમ મટાણા ઉપવાસી મહંત કરસનદાસ બાપુ ખાસ હાજરી આપશે તો આ ધાર્મિક કાર્યક્રમ નો લાભ લેવા ભક્તગણ ને પધારવા સમસ્ત બળવલા ગામ દ્વારા સ્નેહ ભર્યું હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

(તસ્વીર : જાદવ ચુડાસમા)

# દ્વારકાધીશ જગતમંદિરમાં આવતીકાલે અક્ષય તૃતીયા મહોત્સવ ઉજવાશે



## ઉત્સવ અંતર્ગત શ્રીજીના દર્શનના સમયમાં ફેરફાર

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૯

યાત્રાધામ દ્વારકા ખાતે દ્વારકાધીશ જગતમંદિરમાં આવતીકાલ તા ૧૦ મી મે વૈશાખ સુદ-૩ (શુક્રવાર) ના રોજ અક્ષય તૃતીયાના ઉત્સવ અંતર્ગત શ્રીજીના દર્શનના ક્રમમાં ફેરફાર થયેલ છે.શ્રીજીની મંગલા આરતી સવારે ૬:૩૦ કલાકે થશે સવારે ૮ થી ૯ મંદિર બંધ (અનોસર), સવારે ૯:૦૦ થી ૧૦:૩૦ શૃંગાર દર્શન, સવારે ૧૦:૩૦ થી ૧૨:૦૦ દર્શન બંધ રહેશે. બાદમાં ઠાકોરજીની ઉત્સવ આરતી બપોરે ૧૨:૦૦ થશે અને ઉત્સવ દર્શન બપોરે ૧૨:૦૦ થી ૧:૩૦ વાગ્યા સુધી થશે. બપોરે ૧:૩૦ થી ૫:૦૦ અનોસર (મંદિર બંધ) રહેશે. સાંજના દર્શનનો ક્રમ નિત્યક્રમ મુજબ રહેશે.અક્ષય તૃતીયા ઉત્સવના દર્શનનો સર્વે દર્શનાર્થીઓને લાભ લેવા દેવસ્થાન સમિતિની યાદીમાં જણાવાયું છે.

## ખંભાળિયામાં રવિવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ખંભાળિયામાં જામનગર રોડ પર આવેલી માનવ સેવા સમિતિ સંચાલિત એલ.પી. બદીયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તારીખ ૧૨ મીના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી વિનામૂલ્યે નેત્રરોગ નિદાન-સારવાર, દંતયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પ શાંતાબેન ગુલાબરાય બદીયાણી ફાઉન્ડેશન, ગાંધી ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ તથા અક્ષય સુભાષ મોરજરીયા ફાઉન્ડેશન - મુંબઈ (હ. અજયભાઈ ગાંધી તથા પ્રદીપભાઈ ગાંધી)ના આર્થિક સહયોગથી યોજવામાં આવેલા આ કેમ્પમાં વીરનગરની જાણીતી શિવાનંદ મિશન હોસ્પિટલના ડોક્ટરોની ટીમ દર્દીઓને તપાસી, સારવાર અપાશે.

# ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં જૂનાગઢ જીલ્લાનું ૮૪.૮૧ ટકા પરીણામ

## સમગ્ર રાજયમાં જૂનાગઢ જીલ્લાનું સૌથી ઓછુ પરીણામ

જૂનાગઢ તા. ૯

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું આજરોજ પરીણામ જાહેર થયું છે. સમગ્ર રાજયનું ૯૧.૯૩ ટકા પરીણામ જાહેર થયું છે ત્યારે જૂનાગઢ જીલ્લાની વાત કરીએ તો જૂનાગઢ જીલ્લાનું ૮૪.૮૧ કંગાળ પરીણામ જાહેર થતાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ શાળા કે ટયુશન કલાસીસ પસંદગી કરતી વખતે સમજી વિચારીને પગલું ભરવાનો સમય આવી ગયો છે. છેલ્લા બે દાયકા થયા જૂનાગઢ શહેર અને જીલ્લામાં ગલીએ ગલીએ શિક્ષણ સંસ્થાઓ અને ટયુશન કલાસીસો ફુટી નીકળ્યા છે. અને ઉંચી ફી વિદ્યાર્થીઓ પાસેથી લઈ અને આકર્ષક લોભામણી જાહેરાતો આપી અને વિદ્યાર્થીઓને પોતાના તરફ વાળવાનાં અનેક પ્રયાસો કરવામાં આવે છે. અને બે દાયકાથી કહેવાતા આ ટયુશન કલાસીસનાં સંચાલકો અને શૈક્ષણિક સંસ્થાઓ વાલીઓ અને વિદ્યાર્થીઓનાં ગજવા ખાલી કરી અને બેરોકટોક પોતાની મનમાની કરે છે. અને સૌથી શ્રેષ્ઠ અમે જ શિક્ષણ આપીએ છીએ એવું કહેવામાં આવે છે. પરંતુ આજરોજ ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર થયું છે તેમાં જૂનાગઢ જીલ્લાનું સૌથી કંગાળ ૮૪ ટકા પરીણામ જાહેર થયું છે ત્યારે વાલીઓ અને વિદ્યાર્થીઓએ વિચારવાનો સમય આવી ગયો છે. દરમ્યાન આજરોજ જાહેર થયેલા સામાન્ય પ્રવાહ ધો. ૧૨નાં પરીણામમાં જૂનાગઢ જીલ્લામાં વિવિધ કેટેગરીમાં મેળવેલા ગ્રેડ આ પ્રમાણે છે. એ-૧ ૧૩૨, એ-૨ ૧૧૯૧, બી-૧ ૨૦૬૫, બી-૨ ૨૨૭૮, સી-૧ ૨૦૮૪, સી-૨ ૧૦૨૯, ડી ૧૧૬, ઈ-૧ ૨ નો સમાવેશ થાય છે.

### ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું જૂનાગઢ જીલ્લાનું ૮૫.૨૨ ટકા પરીણામ

જૂનાગઢ તા. ૯ : ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું આજરોજ પરીણામ જાહેર થતાં જૂનાગઢ જીલ્લાનું પરીણામ ૮૫.૨૨ ટકા જાહેર થયું છે. જૂનાગઢ જીલ્લામાં એ-૧ ગ્રેડ મેળવનાર ૪૩ વિદ્યાર્થી, એ-૨ ગ્રેડ મેળવનાર ૩૦૫ વિદ્યાર્થી, બી-૧ ગ્રેડ મેળવનાર ૬૨૧, બી-૨ ગ્રેડ મેળવનાર ૬૨૬, સી-૧ ગ્રેડ મેળવનાર ૫૭૧ વિદ્યાર્થી, સી-૨ ગ્રેડ મેળવનાર ૩૩૭ વિદ્યાર્થી, ડી ગ્રેડ મેળવનાર ૪૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આવતીકાલે ભગવાન પરશુરામજીના પ્રાગટયોત્સવની ઉત્સાહભેર થશે

## જૂનાગઢમાં આજે બાઈક રેલી તેમજ આવતીકાલે ભવ્ય શોભાયાત્રા યોજાશે



જૂનાગઢ તા.૯ ભગવાન પરશુરામજીના બ્રહ્મ સમાજના ઈષ્ટદેવ પ્રાગટયો મહોત્સવની જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. અને અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જૂનાગઢમાં આજે બાઈક રેલી યોજાશે તેમજ આવતીકાલે શોભાયાત્રા યોજાશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ભૂદેવોના આરાધ્ય દેવ ભગવાન પરશુરામના પ્રાગટયોત્વસની સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટ દ્વારા ઉજવણી કરાશે. મુક્તાનંદ બાપુના અધ્યક્ષસ્થાને અને ડો. મહાદેવપ્રસાદ મહેતા, મહેશગિરી બાપુ વગેરે સંતોની ઉપસ્થિતીમાં બાઈક રેલી, મહા આરતી, શોભાયાત્રા યોજાશે. ગુરૂવાર ૯ મે બપોરના ૩:૩૦ વાગ્યે સ્વસ્તિક રેસ્ટોરન્ટ એન્ડ ટી કિટલી, સાકાર રેસીડેન્સી મધુરમથી શોભાયાત્રા શરૂ થશે. બાદમાં મધુરમ મેઈન રોડ, દિપાંજલી, મોતીબાગ, સરદાર બાગ, ઝાંઝરડા રોડ, ગિરીરાજ, જોષીપરા, દોલતપરા, મજેવડી દરવાજા,ગિરનાર દરવાજા થઈ પરશુરામ ચોક ખાતે સંપન્ન થશે. અહિં મહા આરતી અને બાદમાં તમામ ભૂદેવો માટે ધાર્મિક ફાર્મમાં બ્રહ્મ ભોજન થશે. જયારે આવતીકાલે શુક્રવાર ૧૦મે એ બપોરના ૩:૩૦ વાગ્યાથી તળાવ દરવાજા સ્થિત જાગનાથ મંદિરેથી શોભાયાત્રા શરૂ થશે. વિવિધ ફલોટસ, સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટ મહિલા પાંખના બહેનોની તલવાર બાજીના દાવપેચ, ભૂદેવ બાળાઓ દ્વારા તૈયાર કરાયેલ રંગોળી લોક આકર્ષણનું કેન્દ્ર બનશે.તળાવ દરવાજાથી શરૂ થયેલી શોભાયાત્રા આઝાદ ચોક, કાળવા ચોક, સરદાર ચોક, કોલેજ રોડ થઈ ભવનાથ મંદિરે સંપન્ન થશે. અહિં તમામ ભૂદેવો માટે બ્રહ્મ ભોજનનું આયોજન કરાયું છે. કાર્યક્રમને સફળ બનાવવા કાર્તિક ઠાકર,મનિષ ત્રિવેદી, પી.સી. ભટ્ટ, વિરેન્દ્ર જોષી, પરાગ પંડ્યા તેમજ ભૂદેવોની સમગ્ર પેટા જ્ઞાતિના યુવક મંડળના સભ્યો બે માસથી જહેમત ઉઠાવી રહ્યા છે તેમ સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટના સંસ્થાપક જયદેવ જોષીની યાદીમાં જણાવાયું છે.

## જૂનાગઢ પંથકની ધરા ધ્રુજી : બે આંચકા અનુભવતા લોકો ઘરની બહાર દોડી ગયા

જૂનાગઢ તા.૯

સોરઠ પંથકમાં ફરી એક વાર આ કાળઝાળ ગરમીમાં ભૂકંપના આંચકા નોંધાયા છે. ૪ મિનિટમાં બે વખત ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. જૂનાગઢમાં ગઈકાલે બપોરના સમયે ભૂકંપનો એક આંચકો ૩.૭ની તિવ્રતાનો અનુભવાયો હતો. જ્યારે ભૂકંપના બીજા આંચકાની તીવ્રતા ૩.૪ની નોંધાઈ હતી. બુધવારે બપોરે ૩ કલાકને ૧૪ મિનિટે અનુભવાયેલા આ ભૂકંપના આંચકાની તીવ્રતા ઓછી હોવાથી આંચકાનો અનુભવ નહીવત હતોભૂકંપનું કેન્દ્ર બિંદુ તાલાળાથી ૧૩ કિલોમીટર દુર નોર્થ ઈસ્ટમાં હોવાનું સામે આવ્યું છે. જો કે ભૂકંપને કારણે અત્યાર સુધીમાં જાનમાલને નુકસાનને લગતા કોઈ સમાચાર સામે આવ્યા નથી.

જૂનાગઢ શહેર અને જિલ્લામાં આજે બપોરે ૩ વાગ્યાના અરસામાં લોકોએ ભૂકંપના આંચકાનો અનુભવ કર્યો હતો. બપોરે સવા ત્રણથી સાડા ત્રણ વચ્ચે બે આંચકા અનુભવાતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. આંચકાનું કેન્દ્રબિંદુ તાલાળા નજીક નોંધાયું હતું. જૂનાગઢ શહેરમાં ગઈકાલે બપોરે ૩ વાગ્યાને ૧૪ મિનિટે ભૂકંપનો આંચકો નોંધાયો હતો. જેની તિવ્રતા ૩.૭ રિકટર સ્કેલની નોંધાઈ છે. ત્યારબાદ ચાર મિનિટના અંતરે બીજો આંચકો નોંધાયો હતો, જેની તિવ્રતા ૩.૪ રિકટર સ્કેલનો નોંધાયો હતો. બંને આંચકાનું કેન્દ્રબિંદુ તાલાળા પાસે નોંધાયું હતું. ગઈકાલે બપોરના સમયે ભૂકંપના બે આંચકાનો અનુભવ જૂનાગઢ શહેર ઉપરાંત સાસણ પંથકના લોકોએ પણ કર્યો હતો.

## માણાવદરનાં સણોસરા, સરાળીયા અને કતકપરામાં ફેર મતદાન કરાવવા કોંગ્રેસની માંગણી

માણાવદર તા. ૯

જૂનાગઢ જીલ્લાનાં ૮૫-માણાવદર વિધાનસભાની ગત તા. ૭ મેના રોજ યોજાયેલી પેટા ચુંટણીમાં માણાવદર તાલુકાનાં સણોસરા, સરાળીયા અને કતકપરા ગામે પારદર્શક અને નિષ્પક્ષ રીતે મતદાન થયેલ નથી તેવી ફરીયાદ સાથે ૮૫-માણાવદર વિધાનસભાનાં ઈન્ડીયન નેશનલ કોંગ્રેસનાં ઉમેદવાર હરીભાઈ કણસાગરા તેમજ જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમીતીનાં મહામંત્રી વી.ટી. સીડાએ માંગણી કરેલ છે.

જૂનાગઢ જીલ્લાનાં ૮૫-માણાવદર વિધાનસભા વિસ્તારનાં માણાવદર તાલુકાનાં સણોસરા, સરાળીયા અને કતકપરા ગામે પારદર્શક અને નિશપક્ષ રીતે મતદાન થયેલ નથી. સત્તા પક્ષ ભાજપનાં ઉમેદારો તરફી તેમના મળતીયાઓ અને ગુંડાઓએ મતદારોને ધાક-ધમકીઓ આપી તેમને મતદાનથી વંચિત રાખીને તે મતદાતાઓનું મતદાન ત્યાનાં પ્રિસાઈડીંગ ઓફીસર અને ચુંટણી સ્ટાફની મહેરબાનીથી ભજપ તરફી તેમના તમળતીય શખ્સોએ બોગસ મતદાન કરી દીધેલ છે. જેના કારણે ત્રણેય ગામોમાં મતદાનની ટકાવારી વધુમાં વધુ વધેલ છે. જેથી તાત્કાલીક ચુંટણી પંચ આ રજુઆતન લોકશાહીના હિતમાં ગંભીતથી ધ્યાને લઈ વધુમાં વધુ પોલીસ બંદોબસ્ત સાથે ઉપરોકત ત્રણેય ગામોમાં ફેર મતદાન કરાવે. અને ત્રણેય ગામોમાં થયેલ મતદાનનાં દિવસના સીસી ટીવી ફુટેજ, વિડીયોગ્રાફીની સીડી આપવા ૮૫-માણાવદર વિધાનસભાનાં ઈન્ડીયન નેશનલ કોંગ્રેસનાં ઉમેદવાર હરીભાઈ કણસાગરા તેમજ જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમીતીનાં મહામંત્રી વી.ટી. સીડાએ માંગણી કરેલ છે.

## માણાવદરમાં બેફામ વાહન ચાલકે વીજ પોલ સાથે અથડાવતા ૨ વીજ પોલ




(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૯

માણાવદરમાં અજાણ્યા વાહન ચાલકે બેફામ વાહન ચલાવી ૩ વીજ પોલ સાથે અથડાવી દેતા ૨ વીજ પોલ તુટી ગયા હતા અને એક પોલ વાંકો વળી ગયો હતો. જયારે વાહન ચાલક ફરાર થઈ જતા ચકચાર ફેલાઈ છે. વીજ પોલ તુટતાં ચાલુ વીજ વાયર નીચે પોલ સાથે પડયા હતા. સદનીબે કોઈ જાનહાનીના સમાચાર નથી. એક કલાક પાવર બંધ રહેતા ચકચાર મચી ગઈ હતી. બેફામ વાહન ચલાવનાર કોણ તેની પ્રજા ચર્ચા કરી રહી છે. જો મોટી દુર્ઘટના સર્જાઈ હોત તો જવાબદાર કોણ ?

## જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં કેસર કેરીની આવકમાં થયેલ વધારો



જૂનાગઢ તા.૯

જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં કેસરી કેરીની આવકમાં ધીમે ધીમે વધારો થઈ રહયો હોય તેમ ગઈકાલે ૮૩૬૦ બોકસની આવક થઈ હતી અને બોકસના ભાવ ૧૩૦૦થી ૧૪૦૦ બોલાયો હતો.

જૂનાગઢ માર્કેટીગ યાર્ડ તારીખ ૭ મેના મતદાનના દિવસે રજા બાદ ગઈકાલે કેસર કેરીના ૮,૩૬૦ બોક્સની આવક થવા પામી છે. જેમાં બોક્સના ભાવ રૂપિયા ૧૩૦૦ થી ૧૪૦૦ રહ્યા હતા. ખાસ કરીને અથાણાની કેરીની પણ વધારે પ્રમાણમાં આવક થઈ રહી છે. જૂનાગઢ માર્કેટીંગ યાર્ડના સેક્રેટરી દિવ્યેશ ગજેરાએ જણાવ્યુ કે, હાલ તો જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં ધીમે- ધીમે કેસર કેરીની આવક થઈ રહી છે. તારીખ ૭ મે ના મતદાન દિવસે યાર્ડમાં રજા રાખવામાં આવી હતી. બાદમાં તારીખ ૮ મે ને બુધવારના યાર્ડ ખુલતા જ કેસર કેરીના બોક્સની આવક થઈ હતી. જેમાં બુધવારે ૮,૩૬૦ બોક્સની આવક સાથે હરરાજીમાં કેરીના બોક્સના ભાવ રૂપિયા ૧૩૦૦ થી ૧૪૦૦ બોલાયા હતા. ખાસ કરીને હાલમાં અથાણાની સિઝન ચાલી રહી છે. જેને લઈને માર્કેટીંગ યાર્ડમાં અથાણાની કેરીની આવક વધારે પ્રમાણમાં થઈ રહી છે. આવક સાથે વેપારીઓ અથાણાની કેરીની ખરીદી પણ વધારે પ્રમાણમાં કરી રહ્યા છે. હવે ધીમે- ધીમે કેસર કેરીની આવકમાં વધારો જોવા મળશે તેવુ યાર્ડના વેપારીઓએ જણાવી રહ્યા છે.

## વંથલી નજીક રોડ ક્રોસ કરી રહેલ વૃધ્ધાને અજાણ્યા કાર ચાલકે હડફેટે લેતા મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

વંથલી નજીક ઓઝત નદીના પુલ પાસે રોડ ક્રોસ કરતા વૃદ્ધાનું અજાણી કાર હડફેટે મોત નીપજાવી નાસી ગયાની ફરીયાદ પોલીસ દફતરે નોંધાઈ છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલીમાં રહેતા ઈમ્તિયાઝભાઈ ગફારભાઈ જેઠવાએ વંથલી નજીક ઓઝત નદીના પુલ પાસે કેશોદથી જુનાગઢ તરફ જતા નેશનલ હાઈવે રોડ પર કેરીનો થડો રાખ્યો હોય મંગળવારની રાત્રે ૯ વાગ્યે જમી લીધા બાદ તેમના માતા અમીનાબેન (ઉ.વ.૬૫)વાળાઓ એઠવાડ નાખવા માટે રોડ ક્રોસ કરી રહયા હોય દરમ્યાન અજાણી કારના ચાલકે વૃદ્ધાને હડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી કેશોદ બાજુ નાસી ગયો હતો. અમીનાબેનને ગંભીર હાલતમાં રિક્ષામાં સારવાર માટે વંથલી સરકારી દવાખાના ખાતે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે વૃદ્ધાને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માત અંગે મૃતકના પુત્ર ઈમ્તિયાઝભાઈ જેઠવાની ફરિયાદના આધાર ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સોમનાથમાં પરશુરામ જયંતી નિમિતે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન

(પ્રતિનિધી દ્વારા) પ્રભાસ પાટણ તા.૯

સોમનાથના હિરણ, કપિલા, સરસ્વતી નદીના સંગમ તટે ભગવાન પરશુરામની તપોભૂમી મંદિર આવેલું છે. જયાં જલેશ્વર, તપેશ્વર અને જમદગ્નેશ્વર મહાદેવના પ્રાચીન મંદિરો અને જલકુંડો આવેલા છે. પરશુરામ જયંતિએ મહાપુજા, ધ્વજારોહત સહિતના કાર્યક્રમ યોજાય છે તો પ્રભાસ પાટણ ગામમાં જમદગ્નેશ્વર મંદીર પણ આવેલું છે તો ગીર મધ્યે જામવાળા પાસે શીંગોડા નદી પાસેના નયનરમ્ય જમઝીર ધોધ પાસે જમદગ્નિ આશ્રમ આવેલું છે.

## જૂનાગઢ : ઝાંઝરડા ચોકડી નજીક યુવક પર ૪ શખ્સોનો હુમલો

જૂનાગઢ તા.૯

જૂનાગઢના ઝાંઝરડા ચોકડી નજીક યુવાનને બોલાવી ચાર શખસોએ હુમલો કર્યાની ફરીયાદ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીજન પોલીસ સ્ટેશન ખાતે સમીરભાઈ યુનુશભાઈ નાગોરી(ઉ.વ.૨૨) રહે.ગુલીસ્તાન સોસાયટીવાળાએ ફરીયાદમાં આરોપી તરીકે રાજપાલ મનોજભાઈ ધાંધલ, રાજદીપ ધાંધલ, મઢુલી ચા વાળો રાજુ, ફેનીલ પટેલ રહે.તમામ જૂનાગઢવાળાઓના નામો આપી ફરીયાદમાં જણાવેલ કે, આ કામના ફરીયાદી તથા તેમના મિત્ર સમીર નાગોરી બંને ફરીયાદીની એકસેસ મો.સા. નં.જીજે ૧૧ સી કે ૦૦૮૦ ની લઈને જતા હતા દરમ્યાન આરોપી રાજપાલ ધાંધલનો ફોન ફરી ઉપર આવેલ અને યુનીક હોસ્પીટલ પાસે આવેલ ડીલક્ષ પાન પાસે બોલવાતાં ફરી તથા તેમની સાથેના સાહેદ ત્યાં જતાં આ રાજદીપ ફરી.ને કહેવા લાગેલ કે તુ મને થોડા દિવસ પહેલાં કેમ ગાળો આપલ છે તેમ કહી રાજપાલએ છરી મારવા જતાં ફરી એ પકડી લેતાં હથેળીમાં ચરકો થયેલ તેમજ પાઈપ વડે મારેલ તેમજ રાજદીપએ પાઈપ વડે ફરી.ના માથાના ભાટે માર મારી ગંભીર ઈજા કરી લોહી કાઢી જેમા ફરી.ને ટાકા આવેલ તેમજ રાજુ તેમજ ફેનલ પટેલએ ઢીકાપાટુનો માર તેમજ તમામ આરોપીઓએ ફરી.ના શરીરે આડેધડ માર મારી ભુંડી ગાળો બોલી ફરી.ના મોબાઈલ ફોન તોડી નાખી નુકશાન કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## માંગરોળ નજીક અકસ્માતમાં એકનું મોત

માંગરોળ તા. ૯

માંગરોળ તાલુકાનાં સસરાલી ગામે રહેતા પરભીબેન વીરૂભાઈ સોલંકીએ વીરૂભાઈ સવજીભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદી તથા તેમના પતિ વિરૂભાઈ તથા તેમની દિકરી પુજા પોતાની હવાલાવાળી મોટર સાયકલમાં આવતા હતા તે દરમ્યાન આરોપીએ પોતાની હવાલાવાળી મોટર સાયકલ પુરઝડપે બેફીકરાઈથી ગફલત ભરી રીતે મોટર સાયકલને સ્લીપ ખવડાવી ફરીયાદી તથા સાહેદને શરીરે ગંભીર ઈજાઅ કરી તેમજ આરોપીને માથાના ભાગે ગંભીર ઈજા થતાં પતિનું મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતાં શીલનાં પીએસઆઈ એચ.વી. ચુડાસમાએ વધુ તપાસ હાથ ધરી છે.

## વિસાવદર તાલુકામા યોજાનાર સમૂહલગ્નના આયોજકો રફૂચક્કર થયા, વરઘોડીયાઓના સપના રોળાયા

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૯

વિસાવદર તાલુકામાં આવતા સપ્તાહમાં એક સમૂહ લગ્નનું આયોજન પિડાખાઈ મુકામે થવાનું હતું. પણ આયોજકો બધા નવદંપતિઓને ચૂનો લગાડી ભાગી ગયા છે.જેની વિસાવદર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.જેમા જાનકી જીવ દયા ચેરીટેબલ ટ્રસ્ટ વતીના આયોજકો, (૧) ભરતભાઈ ઉસદડીયા, રહે. બગડુ,તા.જી.જુનાગઢ (૨) મહેશભાઈ પ્રેમજીભાઈ ગજેરા, રહે. નાની પિંડાખાઈ, તા. વિસાવદર (૩) મનસુખભાઈ બાવાભાઈ વઘાસીયા, રહે.ઢેબર, તા. વિસાવદર સામે છેતરપીંડી કરેલ હોવાની ફરીયાદ કરેલ છે. કાચા જયેશ રમેશ નામના શખ્સે એવું જણાવ્યું કે તેના લગ્ન સાલવી મિનાકુમારી (રાજસ્થાની છોકરી) વાળા સાથે તા.૧૩/૦૫/૨૦૨૪ના રોજ ઉકત ટ્રસ્ટના સભ્યો સર્વ જ્ઞાતી સમુહ લગ્નનું આયોજન કરવામાં આવેલ અને જેમાં અમો લગ્ન ગ્રંથી થી જોડાવવા માટે સામેલ થયેલ અને ટ્રસ્ટના નિતી નિયમો મુજબ જરૂરી તમામ કાગળો તથા શરતોનો સ્વીકાર કરી તે અંગે ટ્રસ્ટ તરફથી નક્કી કરવામાં આવેલ ફી રૂા.૨૨,૦૦૦/- અંકે રૂપીયા બાવીસ હજાર પુરા અમોએ સમુહ લગ્ન કરવા માટે આપેલ અને તેમજ ઉકત ટ્રસ્ટ તરફથી એવુ આશ્વાસન આપવામાં આવેલ કે લગ્ન વખતે કરીયાવર તથા ભેટ સોગાદો ટ્રસ્ટ તરફથી આપવામાં આવશે અને હિન્દુ શાસ્ત્રોકત વિધી થી લગ્ન ગ્રંથી થી લગ્ન કરી આપીશુ લગ્નની નોંધણી માટે આ ટ્રસ્ટના સભ્ય શ્રી ભરતભાઈ ઉસદડીયા, રહે. બગડુ, તા. જી. જુનાગઢ વાળાને આ લગ્નની ફી પેટે રૂા.૨૨,૦૦૦/- અંકે રૂપીયા બાવીસ હજાર પુરા આપેલ અને તેમના તરફથી રકમની પહોંચ આપવામાં આવેલ પરંતુ આજરોજ ઉકત સંસ્થાની ઓફીસ વિસાવદર મુકામે જુનાગઢ રોડ ઉપર શાયોના પેટ્રોલ પંપની બાજુમાં આવેલ છે. જેમાં તપાસ કરતા આજરોજ આ ઓફીસ ઘણા સમય થી બંધ હાલતમાં છે.તેમજ આયોજકોને ફોન દ્વારા સંપર્ક કરતા મોબાઈલ બંધ આવેલ છે. આમ અનેક વખત આ બાબતે તપાસ કરવા છતા કોઈ જ પ્રત્યુતર આપવામાં આવેલ નથી અને તેમજ તેમના સગા સબંધી તથા મીત્રો મંડળને સમુહ લગ્નમાં હાજરી આપવાની જાણ કરી આપેલ હોય અને ઉકત તહોમતદારો એનકેન પ્રકારે આ રકમ ઓળવી જવા માંગતા હોય તેમની સામે કાયદેસરની ફરીયાદ કરેલ છે.